સર્વોચ્ચ લોકપ્રિયતા અને સર્વાધિક વાચકો ધરાવતું અમેરિકાના ટ્રાય સ્ટેટ ઉપરાંત શિકાગો-ટેક્ષાસ અને કેલીફોર્નિયા માંથી સર્વપ્રથમ પ્રસિદ્ધ થતું એક માત્ર ગુજરાતી નિઃશુલ્ક સામાજિક સામયિક

Gujarat Darpan
First Free Gujarati Monthly Magazine
Vol. 20 No. 8 December - 2025
Serial Issue No. 248
665 State Route 27,
Iselin, NJ 08830
732-404-0096 • 732-983-9286
Subhash Shah: 510-449-8712

આપણું ગૌરવવંતુ
ગરવી ગુજરાત

વર્ષ-૨૦ અંક-૮
ડિસેમ્બર -૨૦૨૫
માગશર-પોષ -૨૦૮૨
સળંગ અંક - ૨૪૮

ગુજરાત દર્પણ

ફોન : (૭૩૨) ૯૮૩-૯૨૮૬
WEBSITE: www.gujaratdarpan.com

FREE
TX Edition



Affordable Insurance & Financial Service

AIFS

MERRY CHRISTMAS

Our Services

- Life Insurance
- Health Insurance
- Medicare/Medicade
- Home & Auto Insurance
- Estate Planning
- Annuity
- Retirement Planning
- Employee Benefits
- 401K and More
- Long Term Care

Contact Us Today:- "Know your coverage. Own your future."

Roma Pithadiya

972-693-3315, 817-791-7666, 817-791-7707

1620 E Belt Line Rd, Carrollton, Tx-75006

www.aifsgroupbyroma.com



SINCE 1997

AARTI JEWELERS

RICHARDSON & FRISCO



MERRY CHRISTMAS

NOW OPEN

2nd Location of AARTI Jewelers

in Frisco, Texas

972-918-9933 | 945-286-8423

Pure 24KT Gold. The Lowest Price in the USA, Guaranteed!

109 South Central express way Richardson TX 75080

STAY TUNED

For More Information

aartijewelers.com

વિશેલા મોતી

૧. સારું કાર્ય ક્યારેય વ્યર્થ નથી જતા, સમય આવે ત્યારે તે ફળીભૂત થાય છે.

૨. જેવું વાવો, તેવું જ મેળવો-કર્મનો અચૂક નિયમ છે.

૩. મન શુદ્ધ હોય તો કર્મ આપમેળે પવિત્ર બને છે.

૪. કર્મના માર્ગે ચાલનારને ભયનો કોઈ સ્થાન નથી.

૫. દિલથી કરેલું સત્ય કર્મ હંમેશા દિવ્ય ફળ આપે છે.

૬. કર્મમાં શ્રદ્ધા રાખો, લક્ષ્ય સુધી પહોંચવાનો રસ્તો ખુદ બને છે.

૭. સારા વિચારો સારા કર્મને જન્મ આપે છે.

૮. કર્મ એ એવો બીજ છે જે ભવિષ્યનું વાવેતર કરે છે.

૯. ઈનામ કરતાં કર્મમાં આનંદ શોધવો સાચી સફળતા છે.

૧૦. કર્મની સુગંધ હજારો માઈલ દૂર સુધી પ્રસરે છે.

૧૧. નિષ્ઠાપૂર્વક કરેલું કર્મ જીવનને શાંતિ આપે છે.

નીના જૈન(ચોકસી) લાઈફ કોચ-દૂરદર્શન એન્કર

અનુક્રમણિકા

૦૪ તંત્રી સ્થાનેથી, સુભાષ શાહ
જાગૃત જીવન, કૌશિક અમીન
૦૫ લગ્નગીતોનું આકર્ષક અંગ-ફટાણાં.
-ડૉ. આર.પી.પટેલ
૦૬ વચ્ચે આવી રાત (૯) : પ્રિયકાન્ત પરીખ
૧૧ શ્રીમદ્ ભાગવત(૫૧) - ડૉ. અરુણા મહેતા
૧૮ શ્રી વલ્લભાચાર્ય ચરિત્ર (૨૩)-શાસ્ત્રી સ્વામી
૨૧ 'કબીરા'(૩૬), - જગદીપા પટેલ
૨૨ 'સમૃદ્ધિ જ જાણે કે જીવનનું ધ્યેય...,
- ડૉ.આર.ડી.પટેલ
૨૫ ધમ્મપદ....(૧૦),
-લે. ઋષિકેશ શરણ, અનુવાદ : હર્ષદ દવે
૩૨ સાહિત્ય દર્પણ-સુભાષ શાહ
૩૪ સોશિયલ દર્પણ - નારણભાઈ મોદી
૩૫ કવિતાઓ
૩૬ રાશિ ભવિષ્ય - પ્રિતીબેન જોશી
૩૯ બિલિપત્રના ત્રાગ.. (૧૨), - આરતી સોની
૪૦ જીવનસાથી મંચ
૪૫ 'પાણી પર રંગોળી'...., -લે. રાજુલ કૌશિક
૪૯ શબ્દ ચોરસા - સુરેશ સોઢા
૫૦ જીવનમાં કંપની તો જોઈએ જ ને!.
-ડો. હર્ષદ વી. કામદાર
૫૨ હાસ્ય દર્પણ-માસીને દો ફાંસી, શૈલેષ ત્રિવેદી
૫૩ ઈન્ડિયન ઈન્કમટેક્ષ(૪૬),
-અમીશ શાહ (સી.એ.)
૫૪ મગજ કસો - સુડોકુ..., -સુરેશ સોઢા

Planning to visit India

RT RACHNA TRAVELS

30 YEARS

Services Provided :-

- Package Tour All Over India
- Group and Family Packages
- Spiritual Tours
- Ayurvedic Treatment Package
- Hotel Accommodation
- Safari & Adventure Tours
- Package Tour Out of India

For More Information : RACHNA B. MEHTA
317, Chandralok B Building, Walkeshwar,
Mumbai - 400 006.
Ph.: +91-22-2367 4337, +91-98201 34115
tours@rachnatravels.com
www.rachnatravels.com

TAFI Incredible India FUNDI TOURISM MALAYSIA.

Season's Greetings

Happy Holidays

Puja travels
Your Travel Expert

Puja Travels Wishes You All Happy Holiday Season

CALL US NOW TO BOOK

- AIR TICKETS to INDIA & REST OF THE WORLD.
- ALL INCLUSIVE & DISCOUNTED VACATION PACKAGES.
- CRUISES & GROUP TOURS.
- WE SPEAK GUJRATI, HINDI, ENGLISH & PUNJABI .

Toll Free: 1 866 554 7852

813-344-0744, 714-522-8200 info@pujatravels.com www.pujatravels.com

Follow US

તંત્રી સ્થાનેથી

સૌને જય શ્રી કૃષ્ણ.

વિકટ પરિસ્થિતિઓનો જેમ તેમ સામનો કરી આખરે વર્ષ ૨૦૨૫ના આખરમાં પહોંચી ગયા છીએ. આ અંક આપના હાથમાં હશે ત્યારે આ વર્ષનો છેલ્લો અંક અને છેલ્લો તહેવાર ક્રિસ્તીઓનો ક્રિસમસ-નાતાલની તડામાર તૈયારીઓ અમેરિકા સહિત અન્ય દેશોમાં શરૂ થઈ ગઈ હશે. ખાસ કરીને અમેરિકામાં ક્રિસમસની ભવ્ય ઉજવણી, આંખો આંજી દે તેવી હોય છે. ક્રિસમસને ધ્યાનમાં રાખી લાંબુ વિકેન્ડ ચાલે છે. સ્થાનિક ઉપરાંતના લોકો હરવા-ફરવામાં અને આનંદ-ઉલ્લાસ કરવામાં સમય વ્યતીત કરે છે. એક અલગ પ્રકારનો માહોલ ખડો થઈ જતો હોય છે. અહીં રહેતા લોકો ક્રિસમસ ઉપર બચાવેલ પૈસાથી જરૂરિયાતમંદ બાળકોને કે જે તેમના કામમાં કે શૈક્ષણિક રીતે મદદ કરે છે. કપડાં, મીઠાઈ કે અવનવી ગીફ્ટ આપી પ્રોત્સાહીત કરી આનંદ મેળવે છે. આવું બધું કરીને એકંદરે સારી ભાવના તેમના બાળકોમાં પણ કેળવાય તેવી કામગીરી કરતા હોય છે. કોઈને કરેલી મદદ, દાન-પૂણ્ય કયારેય વ્યર્થ જતું નથી.

ભારતમાં શિયાળાની ઠંડી ધીમે ધીમે કરી જોર પકડતી જાય છે. કેટલાક રાજ્યોમાં શીત લહેરોની સાથે ઠંડીએ માઝા મુકતા ઉત્તર ભારતના રાજ્યોમાં હાડ થીજાવે તેવી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. શિયાળો આવતા લોકો સ્વાસ્થ્ય માટે વિવિધ કસરતો ઉપરાંત ખાવા-પીવાની ચીજવસ્તુઓમાં જેવી કે, અડદીયાપાક, ગુંદરપાક, તલના કચ્ચરીયા અને શરીરને ગરમાવો આપતી ખાદ્યચીજોનો ભરમાર બજારમાં ઉભરાવા લાગ્યો છે. શિયાળાની ઋતુ શારીરિક સ્વાસ્થ્ય માટે ખુબ સારી છે. હજુ તો બરફ પડવાનો શરૂ થયો નથી. ડિસેમ્બરથી હાડ થીજાવી દે તેવી ઠંડીનો ચમકારો ફેબ્રુઆરીના અંત સુધી ચાલશે ત્યારે ખરી ઠંડીનો અહેસાસ થશે. હાલ તો ફુલગુલાબી ઠંડીમાં રોજિંદી કામગીરી સાથે ખાવા-પીવાની લોકોને મજા પડી ગઈ છે.

ભારતના રાજકારણમાં ફેરબદલની પ્રક્રિયા સમયાંતરે થતી જ રહે છે. તાજેતરમાં બિહારમાં એનડીએની સરકારે સત્તા હાંસલ કરી, નીતિશકુમારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે દસમી વખત શપથગ્રહણ કરી સત્તાનો દોર પોતાના હાથમાં લઈ લીધો છે. બિહારના પરિણામોએ સૌને આંખો ઉઘાડી દીધી છે. શામ,દામ,દંડ,ભેદની નીતિ સામે લોકશાહીનો વિજય થયો છે. લોકોએ ચાહીને નીતિશકુમાર અને તેમના સાથી પક્ષોને ભારે બહુમતીથી જીતાડી પોતાનો મત બતાવી દીધો છે. પ્રજા જાગૃત થતા ગંદા રાજકારણનો તખ્તો પલટી નાખ્યો છે. હાલમાં કેન્દ્ર સરકારે SIR ની કામગીરીમાં કડક કાર્યવાહી કરી અમલ શરૂ કરી દેતા આવનારી પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ચૂંટણીના સમીકરણો બદલાઈ જાય તો નવાઈ નહીં કહેવાય. એકરીતે સરકારની આ કામગીરી બહુ પહેલા કરવા જેવી હતી. પરંતુ આ સમય પણ અયોગ્ય તો નથી જ. ભારત દેશની જે રીતે કાયાપલટ થઈ રહી છે તેમાં પ્રજાજનોનો પણ બહુ મોટો સાથ અને સહયોગ સાંપડયો છે.

ગુજરાતી ફિલ્મ 'લાલો' જે રીતે સફળતા પામી રહ્યું છે તે જોતાં એવું લાગે છે કે ઈશ્વર હજુ પણ આપણી વચ્ચે જ કયાંક છુપાયો છે. આ ફિલ્મમાં કંઈ ખાસ એવું તો નથી, પરંતુ આ ફિલ્મએ લોકોને ખુબ ઘેલું લગાડયું છે. ગીતાજીના બે શ્લોકનું મહાત્મ્ય આ ફિલ્મનું જમા પાસું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હજુ પણ એક વર્ગ એવો છે કે ફિલ્મોમાં આવી કથા-વાર્તાને પસંદ કરે છે. આમ જોઈએ તો ગુજરાતી ફિલ્મો અર્બનના ઓથા હેઠળ રજુ થતી ફિલ્મોમાં કોઈક જ 'લાલો' જેવી ફિલ્મો ચાલી જાય છે. જે કરોડો રૂપિયા નિર્માતાને કમાઈ આપે છે. આ ફિલ્મે રેકોર્ડ બ્રેક કર્યો છે. હજુ પણ આ ફિલ્મ થિયેટરમાં ચાલી રહી છે અને રૂપિયાની ટંકશાળ પાડી રહી છે. આવી સુંદર ફિલ્મો હજુ પણ સમાજને બેઠો કરવામાં મદદરૂપ બની શકે છે. જય શ્રી કૃષ્ણ. અસ્તુ

જાગૃત જીવન

મારા લખાણો, યુ-ટયુબ, રેડિયો પર કે સંસ્થાઓમાં વાર્તાલાપ કે અન્યત્ર પ્રવચનોમાં સાંપ્રત ઘટનાઓની, નિષ્પક્ષ ને સારી કે કડવી વાસ્તવિકતાઓને રજુ કરતો રહું છું. સામાન્યતઃ રાજકીય, સામાજિક કે જાહેરજીવનની પ્રતિભાઓની કે સંસ્થાઓની સારી નરસી બાબતોની છણાવટ નુકતેચીની સાથે કરું છું. ઘણી બધી વાર સારી વાતોની સરાહના કરું તે બધાંને ગમે છે, પરંતુ તેમની મર્યાદાઓ કે અજુગતી બાબતોની વાત કરું ત્યારે મોટાભાગનાને અણગમો થાય છે! આ વાચકો કે દર્શકો-શ્રોતાઓને મારી રજુઆતો જરૂરથી વધુ પડતી લાગે છે. સામાન્યતઃ લોકોની અપેક્ષાઓ તેમને ગમતી વાત પૂરતી જ મર્યાદિત હોય છે. આમ થાય છે ત્યારે તેમનો પ્રજ્ઞાજનિત અહોભાવ હું નીરખી શકું છું. એ લોકોને મારી વાત અને હું ગમતો રહું છું. પરંતુ મહદ્ અંશે મારો સ્વભાવ આખાબોલા તથા આકરી ટીકાટિપ્પણીનો હોઈ આ લોકોને ગમા કરતાં મારા માટે અણગમો વધુ હોય છે.

મારા મતે પ્રશંસા તો સર્વસત્તાધીશ પ્રભુને પણ ગમે છે. આપવડાઈ એ આપણી ભૂતકાળની સિદ્ધિઓનાં બણગાં ફૂંકવા જ થાય છે! ઇતિહાસ આપણું રાષ્ટ્રીય ચરિત્ર બની ચૂક્યું છે. તથા કથિત સ્વીકૃતિ કે સિધ્ધાંતો આપણે વિસારે પાડી શકયા નથી, પરંતુ તેમાં આપણે પરિવાર કે સમાજને સહભાગી બનાવીએ છીએ ખરા? બસ, મારો માહોલ, મારી સફલતા સુવાંગ મારાં જ રહેવાં જોઈએ! આ એક લઘુતાગ્રંથિથી આપણે ઘેરાયેલા રહીએ છીએ. બધાંને રાજી રાખવા જતાં પોતાને નારાજ કરતા હોઈએ છીએ. મીઠાબોલા શરૂઆતમાં ગમે, પરંતુ સત્ય જયારે ઉજાગર થાય ત્યારે તેવાને સહન કરવો મુશ્કેલ બને છે. ત્યારે પેલી કડવી વાસ્તવિકતાના ચિતાર આપતો, તડ અને ફડ કરનાર માણસ યથાર્થ લાગતો હોય છે. મીઠાબોલા થોડા સમય માટે ગમી જાય, નભી જાય, પરંતુ તેનાથી સ્વજનોને સદૈવ રાજી રાખી શકીએ નહીં.

ખરેખર તો પ્રેમની જેમ જ લાગણીઓ નિઃસ્વાર્થ ને બીનશરતી હોય ત્યારે જ કડવું સત્ય અર્થસભર બને છે. કોઈકને રાજી રાખવા ખુશામત કરો છો તે તો લાગણીવિહીન શબ્દોનો વ્યભિચાર માત્ર છે. પ્રશંસા કે ખુશામતના ભેદ હરકોઈ માપી શકતા નથી.

કયારેક આપણે અંતરનો ખાલીપો ભરવા શબ્દોનું આવરણ શોધતા રહીએ છીએ. સત્ય બોલો, પ્રિય બોલો, હંમેશા પ્રાસંગિક નથી હોતું. શબ્દોની અતિશયોક્તિ ભાટાઈ માત્ર છે. વજૂદનું તેમાં વજન નથી. આવી સિદ્ધિઓની વાત નમ્રતાથી થાય તે સ્વીકાર્ય છે, પરંતુ સ્વપ્રશસ્તિની આહલેક જગાવતા રહીએ ત્યારે તમે તમારી જાતને છુપાવી શકો. પરંતુ ત્યારે આપનામાં તમારો ચહેરો જ તમને હંમેશાં ઓળખી જાય છે! -કૌશિક અમીન

ૐશ્રી ગણેશાય નમઃ શ્રી કૃષ્ણાય નમઃ

Gujarat Darpan

First Free Monthly Magazine

OFFICE

665 State Route 27, Iselin, NJ 08830

Tel. : (732) 404-0095 / 732-983-5256

Fax : (732) 404-0595

Email: gujaratdarpan@gmail.com

Subhash Shah : (732) 875-8688

Kalpesh Shah : (732) 404-0096

www.gujaratdarpan.com

CGujarat Darpan

Account Executives

Tejal Shah: (732) 983-9286

Public Relation

Kaushik Amin : (201) 936-4927

Shailesh Trivedi (732) 766-3905

Honorary Writers

R. D. Patel: (908) 298-0465

Nilesh Rana: (215) 493-1906

Navin Vibhakar: (941) 721-4499

Dr. R. P. Patel: (732) 799-9163

Pravin Shastri:

Surendra Gandhi : (732) 866-9235

INDIA

Suresh Sodha : 94287 99812

CALIFORNIA

Subhash Shah : (510) 449-8712

Natu Patel : 818-430-6950

Harshad Shah : 714-310-2724

C. B. Patel : 408-218-6816

TEXAS :

Subhash Shah : 510-449-8712

CHICAGO

Jayanti Oza : 630-956-4106

Dhansukhbhai

ATLANTA-GEORGIA

Subhash Pandya

Advertising Agent

Kalpesh Shah : (732) 983-9286

Balkrishna Shukla : (732) 397-2871

bshukla1@yahoo.com

Photographer

Tinu Bhatt : (732) 516-1709

Cartoonist

Mahendra Shah : 412-299-2333

Distributor

Subhash Sharma :718-971-3219

ગુજરાત દર્પણ વિષયક સામગ્રિ છે. તેમાં આવતા લેખ લેખો તેમજ વિજ્ઞાપન લખે તેમાં તેમજ પ્રકાશક આમાંથી કે તેમ માનવું નહિ. તેમજ તે માટે કોઈપણ જવાબદારી આવતી લેવી નહી.

Any claims made by the advertisers or writers/contributors are their own. Not endorsed by Gujarat Darpan, Bhagyoday Printers and it's owner and they are not responsible for any of that.



લગ્નગીતોનું આકર્ષક અંગ-ફટાણાં

- ડૉ. રમણભાઈ પી. પટેલ-આણંદ
(૭૩૨)૭૮૮-૯૧૬૩, વિસ્કાટવે
+૯૧ ૯૮૨૫૮ ૫૦૩૪૮

જન્મ, લગ્ન અને મૃત્યુ એ માનવજીવનના સોળ સંસ્કારો પૈકી ત્રણ મહત્વના પાયા છે. આ ત્રણ પ્રસંગોમાં લગ્ન પ્રસંગ અન્યથી જુદો તરી આવતો વિશિષ્ટ સંસ્કાર છે. કારણકે, જન્મ અને મૃત્યુ તો આ ધરતી પરનાં સર્વ જીવો માટે સમાન છે. પરંતુ, લગ્નસંસ્કાર કેવળ માનવજાતિમાં સંભવિત છે. એનું બીજું કારણ એ પણ છે કે, મનુષ્ય જન્મે છે ત્યારે તેની ખુશાલીનો આનંદ જન્મનાર નહિ, પણ એનાં સ્વજનો માણે છે, એવી જ રીતે મરનાર વ્યક્તિ પોતાના મૃત્યુનું દુઃખ અનુભવી શકતો નથી, પણ એની પાછળ સ્વજનો-સ્નેહીઓ દુઃખનો અનુભવ કરે છે. માટે માનવજાતિના વિશિષ્ટ લગ્નસંસ્કારમાં પરણનાર ઉપરાંત પરણાવનાર વ્યક્તિઓ-કુટુંબ-સમાજ સમગ્ર લગ્નના આનંદ-ઉલ્લાસમાં સહભાગી થઈ શકે છે.

લોકજીવન અને લોકસંસ્કૃતિનું દર્શન કરાવતા લગ્ન પ્રસંગમાં વિવિધ વિધિ વખતે ગવાતાં લગ્નગીતો તથા ફટાણાં એક ધ્યાનપાત્ર-આકર્ષક અંગ છે. તેમાં ફટાણાં, તેના વિલક્ષણ સ્વરૂપને લીધે તથા તેમાં હાસ્ય-કટાક્ષ સાથે વિશેષે મજાક-મશ્કરી-ટીખળના ભાવ નિરૂપાતા હોવાથી, લગ્નમંગલ અવસરને નારી સમૂહ લગ્નગીતો ગાઈને આનંદ-ઉલ્લાસ વ્યક્ત કરે છે. અલબત્તા, ફટાણામાં અશિષ્ટતા પ્રવેશતાં ભદ્રવર્ગમાં ગવાતાં બંધ થયાં છે. છતાં, સમાજના નીચલા થરના વર્ગોમાં લગ્નપ્રસંગે હજી યે ફટાણાં ગવાતાં જોવા મળે છે.

'ફટાણું' શબ્દની વ્યુત્પતિ 'ફટ' પરથી થયેલી હોવાથી તેનો અર્થ થાય-'મશ્કરીપાત્ર અશિષ્ટ બોલ' સ્ત્રીના મુખમાંથી નીકળતા ભૂંડા તિરસ્કારપાત્ર બોલ, જે લગ્નગીતમાં હોય તે ફટાણું કહેવાય! લગ્નપ્રસંગે વર-કન્યા અને બંને વેવાઈ પક્ષનાં સ્ત્રી-પુરૂષોને પરસ્પર ઉદ્દેશીને મજાક-મશ્કરીભર્યા ગવાતાં લગ્નગીતોને ફટાણાં કહેવાય છે. જેમાં વેવાઈ-વેવાણ વર-કન્યા, અણવર, જાનૈયા, ગોર મહારાજ, બંને પક્ષનાં સગાં-સંબંધીઓની તેમજ ઉતારા, ભોજન, રૂઢિ-વિધિ વગેરેની હાસ્ય-કટાક્ષ સાથે મજાક-મશ્કરી કરાય છે.

> લગ્નવિધિ પ્રસંગે ગવાતાં ફટાણાં આપણા લગ્નવિષયક વિધિનિષેધ, રીતરિવાજો, રૂઢિઓ, લગ્નપ્રથા, સંસાર વ્યવહાર વગેરેનું મજાક-મશ્કરી-ટીખળના હાસ્ય-કટાક્ષસભર ભાવ સાથે તત્કાલીન લોકજીવન અને લોકસંસ્કૃતિનું યથાર્થ સમાજદર્શન કરાવે છે.

ગુજરાતમાં પ્રચલિત ફટાણામાં લગ્નપ્રસંગનાં આનંદ-ઉલ્લાસ, મજાક-મશ્કરી ઉપરાંત અનેક વિચિત્ર સામાજિક રૂઢિઓ, વિધિનિષેધનું આછેરું પ્રતિબિંબ ઝિલાયું છે. લગ્નપ્રસંગની પ્રારંભિકવિધિ-ગણેશ સ્થાપના વગેરે.થી માંડી કન્યા વિદાય સુધીના તમામ પ્રસંગવિધિ પર ગવાતાં ફટાણાંમાં વરપક્ષ અને કન્યાપક્ષની સ્ત્રીઓ પરસ્પરને લક્ષ્ય કરી ઉપહાસી ફટાણાં ગાઈને હાસ્યસભર મજાક-મશ્કરી કરે છે તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ:-

ઉકરડીની સ્થાપનાવિધિ પ્રસંગે વરપક્ષને લક્ષ્ય કરી કન્યાપક્ષની સ્ત્રીઓ આવું ફટાણું ગાય છે:

'માધુભાઈ મુંબઈ શહેર ગ્યા'તા, મજાનો કેવડો રે
ત્યાંથી ખત્રણ પરણી લાવ્યા, મજાનો કેવડો રે,
ઝુમણાં ખત્રાણને પહેરાવે, મજાનો કેવડો રે,
રતનવહુ રહરહ રુવે, મજાનો કેવડો રે!'

તો વરપક્ષની સ્ત્રીઓ વહુને ઉદ્દેશી આવી મજાક ઉડાવે છે :

'પહેલી પીઠી ચડશે રે, મારા રમણભાઈને,
ઉતરતી તે ચઢશે રે, પેલી છોરીને!
ગળતી કેરી ખાશે રે, મારા મનુભાઈ
ગોટલો, છોડીયું ચૂસશે રે, પેલી છોરી રે!'

વરરાજા પરણવા લગ્નમંડપમાં પ્રવેશે ત્યારે કન્યાપક્ષની સ્ત્રીઓ વરરાજાની મશ્કરી કરતાં ઉપરાઉપરી અનેક ફટાણાં ગાય. જેમકે :-

'અલ્યા, છોરા રે! તું ત્યમ પીળો પચ?
તારી માએ ખાધી હળદર રે,
હળદર ખાઈને જન્મ્યો રે, તેમાં પીળો પચ?'
ક્યાંથી આવ્યો? ક્યાંથી આયો રે, અલ્યા,
બાવળના ઘડ જેવો ક્યાંથી આયો રે..'

000

'છોરો આવડો મોટો તેં ક્યાં રાખ્યો'તો,
એની માએ કોઠીમાં પૂરી ને રાખ્યો'તો..'

કન્યાપક્ષની ટિખળનો ભોગ અણવર, જાનૈયા, ગોર મહારાજ પણ બને:-

'વર! તારો અણવર, આંખે બાડો ને નાકે ચીબો રે કેમ?'
'ગાડીમાં ભર્યા ચોખા જાનૈયા બધા બોખા,
ગાડીમાં ભર્યું ખજૂર, જાનૈયા બધા મજૂર.'
'ગોર તારું નળિયા જેવું નાક, ગોર તારું ગોળી જેવું પેટ, ગોર સટપટિયા,'

કન્યાના બાપ તરફથી જાનને ઉતારા-ભોજનની બરાબર વ્યવસ્થા ન હોય તો કન્યા પક્ષની સ્ત્રીઓ ફટાણા દ્વારા કટાક્ષ કરે :-

'વેવાઈ તારું નાક વઢાપું, જાન ભૂખી જાય જો!
ખારી કૂઈનાં પાણી પાયાં, ખરે બપોરે કાઢયાં જો!
ભૂખે માર્યા, ભોંય સૂવાડયાં, ચાંચડીએ ચટકાવ્યાં જો!'

લગ્નવિધિને અંતે વર-કન્યાની કંસાર જમવાની વિધિ પ્રસંગે પરસ્પરની મજાક-મશ્કરી કરતાં ફટાણાં ગવાય છે :-

'લાડો લાડી જમે રે કંસાર, લાડીને કંસાર ના ભાવે રે,
લાડો ડૂચે ડૂચે મંડ્યો રે, લાડો કાળમાંથી આયો રે!'

000

'લાડી લાડો જમે રે કંસાર, લાડીની માડી ટળવળે રે,
માડી તું તો પરણી છે કે નહીં, કંસાર નવ સાંભરે રે?'

કન્યા વિદાયના કરૂણ ગંભીર પ્રસંગને પણ, વર અને કન્યા પક્ષની સ્ત્રીઓ દ્વારા સામસામે ગવાતાં ફટાણાં હળવો હાસ્યરસિક બનાવે છે :-

'તારાં ઢીંગલા પોતિયાં લેને, લાડી-ચાલ હવે વહેલી
તારો ભાઈ ભઠિયારો રે, તારી માસી માછણ રે!'

000

'આવ્યો આવ્યો ચોટેડાનો ચોર, લાખેણી લાડી લઈ ગયો રે!
આવ્યો આવ્યો રે નગર ધૂતારો, લાખેણી લાડી લઈ ગયો રે!'

અને અંતે... વરરાજા સાથે કન્યા સાસરે પધારે ત્યારે કન્યાની નણંદો અને વરપક્ષની અન્ય સ્ત્રીઓ, કન્યા વીંઝણો ન લાવી હોય તો, તેનું ફટાણાંથી પોંખણું થાય.

'આ શા ઉનાળાના દા'ડા, છોડી વીંઝણો શેં ના લાવી?
તારી માને ઘરાણે મેલ્યુ છોડી વીંઝણો શેં ના લાવી!'

આમ, ગણેશ સ્થાપનથી માંડી કન્યાવિદાય અને ગૃહ પ્રવેશ સુધીની લગ્ન-વિધિ પ્રસંગે ગવાતાં ફટાણાંથી સમગ્ર લગ્ન પ્રસંગ અને લોકસાહિત્યમાં સ્થાન પામેલાં લગ્નગીતોની સાથે ફટાણાં પણ આપણા લગ્નવિષયક વિધિનિષેધ, રીત-રિવાજો-રૂઢિઓ, લગ્નપ્રથા, સંસાર વ્યવહાર વગેરેનું, મજાક-મશ્કરી-ટીખળના ભાવ સાથે તત્કાલીન લોકજીવન અને લોક સંસ્કૃતિનું યથાર્થ દર્શન કરાવે છે. અલબત્ત, તેમાં સ્થૂળતા, ગ્રામ્યતા, અશિષ્ટતા, અશ્લીલતાનું તત્વ ઘણીવાર પ્રવેશી જતાં ફટાણાં હવે લગ્નપ્રસંગ-લોકજીવન-લોકસંસ્કૃતિમાંથી વિસરાતાં જાય છે.

આમ છતાં ધર્મ-ઉપદેશપ્રધાન પ્રાચીન સમાજ જીવનમાં આનંદ-ઉલ્લાસનું લગભગ સુકૃવણું હતું ત્યારે આખ્યાન, પદ્યવાર્તા જેવો સાહિત્યસ્વરૂપોની સાથે લગ્નગીત અંતર્ગત ફટાણાંએ પણ જીવનનો આનંદ ઉલ્લાસ વ્યક્ત કરવામાં મહત્વનું પ્રદાન કર્યું છે. ઉપરાંત, આપણા લોકજીવન-લોકસંસ્કૃતિ-લોકસાહિત્ય તથા તત્કાલીન સામાજિક સ્થિતિના સમગ્રદર્શી અભ્યાસ માટે તે ક્ષેત્રના અભ્યાસીઓનો પણ આ વિસરાતી વિરાસત ફટાણાંનો અભ્યાસ ઉપકારક નીવડે છે.



વચ્ચે આડી રાત

ભાગ - ૯ (પ્રકરણ : ૯)

પ્રિયકાન્ત પરીખ

નિર્જન અરણ્યમાંથી પસાર થતો મુસાફર રૂપ રૂપના અંબાર જેવી સ્ત્રી જૂએ અને એને વનદેવી કે ભૂલી પડેલી કોઈ અપ્સરા માની, અચંબાથી સ્તબ્ધ બની જાય એવી દશા પ્રકાશ અને સત્યેનની થઈ.

પ્રવેશદ્વાર પર ઊભેલી યુવાન અને સુંદર સ્ત્રીએ સૂચક રીતે સ્મિત વેરતાં ફરી પૂછ્યું, 'યસ, હુમ ડુ યૂ વોન્ટ?' કિસકા કામ હૈ?'

પ્રકાશે સ્વસ્થતા પ્રાપ્ત કરતાં કહ્યું, 'સા'બ કો મિલના હૈ.

'અર્જુનસિંહ કો?' પેલી યુવતીએ પૂછ્યું, 'ક્યા કામ હૈ?'

'હમે મિલના હૈ.'

'અર્જુનસિંહ નામની શરૂઆત 'એ'થી થાય છે. આવી રહસ્યમય જગ્યાએ રહેતા અર્જુનસિંહને ગોપીના અપહરણ સાથે સંબંધ હોઈ શકે?' સત્યેનના ચિત્તમાં વિચાર ઝબક્યો.

'અર્જુનસિંહ બહારગામ છે. તમે લોકો ક્યાંથી આવો છો?' યુવતીએ પૂછ્યું.

'બોમ્બે'થી પ્રકાશે રાહત અનુભવી, 'ખૂબ ઈમ્પોર્ટન્ટ કામે એમના ખાસ માણસે મોકલ્યા છે.'

'અનવરે?'

પ્રકાશ ચમકયો, છતાં, ચમકને હાસ્યના આવરણ નીચે છૂપાવતાં બોલ્યો, 'જી, અનવરે!'

'અનવરમાં પણ 'એ' અક્ષર આવે છે.' સત્યેને મનોમન મૂંઝવણ અનુભવી, 'આકાશ... અર્જુનસિંહ... અનવર...બધાંના નામોની શરૂઆત 'એ' અક્ષરથી થાય છે? 'એ'ની રફતાર ક્યાં જઈને અટકશે?'

> હું મજાકને સમજી શકું છું. બરદાસ્ત પણ કરી શકું છું, પણ આ માહોલ કેટલો ભયંકર છે તેનો ખ્યાલ હું તમને આપું છું, જેટલું હું જાણું છું એટલું કહેવાનો ધર્મ બજાવું છું જેથી આ ફરજપરસ્ત ઈન્સ્પેકટરને કોઈ દિશાસૂચન મળી રહે. જોકે, આ બધાનો અંજામ હું જાણું છું.

'શું નામ છે તમારા બંનેનું?'

'મારું નામ કાર્તિક અને મારા ફ્રેન્ડનું નામ કમલ.' વાતચીતનો દોર પ્રકાશ સંભાળતો હતો. અલબત્ત, વાતો હિન્દીમાં થતી હતી.

યુવતી ખડખડાટ હસી પડી, 'બંને ખાસ ફ્રેન્ડ લાગો છો. નામ પણ એક જ રાશિનાં પાડયાં છે! આવો, અંદર આવો, બંને દોસ્તો.'

પ્રકાશ અને સત્યેન બંગલા ટાઈપ જૂના મકાનમાં આશ્ચર્ય અનુભવતા દાખલ થયા.

બહારથી જૂનું લાગતું મકાન અંદરથી તમામ અદ્યતન સુવિધાઓ ધરાવતું હતું.

યુવતીએ બંનેને ડ્રોઈંગરૂમમાં બેસાડયા અને બારણું બંધ કરી દીધું.

સત્યેને પ્રકાશ સામે જોયું. પ્રકાશે 'ડોન્ટ વરી' એવો ભાવ સૂચવતો ઈશારો કરી દીધો.

યુવતીએ બંનેને ઠંડા પાણીના ગ્લાસ આપ્યા.

'નો, થેન્ક યૂ' પ્રકાશે કહ્યું, 'તરસ નથી.'

સત્યેને પણ ગ્લાસ મોઢે ન માંડયો.

'ડરશો નહીં કેફી પદાર્થ નાખી તમને બેભાન બનાવી લૂંટી નહીં લઉં. તમારી વાતચીત પણ ટેપ નહીં કરી લઉં. હું તમારી દુશ્મન નથી' યુવતીએ કહ્યું.

સત્યેન અને પ્રકાશને આ યુવતી વધુ ને વધુ રહસ્યમય લાગતી હતી. વગર પિછાણે 'અર્જુનસિંહ... અનવર' એવાં નામો બોલી જનાર આ યુવતી શરૂઆતમાં બેવકૂફ લાગેલી.

'ના, ના, એવો કોઈ ડર નથી.' સત્યેન બોલ્યો.

યુવતી હસી, 'સજ્જન માણસો વધુ ડર અનુભવતા હોય છે અને હું સારી રીતે જાણું છું તમે ખૂબ સજ્જન છો. અરે, હા શું કહ્યું તમારું નામ?' અને સત્યેન સામે જોયું.

'કમલ' સત્યેને કહ્યું.

'હું સાચું નામ પૂછું છું. આ અરસામાં પાડેલું 'નિકનેમ' નથી પૂછતી.' યુવતીનો ચહેરો ગંભીર બન્યો. સ્વર તેજ બન્યો.

'એટલે?' સત્યેન ચોંકયો. પ્રકાશે પણ ચમક અનુભવી.

'મિ. કમલ ઉર્ફે સત્યેન દલાલ, હું સારી રીતે જાણું છું કે તમે દિલ્હીના મોટા બિઝનેસમેન છો. ચાણકયપુરીમાં તમારી ઓફીસ છે-'સત્યેન ઈલેકટ્રોનિકસ,' રાઈટ?'

સત્યેનને પસીનો વળી ગયો, 'તમે, તમે, મને ક્યાંથી ઓળખો?'

'એર-કન્ડિશનર ચલાવું? તમને કેટલો પસીનો વળી ગયો છે!' સ્વિચ દાબતાં યુવતીએ કહ્યું, 'અને મિ. કાર્તિક, તમને પણ સારી રીતે ઓળખું છું. તમે દિલ્હીના એક ફરજપરસ્ત પોલીસ ઈન્સ્પેકટર છો. તમારા નામથી અંધારી આલમના ગુંડાતત્વો થરથરે છે. વરદી નથી પહેરી એટલે તમે એમ માનો છો કે, હું તમને કાર્તિક માની લઈશ?' યુવતી હસી, 'મિ.પ્રકાશ, રાઈટ?'

'તમે અમને કેવી રીતે ઓળખો?' સત્યેન મૂંઝાયો.

'મેં કહ્યું હતું ને, હું તમારી દુશ્મન નથી. હવે તો પાણી પીશો ને? હું પણ દિલ્હીની છું.'

'હા' પ્રકાશે કહ્યું.

પ્રકાશ અને સત્યેન બબ્બે ગ્લાસ ગટગટાવી ગયા-

'તમારું નામ?' સત્યેને પૂછ્યું.

'અમોલા. હું દિલ્હીની છું. તમારી ઓફિસમાં કામ કરતી યામા અને હું કોલેજ-મેટ હતા. યામા તમારી ખૂબ પ્રશંસા, એના હેન્ડસમ બોસ' તરીકે કરતી હતી. એક મેરેજ-પાર્ટીમાં યામાએ એના શ્રીમંત અને સજ્જન બોસ તરીકે દૂરથી તમને બતાવેલા. તમારી આસપાસ ઘણી વ્યક્તિઓ હતી એટલે યામા પ્રત્યક્ષ ઈન્ટ્રોડકશન નહોતી કરાવી શકી. ઈન્સ્પેકટર પ્રકાશની તારીફ તો ખૂબ સાંભળી હતી. એકવાર બે-ત્રણ ફ્રેન્ડઝ સાથે 'કોનોટ પ્લેસ' પુલિસ-સ્ટેશનની બહાર તમને જોવા પણ ઊભા રહ્યાં હતાં. છાપાઓમાં પણ તમારી તસવીરો ઘણીવાર જોઈ હતી.

'પણ તમે અહીં ક્યાંથી? અર્જુનસિંહ અને તમે...?' સત્યેને પૂછ્યું, અને મનમાં બોલ્યો, 'અમોલામાં પણ 'એ'?'

'ના, એ મારો કોઈ નથી. હું મારી મમ્મી અને નાના ભાઈ સાથે સિમલા ગઈ હતી. ત્યારે છ માસ પહેલાં એ મને ધમકી આપી અહીં ઉઠાવી લાવ્યો હતો, 'જો, તું અહીંથી નાસી છૂટીશ તો તારા આખા ખાનદાનને પાયમાલ કરી નાખીશ.' હું સારી રીતે જાણું છું કે અર્જુનસિંહ ખૂબ ખતરનાક માણસ છે. એ મારી વિધવા મમ્મી અને ભાઈનો એક જ ઈશારે ખાતમો બોલાવી શકે એમ છે. અર્જુનસિંહ મારા પર મુગ્ધ છે. એ મારી સાથે લગ્ન કરવા ઈચ્છે છે. મારી ખૂબસુરતીને લીધે કેરિયર તરીકે મારો ઉપયોગ કરવા ઈચ્છે છે, પણ છ માસ તો હું યુક્તિપૂર્વક એને ટાળતી રહી. હવે મેં આપેલી મુદત ત્રણેક મહિના પછી પૂરી થશે. પછી મારી દશાનો મને ખ્યાલ નથી.' અમોલાએ વિષાદથી કહ્યું. તેનું આખું સ્વરૂપ જાણે બદલાઈ ગયું હતું.

'તમે એને કેવી રીતે દૂર રાખ્યો?' સત્યેને પૂછ્યું.

'ખરાબ ધંધામાં પડેલા માણસો શુકન-અપશુકનમાં મંત્ર-તંત્ર અને જ્યોતિષવિદ્યામાં વધુ માનતા હોય છે. મેં અર્જુનસિંહને પ્રેમથી ભરમાવ્યો કે, હું

પણ એના જેવા મર્દ અને શ્રીમંત પુરુષને પસંદ કરું છું. લગ્ન કરવા પણ તૈયાર છું, પણ મારા જન્માક્ષર મુજબ અને કુળદેવીના વ્રત મુજબ તેવીસ વર્ષ પૂરા થયા પછી જ એની સાથે લગ્ન કરી શકીશ. ત્યાં સુધી જો એ મને સ્પર્શ સુધ્ધાં કરશે તો હું આત્મહત્યા કરી નાખીશ, માનશો? અર્જુનસિંહ મારા પર એટલો બધો મુગ્ધ છે કે એણે આજ પર્યંત મારો સ્પર્શ સુધ્ધાં કર્યો નથી. એ મુદત પુરી થવાની રાહ જૂએ છે. અર્જુનસિંહ માટે એટલું જરૂર કહીશ કે એને પૈસાનો હડકવા લાગ્યો છે, શરાબનો શોખીન છે, પણ ચારિત્ર્યનો પક્કો માણસ છે. એના કહેવા મુજબ પાંત્રીસ વર્ષની ઉંમર સુધી એણે પરણવાનો વિચાર માંડી વાળ્યો હતો, પણ મને સિમલામાં જોઈ ત્યારથી એ મારા પ્રેમમાં પડી ગયો હતો અને મારી સાથે લગ્ન કરવા માટે જ મને ઉઠાવી લાવ્યો હતો. એ વાત હું એટલા માટે માનું છું કે, જો એ મારા પ્રેમમાં ન હોત તો આ માહોલમાં એની હવસખોરીનો ભોગ હું ક્યારની બની ગઈ હોત. મેં આપેલી મુદત સુધી એ રાહ જોતો બેસી ન રહ્યો હોત. મેં ક્યારની આત્મહત્યા કરી લીધી હોત.'

'આવી આંધળી ચાહતવાળો પુરુષ ભાગ્યથી મળતો હોય છે. શું ઈરાદો છે તમારો?' સત્યેને મજાક કરી.

'હું આ જગ્યાએથી મુક્તિ મેળવવા, તમારી સહાય માટે મારી દર્દભરી દાસ્તાન સંભળાવું છું ત્યારે તમે તો મને દોઢખનો દરવાજો બતાવો છો? જો, ખરેખર હું અર્જુનસિંહ સાથે લગ્ન કરવા ઈચ્છતી હોત તો એની સમક્ષ નવ માસની લક્ષ્મણરેખા શા માટે દોરત? તમે એમ માનો છો કે તમને બંગલામાં હું આવકાર આપત? અર્જુનસિંહ અને અનવરનાં નામો તમારી સમક્ષ પેશ કરત? હું ધારત તો એક સ્વિચ દબાવતાં જ, પચીસ માણસોને તમારા તરફ છોડી મૂકી શકત અને અને તમે એમ માનો છો કે, તમે ખાલી ઝૂંપડીમાંથી રસ્તો પાર કરી, આ બંગલા સુધી આવી શકયા હોત? મેં તમને બંનેને ઓળખી લીધા હતા એટલે જ તમે બંગલા આગળ આવો અને પાછા જતા રહો એ પહેલાં જ દરવાજો ખોલી નાખ્યો હતો, યાદ છે?'

'સોરી. હું તો મજાક કરતો હતો.' સત્યેને કહ્યું, તમારી લાગણી ઘવાઈ હોય તો....'

'હું મજાકને સમજી શકું છું. બરદાસ્ત પણ કરી શકું છું, પણ આ માહોલ કેટલો ભયંકર છે તેનો ખ્યાલ હું તમને આપું છું, જેટલું હું જાણું છું એટલું કહેવાનો ધર્મ બજાવું છું જેથી આ ફરજપરસ્ત ઈન્સ્પેક્ટરને કોઈ દિશાસૂચન મળી રહે. જોકે, આ બધાનો અંજામ હું જાણું છું. જો અર્જુનસિંહને ખબર પડી જાય કે મેં એનો વિશ્વાસઘાત કર્યો છે તો બીજી જ ક્ષણે હું હયાત ન હોઉં, આમેય મારી હયાતી ત્રણ માસ માટે જ છે એમ માનીને હું જીવું છું. ત્રણેક માસમાં તમારા જેવા નેક પોલીસ અફસર અર્જુનસિંહને પકડી શકે તો જીવન લંબાઈ શકે, બાકી, આ વિસ્તારમાં તો બધા પોલીસો એના પાળેલા કૂતરા છે. અર્જુનસિંહ સાથે લગ્ન કરવાનો દિવસ આવશે તે પહેલાં હું મારી જાતને ખતમ કરી નાખીશ, આ ત્રણ માસનું જીવન તમારા જેવાને ઉપયોગી થાય એવો આશય છે, ત્રણ માસ પછીનું મોત આજે આવે તોય અફસોસ નથી.' અમોલા લાગણીવશ બની ગઈ.

'તમે બહું નર્વસ થઈ ગયાં છો. હું વચન આપું છું કે, તમે ત્રણ મહિના પહેલાં તમારી મમ્મી અને ભાઈની વચ્ચે હશો. થોડા સમય પછી કોઈ સરસ યુવાન સાથે શાદી મનાવશો અને બોલાવશો તો હું અને સત્યેન પણ એ શુભ દિવસે ઉપસ્થિત રહીશું' પ્રકાશે હળવાશથી કહ્યું.

અમોલા હસી, ' ઈન્સ્પેક્ટર, જીવન તો મનેય વહાલું છે. કોને નથી હોતું? પણ આ ગુનાઓની દીવાલો વચ્ચે પરાણે વસવું નથી ગમતું, હું પણ ઈચ્છું કે તમારો વિશ્વાસ સાચો ઠરે.'

શરૂઆતમાં બેવકૂફ, પછી રહસ્યમય લાગેલી અમોલા આ ક્ષણે ખૂબ સંવેદનશીલ યુવતી લાગી-પ્રકાશ અને સત્યેનને.

'અચ્છા, તમે અર્જુનસિંહ વિશે શું જાણો છો?' પ્રકાશે પૂછ્યું.

'એ સ્મગ્લિંગના ધંધામાં અટવાયેલો છે. મુંબઈમાં અનવર નામનો એનો કોઈ સાથી છે. અઠવાડિયામાં પાંચેક દિવસ એ દિલ્હી, મુંબઈ, સિંગાપુર, હોંગકોંગ જેવાં સ્થળોએ હોય છે. દિલ્હીમાં એની મોટી ચેઈન છે. ખૂબસુરત કોલગર્લ્સ અને કેબ્રોડાન્સર્સ એની કેરિયર તરીકે કામ કરે છે.'

'તમારી પાસે અર્જુનસિંહની કોઈ તસ્વીર છે?' પ્રકાશે પૂછ્યું.

'ના. બીજી કાંઈ પૂછવું છે?'

'અમે ઝૂંપડામાં દાખલ થયા એની તમને કેવી રીતે ખબર પડી?'

'જૂઓ, તમને કાંઈ બતાવું.' અમોલાએ ટી.વી. આગળ રહેલી સ્વિચ દબાવી.

પ્રકાશ અને સત્યેને નજીકના એક બોકસના સ્ક્રીન પર જોયું તો અંધકારમાં ઊભેલી ઝૂંપડી દેખાઈ.

'આ સ્ક્રીન પર તમને ઝૂંપડીમાં પ્રવેશતા અને આગળ વધતા જોયા કે તરત ઓળખી ગઈ હતી. એટલે તો બંગલાનો દરવાજો બંધ જોઈ તમે પાછા જતા રહો એ પહેલાં દરવાજો ઉઘાડી હું બહાર ઊભી રહી હતી. આ બંગલામાં ઘણા રૂમો છે. દસેક રૂમો આ ફ્લોર પર છે. દસેક રૂમો ભોંયરામાં છે. બંનેના પ્રવેશદ્વાર જુદાં જુદાં છે અને તે પાછળના ભાગમાં છે. પાછળના ભાગમાં જ મુખ્ય રસ્તો છે. તમે આવ્યા એ રસ્તે કોઈ આવનજાવન કરતું નથી. કદાચ કોઈ ભૂલેચૂકે આવી ચડે તો ખાલી ઝૂંપડી જોઈ પાછો ફરી જાય છે. અને કોઈ બંગલામાં પ્રવેશે છે, ભૂલેચૂકે, તો એ જીવતો બહાર નીકળી શકતો નથી. અર્જુનસિંહના પચીસેક ખતરનાક માણસો ભોંયરામાં શસ્ત્રસરંજામ સાથે રહે છે. જ્યાં સુધી બેલ ન સંભળાય ત્યાં સુધી એ લોકોને ઉપર આવવાની સખ્ત મનાઈ છે. બંગલાને પોતાનું જનરેટર છે. આખો બંગલો વિશિષ્ટ અને વિચિત્ર ઈલ્કટ્રિફિકેશનથી સજ્જ છે. કોઈ પણ ક્ષણે રોશની ગાયબ કરી શકાય છે, કોઈ પણ ક્ષણે રોશનીનો ઘોધ વરસાવી શકાય છે કોઈ પણ ક્ષણે કરંટ પસાર કરી માણસને મડદું બનાવી શકાય છે. બધી જ અદ્યતન સુવિધાઓથી આ બંગલો સુસજ્જ છે. અહીં વૈભવની રેલમછેલ છે, તો ગુનાઓની બદબૂ છે.' અમોલાના શ્વાસ ઉછળતા હતા.

'ભોંયરું ક્યાં સુધી જાય છે?'

'મને ખબર નથી. એક જ વાર અર્જુનસિંહ સાથે મેં આખા બંગલાનું ચક્કર માર્યું છે. આ રૂમ જ મારી દુનિયા છે. સ્વતંત્ર બંગલા જેવો વિશાળ રૂમ છે. અંદર બેડરૂમ અને કિચન પણ છે. કિચનમાં હું મારું ભોજન પકાવી લઉં છું. મને ખબર હતી એટલી માહિતી મેં આપી દીધી. તમે કેમ અહીં આવી ચડ્યા? આ જગ્યાનો પત્તો કેવી રીતે લાગ્યો?'

'અમે તો સત્યેનની બહેન ગોપીની તલાશમાં અનાયાસે અહીં આવી ચડ્યા. અમને તો કલ્પના સુધ્ધાં નહોતી કે આ જગ્યાએ આવો અદ્યતન બંગલો હશે, તમે હશો.' પ્રકાશે કહ્યું અને ગોપીના થયેલા અપહરણની અને પચીસ લાખની માગણીની વાત ટૂંકમાં કહી અને પૂછ્યું, 'ગોપી અંગે તમને કોઈ બાતમી છે?'

'ના', છતાં કાલકાના 'ડાકબંગલા'માં તપાસ કરો. એ જગ્યા પણ ગેબી છે. મેં એના વિશે સાંભળ્યું છે.

'અમે હવે જઈએ?' પ્રકાશે પૂછ્યું.

'હા, તમારે જવું જોઈએ, પણ માફ કરજો આ જગ્યાએ હું તમારી કોઈ મહેમાનગીરી કરી શકતી નથી.' અમોલાએ લાચારી વ્યકત કરી.

'અમોલા, તમે આપાલી માહિતી જ બસ છે, તમે વિશ્વાસ અને હિંમત રાખજો કે તમે શકય એટલા ઓછા દિવસોમાં તમારા કુટુંબ વચ્ચે હશો' પ્રકાશ ઊભો થયો.

'મારી વિધવા મમ્મીને ખબર આપજો કે હું જીવતી છું. મારું અપહરણ થયા પછી આઘાતથી એ જીવતી છે કે નહીં તેની ખબર નથી, અને એવું હોય તો મારા ભાઈની સંભાળ રાખશો. યામાએ મારું ઘર જોયું છે.'

'હું વચન આપું છું. એમને કોઈ પણ જાતની આર્થિક કે બીજી કોઈ મુશ્કેલી નહીં પડવા દઉં.' સત્યેન પણ ઊભો થયો, 'તમે વિશ્વાસપૂર્વક જીવશો. જીવન ટૂંકાવવાનો વિચાર નહીં કરો એનું વચન આપો.'

અનુસંધાન પાન ૩૧ (31) ઉપર...

'અર્જુનસિંહ સાથે લગ્ન કરવાની અંતિમ ઘડી આવશે ત્યાં સુધી એક વિશ્વાસ સાથે જીવીશ. મુક્ત થઈશ તો મૃત્યુનો પ્રશ્ન નથી. બાકી, અર્જુનસિંહ સાથે લગ્ન કરવા કરતાં મૃત્યુને વહાલું કરીશ. એટલું વચન આપું છું.' અમોલાએ કહ્યું.

પ્રકાશ અને સત્યેને જવા માટે પગ ઉપાડયા ત્યાં ડિંગ ડિંગ ડિંગ...નો મધુર અવાજ રણકી ઉઠ્યો. સાથે સાથે દીવાલ પરના સ્વિચ બોર્ડ પરની લીલીબત્તી ઝબકવા માંડી.

'અર્જુનસિંહ આવી ગયો, ધારવા કરતાં જલદી આવી ગયો,' અમોલા ધીમેથી બોલી.

'હવે?' સત્યેનના ચહેરા પર ગભરાહટ અને અવાજમાં ધ્રુજારી હતી, 'અર્જુનસિંહની નજર રસ્તા પર પાર્ક કરેલી કાર પર પડશે તો?'

'અર્જુનસિંહ હંમેશા પાછળના રસ્તેથી આવે છે, એની ગૅંગનો એક જ મુખ્ય માર્ગ છે. અર્જુનસિંહ બંગલામાં પ્રવેશે છે ત્યારે પોતે સહીસલામત પાછો ફર્યો છે એ સૂચવવા બેલ મારે છે, ગ્રીન સિગ્નલ આપે છે, એના રૂમમાં જાય છે, દસેક મિનિટ પછી મારા રૂમમાં આવે છે, મારી સાથે થોડી વાર વાત કરી, એના રૂમમાં જાય છે, ખાય છે-પીએ છે અને પછી એના સાથીઓની ખબર લેવા, માલ સંતાડવા ભોંયરામાં જાય છે. તમે ડરશો નહીં. આવો મારી સાથે...'

પ્રકાશ અને સત્યેન અમોલા સાથે એના બેડરૂમમાં પ્રવેશ્યાં. ખૂબ વિશાળ બેડરૂમ હતો.

'તમારે અંદર પુરાઈ રહેવું પડશે, ચૂપચાપ, થોડીવાર પછી તમે જઈ શકશો, જ્યાં સુધી હું બારણું ન ખોલું ત્યાં સુધી તમે ખોલવાનો પ્રયત્ન ન કરશો.'

'અર્જુનસિંહને વહેમ પડે અને અંદર આવે તો?' સત્યેને પૂછ્યું.

'નહીં આવે. છ માસનો ક્રમ હું જાણું છું. તમે લોકો નિશ્ચિંત રહેશો.'

અમોલાએ જતાં જતાં કહ્યું, 'હું બહારથી બારણું બંધ કરીશ.'

અમોલા બેડરૂમની બહાર નીકળી ગઈ.

પ્રકાશ અને સત્યેને બારણું લોક થયાનો અવાજ સાંભળ્યો 'પ્રકાશ, આપણે કેદી બની ગયા.' સત્યેન ધીમેથી બબડયો, 'અમોલા પર આપણે વધુ પડતો વિશ્વાસ મૂકી દીધો હોય એવું નથી લાગતું?'

'ડોન્ટ વરી. ટેક ઈટ ઈઝી.' પ્રકાશ ધીમેથી હસ્યો, 'અમોલા દગો નહીં કરે.'

સત્યેને પાઈપ કાઢી.

'સત્યેન, સ્ટોપ ઈટ. ટોબેકોની સ્મેલ અને ધુમાડા બહાર જશે તો આપણે અંદર હોવાની સાબિતી આપણે જ આપી દઈશું. આપણે મુશ્કેલીમાં મુકાઈશું જ, સાથે સાથે આપણને બેડરૂમમાં સંતાડનાર અમોલા પણ મુશ્કેલીમાં મુકાશે અને અમોલા પ્રત્યે આંધળો પ્રેમ ધરાવનાર અર્જુનસિંહ વિશ્વાસઘાત કરનાર અમોલા સાથે કેવો વ્યવહાર કરશે એ તું સારી રીતે કલ્પી શકે છે.'

'સોરી, ' સત્યેને ઝડપથી પાઈપ મૂકી દીધી.

પ્રકાશે રિવોલ્વર કાઢી, તપાસી અને હાથમાં મજબૂત રીતે પકડી.

ડ્રૉઈંગરૂમમાં બેલ વાગવાનો, બારણું ખૂલ્યાનો અને અમોલાનો અવાજ સંભળાયો, 'આવો...આવો...!'

'અર્જુનસિંહ કોણ છે? કેવો છે?' એ જોવા પ્રકાશે અંધારા બેડરૂમના બારણાની તિરાડમાંથી, અજવાળા ડ્રૉઈંગરૂમમાં નજર ફેરવી.

સત્યેન પ્રકાશને જોઈ રહ્યો.

પ્રકાશ બારણાની તિરાડમાંથી અર્જુનસિંહને જોવા મથતો હતો.

અમોલાનાં ધીમાં પગલાંની સાથે બૂટનો ખટ ખટ ખટ અવાજ સંભળાયો.

(ક્રમશઃ)

અનુસંધાન પાન ૨૧ (21) પરથી ચાલુ....

'કબીર કાફે' બેન્ડ તો ચાર જણાંથી સંપૂર્ણ થઈ ગયું હતું. પરંતુ ત્યાં બ્રીટો કેસી 'કબીર કાફે'નાં મિત્રોને મળે છે. તે આઠ વર્ષથી પૂનામાં સંગીત શિખવાડતો અને વગાડતો હતો. તેના પિતા મણિપુરમાં રહેતા અને શિલોંગમાં રોકબેન્ડમાં વગાડતા એટલે બ્રીટો પણ કોઈ બેન્ડની શોધમાં હતો. તેના સાઉન્ડ એન્જિનીયરે 'કબીર કાફે' બેન્ડની ઓળખ કરાવી. બ્રીટો કહે છે, 'હું સંગીત જાણતો હતો, પણ કબીરને નહીં. કબીરનાં દોહા અને તેમાંથી મળતી શાંતિએ મારામાં જાદુ કર્યો. બધાં સાથે મળીને કબીરના પદ, ભજન, દોહા ગાવા વગાડવાનો આનંદ કંઈક જુદો અને અદ્‌ભુત છે. ગમે તે હોય દરેક માણસ અંદરથી આધ્યાત્મિક જ હોય છે. અમારે માટે કબીર સુસંગત છે.'

કબીરને તેમના બેન્ડનો પહેલો મેમ્બર ગણાવતાં તે સૌ સાથે મળીને કહે છે. અમે દેશમાં, પરદેશમાં, લગ્નમાં કે ફિલ્મોમાં કબીરને જ સંગીતમય રીતે ગાઈએ છીએ. અમે કબીરને જ ગાઈએ ત્યારે કયારેક લોકો અમારું વિવેચન પણ કરે છે. અમારી અંદર કબીર જીવે છે અને અમે કબીરને તેના વિચાર, વાણી, સંગીત અને 'કબીર કાફે' દ્વારા જીવતો રાખવા માંગીએ છીએ. કબીરની ફિલોસોફી અને મનોરંજન ભેગા કરીને પીરસવામાં અમને ખૂબ આનંદ મળે છે તે આનંદ લોકો સુધી પહોંચાડવા માંગીએ છીએ.

'કબીર કાફે' મોટી સંખ્યામાં નવયુવકોને ભેગા કરી મોતની ફિલસુફી પણ ગાય છે અને ગવડાવે છે :

'ઈસ જગત સનાયેમેં, હૈ મુસાફીર, રહના દો દિનકે...
કર્યો વૃથા કરે હૈ માન, મુરખ ઈસ ધન ઔર જોબનકા
નાહી ભરોસા પલ કા, યું હી મર જાયેગા...
કયા લેકે આયા જગતમેં, કયા લેકે જાયેગા...
દો દિનકી જિંદગી હૈ, દો દિનકા મેલા...'

-----000----

Now you can read Gujarat Darpan on line, log on to www.gujaratdarpan.com
ગુજરાત દર્પણના જૂના અંકો વાંચવા મળશે.

All Advertisers
requested to send your changes/cancllection between 10th to 20th for following issue via email or fax ONLY
Thank you for your Support & Co-operation

HELP WANTED
કપલની જરૂર છે. બે સીનીયરન માટે રસોઈ બનાવવી તેમજ લાઈટ ઘરકામ માટે.
Looking for couple to cooking and light house work for two seniors.
Contact Dharmista Mehta
717-361-7400
717-575-8288
07-25

HELP WANTED
હાઉસ-કીપીંગ સ્ટાફની જરૂર છે.
Holiday Inn in Philadelphia need two couples for housekeeper and one couple for front desk position at Browns Mills near cherry hill, both locations are in NJ.
Contact: Rohit Sheth
732-921-1295
12-25

YOUR ONE-STOP SUPERMARKET HAVEN!

GROCERY CATERING
dm DesiMandi
TAKE AWAY
LEWISVILLE





EVERYDAY ESSENTIALS, INFINITE CHOICES!

SHOP SMART

Ol c qrmn of mn dnp_jj wns pGpnacpwl ccbq



Terms & Conditions:
. One coupon per customer per bill
. Valid until 31st December 2025
. Must bring physical coupon to avail the discount
. Terms and conditions apply
. Minimum purchase of $50.00 required

Location: 420 E Round Grove Rd, Unit 700, Lewisville, TX 75067 Open 7 Days a week 9 am to 10 pm
Contact: 469-214-3114
/desimandi_dallas

COUPON 10% OFF $100* COUPON 10% OFF $100* COUPON 5% OFF $50* COUPON 5% OFF $50* 1 VEG THALIA FREE ON ANY PURCHASE

List of the Temples

Shree Swaminarayan Mandir
2114 Pine St., Grand Prairie,
TX 75050-4046 - Ph. 214-642-8996

BAPS Shri Swaminarayan Mandir
4601 N state Highway 161
Irving, TX - 75038, (972) 243-8669

Barsana Dham
400 Barsana Rd, Austin TX 78737
(512) 288-7180

DFW Hindu Temple
1605 N.Britain Rd, Irving Dallas,
TX 75060, (972) 445-0549

North Texas Hindu Mandir
10309 Baronne Cir, Dallas TX 75218
(214) 552-0549

BAPS Shri Swaminarayan Mandir
1150 Brand Ln Stafford, TX 77477
(281) 765-2277

Jain Center Of West Texas
1110 Juneau Ave, Lubbock TX 79416
(214) 470-0606

Shree Ram Mandir
221 W. Parker Road 470
Plano, TX 75023, (972) 422-1600

Shree Ganesh Temple
6508 K-Ave., Plano TX 75023
(972) 943-9543

Hare Krishna Temple
1320 W. 34th St., Houston TX
(713) 686-0669

Hindu Worship Society
2223 Wirtcrest In,
Houston TX, (713) 957-4608

ISSO Swaminarayan Temple
10080 Synott Rd, Houston TX
(281) 530-2565

Shree Jalaram Saibaba Temple
6545 Hilleroft Suite, 305 Houston TX
(832) 251-7862

Shree vallabh Priti Seva samaj
11715 Belfort Village Dr.
Houston TX 77031 - (713) 777-2900

Chinmaya Mission
10353 Synott, Houston TX, (281) 568-9520

Durga Temple
13944 Schiller Rd, Houston TX
(281) 575-7988

Radha Krishna Organization
14302 FM 762
Richmond TX 77469 - (281) 545-9038

Sanatan Shiv shakti Temple
5645 Hilleraft Ave., Siute 701
Houston TX 77036

Shree Santram Bhakta Samaj
281-870-9775

Karya Siddhi HanumanTemple
Ph. 866-667-6767

Hindu Temple of Lubbock
Ph. # 806-416-0622

Pushtimarg Vraj Mandir
PA 17972, Ph. 570-754-7067

વધુ માહિતી આપેલ ફોન નંબર પરથી મેળવી લેવી. કોઈ નંબરમાં ભૂલ હોય તો ૭૩૨-૪૦૪-૦૦૯૬ ઉપર જાણ કરવા વિનંતી.

(તમામ માહિતી સંકલન : સુભાષ શાહ)

સામાજીક-ધાર્મિક સંસ્થાના સમાચાર

ગુજરાતી સિનિયર સોસાયટી પ્લેનો દ્વારા દિવાળીની ઉજવણી



ગુજરાતી સિનિયર સોસાયટી પ્લેનો (GSSP) દ્વારા તા.૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ, અતિથિ બેંકવેટ હોલ, પ્લેનો, ટેકસાસમાં દિવાળીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નીર્વા શાહ દ્વારા સંચાલિત પાયલ ડાન્સ એકેડેમીના કલ્ચરલ ડાન્સ શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સામાજીક સંસ્થાના નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં સૌએ સ્વાદિષ્ટ મઠીયા, ચોળાફળી અને મગસ જેવા એપેટાઈઝર્સનો આનંદ માણ્યો હતો. એપેટાઈઝર્સ રૂપલ અને પીયુષ શાહ (આર.પી.કેટરર્સ) દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ભૂમિ પટેલે બધાનું સ્વાગત કર્યું હતું અને મહેમાનોનો પરિચય આપ્યો હતો. સંસ્થાના પ્રમુખ ભૂપેશભાઈ તલસાણીયા અને મહેમાનોના હસ્તે પરંપરાગત દીપ પ્રજ્વલન કરવામાં આવ્યું હતું. આ સમયે નીર્વા શાહ દ્વારા દીપજ્યોતિ શ્લોકનું ગાન કરવામાં આવ્યું હતું. (GSSP)ના પ્રમુખશ્રી ભૂપેશભાઈ તલસાણીયાએ ઉપસ્થિત સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું, સાથે સાથે દિવાળી ડિનરના સ્પોન્સર્સ અને દાતાઓનો આભાર માન્યો હતો. આ પ્રસંગના ફુડ સ્પોન્સર્સ શ્રી કિશોરભાઈ પાબારીનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાનજ્યારે ઓક્ટોબર માસમાં જે સભ્યોના જન્મદિન આવતા હતા તેવા સભ્યોને બર્થ ડે કાર્ડ અને હેપી બર્થડેનું સોંગ ગાઈને તેઓને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ત્યારબાદ પાયલ ડાન્સ એકેડેમીના ૩૦ જેટલા કલાકારોએ ભારતની પ્રાચીન નૃત્ય શૈલી ભરત નાટયમ, ફોક ડાન્સ અને બોલીવુડ સ્ટાઈલમાં વિવિધ નૃત્ય રજુ કર્યા હતા.

પ્રથમ ભરતનાટયમ શૈલીમાં પુષ્પાંજલી, ગણેશ સ્તુતિ, અંબે માતાની સ્તુતિ અને રામાયણ ઉપર નાની નૃત્ય નાટીકા રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ રાજસ્થાની ફોક, ભાંગડા, બોલીવુડના જૂના અને નવા ગીતો ઉપર મનમોહક ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા. કલાકારોના અદ્‌ભુત અભિનય અને મંત્રમુગ્ધ કરી દેતા નૃત્યોને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. સંસ્થા તરફથી સૌ કલાકારોને ગીફટ આપવામાં આવી હતી અને નીર્વા શાહનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સૌએ સ્વાદિષ્ટ ગુજરાતી ડીનરની મઝા માણી હતી. ડીનરમાં રોટલી, ઉંધીયું, કચોરી, ખમણ, ફુટ મઠો, મગની દાળ, કઢી-ભાત વગેરે હતા. શ્રી કિશોરભાઈ અને કાશ્મીરાબેન પાબારી (ઈન્ડિયા બજાર) દ્વારા આ સુંદર ને સ્વાદિષ્ટ ડિનરનું સ્પોન્સર્સ કરવામાં આવ્યું હતું. ડિનરનું કેટરીંગ રાજુલા કિચન દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને અંતે ગુજરાતી સિનિયર સોસાયટી, પ્લેનો (GSSP) તરફથી, દિવાળી નિમિત્તે હાજર રહેલ સૌ સભ્યોને મીઠાઈના બોકસ ગીફટ આપવામાં આવ્યા હતા. એકબીજાને શુભેચ્છા પાઠવી, મીઠી યાદો સાથે સૌ પોતપોતાના ઘરતરફ જવા રવાના થયા હતા. (માહિતી : કૃષ્ણકાંત શાહ (કેકે)





॥ ૐ નમો ભગવતે વાસુદેવાય ॥

ભાગ : ૫૧

શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ(સંક્ષિપ્ત)

ડૉ. અરૂણ મહેતા
(૭૩૨-૨૬૧-૮૩૯૨)

(ગતાંકથી આગળ ચાલુ....)

ભગવાન રામચંદ્રજીનું ચરિત્ર (રામાવતાર)

ભગવાન રામજીનું ચરિત્ર જાણતા પહેલાં તેમના પૂર્વજો કોણ હતા તેવો પ્રશ્ન રાજા પરિક્ષિતે પૂછ્યો એટલે શુકદેવજી તેનું વર્ણન કરે છે.

ઋષિ ભગીરથ જેઓએ ગંગાવતરણ કર્યું હતું, તેમને શ્રુત નામનો પુત્ર હતો, શ્રુતને નાભ, નાભને સિંધુદ્વીપ, તેને અયુતાયુ અને અયુતાયુને ઋતુપર્ણ નામે પુત્ર હતા. આ ઋતુપર્ણ જુગારવિદ્યા અને અશ્વવિદ્યામાં નિપુણ હતો. આ અશ્વવિદ્યા તે પોતાના મિત્ર નળરાજા પાસેથી શીખ્યો હતો. ઋતુપર્ણના પુત્ર સર્વકામાને એક પુત્ર સુદાસ નામે હતો. જેને સૌદાસ નામે પુત્ર હતો. આ સૌદાસનાં લગ્ન સાથે થયાં હતાં. આ સૌદાસને વશિષ્ઠ ઋષિનો શાપ હતો તેથી તે રાક્ષસ બન્યો હતો. તેને બ્રહ્મહત્યા લાગી હતી. તે બ્રાહ્મણ પત્નીના શાપને કારણે પોતાની પત્ની મયદંતીથી કોઈ સંતાન પ્રાપ્ત કરી શક્યો નહોતો. આ શાપ પછી સૌદાસે સ્ત્રી સંગ છોડી દીધો હતો. પરંતુ સૌદાસની વિનંતીથી મુનિ વશિષ્ઠે મયદંતીને ગર્ભાધાન કરાવી. અશ્મક નામે પુત્ર આપ્યો હતો. આ અશ્મકને મૂલક નામે પુત્ર થયો. પરશુરામ પૃથ્વીને નિઃક્ષત્રિય કરવા કટિબદ્ધ થયા હતા તે જાણી અશ્મકે પોતાના પુત્ર મૂલકને સ્ત્રીઓની વચ્ચે છૂપાવી રાખ્યો હતો. તેથી તે બચી ગયો. પરંતુ નારી કવચના નામે ઓળખાતો. આ મૂલકની ચોથી પેઢીમાં ખટવાંગ નામે રાજા થયો. તે ભગવાન શ્રી હરિમાં ચિત્તબુદ્ધિવાળો હતો. તેના પુત્રનું નામ દીર્ઘબાહુ હતું. દીર્ઘબાહુથી રઘુ મહારાજ તેનાથી અજ અને અજ થી રાજા દશરથ પુત્ર થયા. આમ રાજા દશરથ રઘુવંશી કહેવાયા.



આ થઈ ભગીરથથી માંડી રઘુરાજા અને પછી પિતા અજ અને રાજા દશરથના જન્મ સુધીની મહાકીર્તિવાન કુળની યશગાથા.

આ સૌ રઘુવંશી પ્રાણના ભોગે પણ વચન પાળવાવાળા હતા. આવા દશરથને સાક્ષાત બ્રહ્મમય ભગવાન શ્રી હરિના અંશ થકી રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એમ ચાર પુત્રો થયા. આ સૌમાં ભગવાન રામજીનું ચરિત્ર ઉદાહરણરૂપ હોઈ ઋષિ વિશ્વામિત્ર દ્વારા રામાયણ ગ્રંથ તરીકે આપણે ઘણીવાર સાંભળ્યું છે. આ ગ્રંથમાં શ્રી રામજીનું મર્યાદાસભર આચરણ વર્ણવાયું છે. આ કારણે ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદાપુરુષોત્તમ રીતે પૂજાય છે.

વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો, વિશ્વામિત્ર ઋષિના યજ્ઞમાં મારિચ, સુબાહુનો વધ કર્યો. રસ્તામાં તાડકાનો વધ કર્યો, સીતા સ્વયંવર માટે ઋષિ સાથે જનક મહારાજની સભામાં પધાર્યા, શિવધનુષને રમકડાંની જેમ ઉપાડી તમચા ચઢાવતાં તોડી નાખ્યું. શિવજી પાસેથી મળેલ ધનુષ્યવાળા પૃથ્વીને એકવીસ વખત નિક્ષત્રિય કરનાર ભૃગુપતિ પરશુરામના ગર્વનું ખંડન કર્યું અને પૂર્વાવતારમાં લક્ષ્મીસ્વરૂપ સીતાજીને અર્ધાંગિ રૂપે પ્રાપ્ત કર્યા. પોતાના પિતા રાજા દશરથના વચનને સત્ય કરવા અને તેમની આજ્ઞા પાળવા રાજ્ય સંપત્તિ, રહેઠાણ, સર્વ વૈભવ વિગેરેનો ત્યાગ કરી પત્ની સીતાજી તથા નાનાભાઈ લક્ષ્મણ સહિત ચૌદ વર્ષ સુધી વનવાસ કર્યો, પુત્ર વિયોગે પિતા દશરથનું અવસાન થયું, રાજ્ય કારભાર અનિચ્છાએ ભ્રાતા ભરતને સંભાળવો પડયો. સુમિત્રા પુત્ર અને ઉર્મિલા પતિ લક્ષ્મણજી તો ભાઈની સેવા અર્થે સાથે જ સીધાવી ગયા. ચિત્રકૂટમાં નિવાસ કર્યો, વચ્ચે મિત્ર કેવટને કૃપાદાન કર્યું. પૃથ્વી પર દુષ્ટોના સંહાર અર્થે જ જેઓએ અવતાર લીધો હતો તેવા શ્રી રામે રાવણની બહેન શૂપર્ણખા રાક્ષસીના નાનક-કાન કાપી અપમાનિત કરી. ક્રોધે ભરાયેલા શૂપર્ણખાના ભાઈ ખર અને દૂષણ સામે થયા તો તેમનો વધ કર્યો. જ્યેષ્ઠ ભ્રાતા રાવણ જે સીતા સ્વયંવરમાં ધનુષ્ય હલાવી પણ શક્યો નહોતો અને અપમાનિત થયો હતો તેણે પોતાની બહેનની આવી દશા જોઈ મારિચને સુવર્ણમૃગના રૂપે મોકલી સીતાને ભરમાવી રામ-લક્ષ્મણને પર્ણકુટિથી દૂર કરી પોતે સંન્યાસીનું રૂપ લઈ ભિક્ષા માગવાને બહાને સીતાજીનું અપહરણ કરવા પહોંચી ગયો. પર્ણકુટિની આસપાસ લક્ષ્મણજીએ દોરેલી લક્ષ્મણરેખાની બહાર બેસી છળકપટથી સીતાને બહાર આવવા મજબૂર કરી, તક મળતાં પકડી લઈ જવાનો વિચાર કરવા લાગ્યો. આમ કરી રાવણને સીતાજીને લંકાની મહારાણી બનાવવાનો નીચ વિચાર આવ્યો હતો.

આ પહેલાં શ્રી રામને સીતાજીએ સુવર્ણમૃગથી આકર્ષાઈ તેને પકડી લાવવા હઠાગ્રહ કર્યો હતો. મૃગરૂપ મારિચ શ્રી રામને અત્યંત દૂર જંગલમાં ખેંચી ગયો. રામજીએ લક્ષ્મણને સીતાજીના રક્ષણની જવાબદારી સોંપી હતી પરંતુ, મારિચે રામજીના અવાજમાં લક્ષ્મણને પોતાના રક્ષણ માટે જલદી આવવા બૂમ પાડી. પોતાના પતિ સંકટમાં છે એમ સમજી સીતાજીએ દેવર લક્ષ્મણને રામને બચાવવા જવા કહ્યું. લક્ષ્મણજી જાણતા હતા કે શ્રી રામને કંઈજ થવાનું નથી અને એ પણ જાણતા હતા કે માતા સીતાજી પોતે ના કહેશે તો માનવાના નથી અને પોતાના પર નારાજ થશે એટલે તેમણે પર્ણકુટિની આસપાસ એક રેખાથી વર્તુળ બનાવ્યું. જેને આપણે લક્ષ્મણરેખાના નામથી ઓળખીએ છીએ. સીતાજીને કોઈ પણ સંજોગોમાં આ રેખા ન ઓળંગવાની વિનંતી કરી. લક્ષ્મણજી જે દિશામાંથી અવાજ આવ્યો હતો તે તરફ દોડી ગયા.

સંજોગનો ફાયદો ઉઠાવી સન્યાસી રૂપી રાવણ ભિક્ષાંદેહી કરી પર્ણકુટિએ પહોંચ્યો. માયાવી યુક્તિથી ભરમાવી સીતાજીને લક્ષ્મણરેખા ઓળંગી બહાર આવવાની ફરજ પાડી. સીતાજીનો પગ જેવો રેખાની બહાર પડયો કે તરત રાવણ તેના મૂળ સ્વરૂપે આવી ગયો ને સીતાજીને પકડી હરણ કરી ગયો અને વિમાનમાર્ગે લંકાની દિશામાં ચાલી નીકળ્યો.

રામ-લક્ષ્મણ મૃગરૂપી મારિચનો વધ કરી પરત આવ્યા. ત્યારે ત્યાં સીતાજીને ન જોતાં અત્યંત દુઃખી થયા. શોધ માટે જંગલમાં ભટકવાનું ચાલુ થયું. જંગલના વૃક્ષોને, પશુ પક્ષીઓને સીતાજી અંગે પૂછતા પૂછતા આગળ વધતા ગયા. ત્યાં તેમણે જટાયુ પક્ષીને લોહીલુહાણ હાલતમાં પડેલો જોઈ તેમની રક્ષા માટે તેમની પાસે ગયા. આ જટાયુ મરવાની અણી પર જ હતો, શ્વાસને રોકી તે રામના આવવાની જ રાહ જોતો હોય તેમ લાગતું હતું. તેણે સીતાજીને રાવણ ઉપાડી ગયાની, પોતાનો સીતાજીને બચાવવાના કરેલા પ્રયત્ન છતાં, તેની સાથે યુધ્ધ કરવા છતાં બચાવી ન શક્યો અને પોતાની આવી દશા થવાથી નિઃસહાય બની જવાનું દુઃખ પ્રકટ કરી સર્વવૃતાંત કહી પ્રાણ ત્યજી દીધા. રામલક્ષ્મણે પુત્રની જેમ તેની અંતિમ ક્રિયા કરી.

હવે તેઓ રાવણને હરાવી સીતાજીને પરત લાવવા માટે શું કરવું તે વિચારતા આગળ વધતા કીસ્કીંધા નગરીમાં આવી પહોંચ્યા. અહીં રામ-લક્ષ્મણને સુગ્રીવ, નીલ, હનુમાન વાનરસેનાનો સહકાર મળ્યો. સુગ્રીવનો ભાઈ વાલી જે સુગ્રીવનું રાજ્ય અને તેની પત્ની બંને લઈ ગયો હતો. તેનો સાત તાડના ઝાડને એક જ બાણથી વાંધી વાલીનો વધ કર્યો. સુગ્રીવને ફરીથી રાજા બનાવ્યો. સીતાજીની શોધ શરૂ થઈ. સૌ અલગ અલગ દિશામાં ગયા. હનુમાનજી સમુદ્ર ઓળંગી લંકા પહોંચી, સીતાજી કુશળ છે તે જાણી લાવ્યા. દરમ્યાન હનુમાનજીએ રાવણની લંકા બાળી નાંખી હતી અને ત્યાં રાવણના નાના ભાઈ રામભક્ત વિભીષણની મુલાકાત થઈ હતી. હનુમાનજીના લંકાથી પરત આવ્યા બાદ રામસેનાનું લંકા તરફ પ્રયાણ શરૂ થયું. આ સમયે અસુર છતાં રામભક્ત વિભીષણ શ્રી રામના શરણમાં આવી ચૂક્યા હતા. સેના કૂચમાં અવરોધ આવ્યો, વચ્ચે વિશાળ સમુદ્ર હતો. સમુદ્રને માર્ગ આપવા વિનંતી કરવામાં આવી.....!

(ક્રમશઃ)

PIONEERS IN PROVIDING
REHAB AND NURSING HOME CARE FOR
INDIAN SENIOR CITIZENS
SINCE 2005

ARISTACARE
Indian Program
By Mukund Thakar

Mukund Thakar
President & Founder



Call us : 1 (800) 316 -7902
Comfort : Indian Food Tea & Snacks
Culture : Festival celebration, Aartis & Pujas
Care : 24 Hour care from Indian staff









ભારતીય
- ડોક્ટર
- નર્સ
- સીએનએ
- થેરાપીસ્ટ
- અનુવાદક
- મનોરંજન
- રસોઈયા
- અખબાર - સામયિક
- ટીવીચેનલો

INDIAN
- Doctors
- Nurses
- CNAs
- Therapists
- Translators
- Recreation
- Cooks
- Newspapers
- Tv channels

Locations
Perth Amboy, NJ
South Plainfield, NJ
Hazlet, NJ
Eatontown, NJ
Newark, NJ
Linden, NJ
Haskell, NJ
Trenton, NJ

Visit us at
MyIndianNursingHome.com

INDIAN NURSING HOME
BY MUKUND THAKAR

TILAK
JEWELERS



Unwrap the SPARK of Celebration

Celebrate the magic of gifting with Tilak Jewelers. From elegant diamonds to dainty gold pieces, each creation is crafted to share love and light this Christmas.

Visit Tilak Jewelers at 8300 N MacArthur Boulevard #100, Irving, Texas 75063 Or Call: 972 594 8252

ZERO GRAVITY


INDIA BAZAAR
nobody gives you India like we do!™
SCAN QR CODE
TO SEE DIWALI OFFERS
10 LOCATIONS IN DFW METROPLEX!
EAST PLANO | WEST PLANO | VALLEY RANCH
SOUTH IRVING | CARROLLTON | LEWISVILLE
LITTLE ELM | ELDORADO/FRISCO | FRISCO | RICHARDSON
SCAN THIS CODE TO FIND YOUR NEAREST LOCATION'S ADDRESS & HOURS!
EVERYTHING THAT YOU NEED FOR UPCOMING KARWA CHAUTH, DHANTERAS, & DIWALI CELEBRATION IS AVAILABLE AT ALL INDIA BAZAAR LOCATIONS!
GLUTEN FREE OPTIONS
ORGANIC PRODUCTS
WHOLE GRAINS
NON-GMO PRODUCTS
ETHNIC PUJA ITEMS
FRESH FRUITS & VEGGIES
INDIABAZAARDFW.COM | SUPPORT@INDIABAZAAR.US | 972-312-0114 | FIND US ON:


RAJULA'S KITCHEN
WWW.RKUSA.COM
DELICIOUS AUTHENTIC INDIAN FOOD!
IRVING & PLANO SPECIAL
Fresh Live Roti
Custom Sweet Order Available
Live Pani puri Available!
PREMIUM GUJARATI THALI
(VEGETARIAN UNLIMITED)
EVERYDAY 11AM TO 3PM
THALI ONLY
À LA CARTE 3PM TO 11PM
Made to order street style chaats!
DIWALI CATERING
Diwali Party? WE CATER!
CATERING FOR ALL FESTIVALS & SPECIAL OCCASIONS
WE OFFER JAIN FOOD (NO ONION NO GARLIC)
100% VEGETARIAN & LIVE CATERING OPTIONS!
Gujarati Thali Catered Live at Your Event!
CALL US: (972) 878-7999

DESI BROTHERS
FARMERS MARKET


FRESH PRODUCE & LOWEST PRICE

Vipul's Kitchen

thali



indo-chinese



chaat



sweets



9 LOCATIONS TO SERVE YOU

NORTH AUSTIN ((512) 761-3743)
2506 W. PARMER LANE SUITE #170, AUSTIN, TX 78727

SOUTH AUSTIN ((512) 899-1000)
3421 W WILLIAM CANNON DR. SUITE #133, AUSTIN, TX 78745

ROUND ROCK ((512) 309-0001)
3203 S INTERSTATE 35, SUITE 500, ROUND ROCK, TX 78664

SUGARLAND (281-417-DESI (3374))
4620 HWY 6, SUGAR LAND, TX 77478

ATLANTA ((512) 761-3743)
2255 PLEASANT HILL RD, SUITE #450, DULUTH, GA 30096

ALABAMA ((205) 733-7112)
1853 MONTGOMERY HWY #109, HOOVER, AL 35244

RICHARDSON ((254) 206-3374)
100 S CENTRAL EXPRESSWAY SUITE 26C, RICHARDSON, TX 75080

BLOOMINGTON ((952) 378-1254)
8098 MORGAN CIR S, BLOOMINGTON, MN, US 55431

BALAJI SUPERMARKET ((901) 756-7722)
3810 HACKS CROSS ROAD, SUITE #104, MEMPHIS, TN 38125

Introducing new brand

SWARAJ

New Name
Same Quality..!





DESI BROTHERS



જેનિતા ચૌહાણનું આરંગેત્રમ્





પાયલ ડાન્સ એકેડેમી (નિર્વા શાહ)ના પ્રતિભાશાળી શિષ્યા જેનિતા ચૌહાણનું આરંગેત્રમ્ તા. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ગારલેન્ડ પ્લાઝા થીએટર, ગારલેન્ડ-ટેકસાસમાં રજુ કરવામાં આવ્યું હતું. ભારતની પ્રાચીન નૃત્યશૈલી ભરતનાટ્યમ્ આરંગેત્રમના ગુરૂ નિર્વા શાહના માર્ગદર્શન અને નૃત્ય નિર્દેશન હેઠળ રજુ કરવામાં આવ્યો હતો. ગુરૂ નિર્વા શાહે સમગ્ર માર્ગમ ગુજરાતી અને હિન્દી ભાષામાં કોરિયોગ્રાફ કર્યો હતો. જેની શરૂઆત પુષ્પાંજલી અને ગણેશ સ્તુતિથી કરવામાં આવી હતી.

ત્યારબાદ જતિસ્વરમ્, શબ્દમ્, વર્ણમ્, પદમ્, કિર્તનમ્, તિલ્લાના અને અંતે મંગલમ્ દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ગુરૂ નિર્વા શાહની અદ્‌ભુત કોરીયોગ્રાફી અને જાણીતા કલાકારો દ્વારા મૃદંગ, બંસરી અને વાયોલીનના સંગીત સાથે જેનિતાએ અદ્‌ભૂત, મંત્રમુગ્ધ કરી દેતા નૃત્ય રજુ કર્યા હતા. જેનિતા ચૌહાણના અદ્‌ભૂત ફૂટવર્ક, લાવણ્યસભર નૃત્ય, અભિવ્યક્તિ પૂર્ણ મુદ્રાઓ અને ભાવનાત્મક અભિનયથી ગુંજ ઉઠ્યો હતો. ખાસ કરીને 'મા તમે ગરબે રમવા આવો', 'વિશ્વંભરી સ્તુતિ' અને ભગવાન કૃષ્ણના ભક્તિગીત દરમિયાન વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

'ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહીં' જેવી ભાવનાત્મક રચના પરના નૃત્યએ ઘણાંને આંસુઓથી ભીંજવી દીધા હતા. અને દર્શકોએ તાળીઓથી વધાવી લીધા હતા. કાર્યક્રમના અંતે, ગુરૂ નિર્વા શાહે આશિર્વચન સાથે જેનિતાને ભરતનાટ્યમની ટ્રેનિંગ પૂર્ણ કરવા બદલ પ્લેક આપી હતી. (માહિતી : કૃષ્ણકાન્ત શાહ (કેકે)

'ગુજરાત દર્પણ' માસિકમાં
આપના ધંધા-વ્યવસાયનો વ્યાપ વધારવા
જાહેરાત તથા
સામાજીક-ધાર્મિક
સંસ્થાના સમાચાર
પ્રકાશિત કરવા માટે સંપર્ક કરો....
શ્રી સુભાષ શાહ : મો.+1 (510)449-8712

મહેસાણા કડવા પાટીદાર સમાજ દ્વારા દિવાળી પર્વની ઉજવણી





તા.૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મહેસાણા કડવા પાટીદાર સમાજ દ્વારા દિવાળી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીની મહત્તા અને આપણાં સ્વચ્છતા, રંગોળી, દીવા પ્રગટાવવા, ખાસ ભોજન તેમજ પાંચ દિવસની વિવિધ પૂજાઓ પાછળના વૈજ્ઞાનિક કારણો સમજાવવામાં આવ્યા. જેથી આપણાં યુવાનો તેમાં જોડાય અને પરંપરાને અનુસરે તે માટે પ્રેરણા મળે. પ્રાયોજકો દ્વારા દીવા પ્રગટાવવાની વિધિ કરવામાં આવી અને તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

'મહેસાણાના ગામડાનું જીવન' દર્શાવતું નાટક રજૂ કરવામાં આવ્યું, જેને જોઈ સૌને જૂના દિવસોની યાદ તાજી થઈ અને તે સૌ માટે આનંદદાયક બન્યું. બાળકો માટે તે તેમના દાદા-દાદીનું જીવન જાણવા અને શીખવાનો અવસર બન્યો. બાળકો અને વયસ્કોએ સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યા. દરેક કાર્યક્રમ વચ્ચે હાસ્ય અને જ્ઞાનની વાતો કરીને સમાજને એકતામાં જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અંતે સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી, દિવાળીની શુભેચ્છાઓ પાઠવી, મીઠી યાદો સાથે ઘરતરફ જવા રવાના થયા હતા.



Serving since 2000

WORLDWIDE Holidays



10 Days Price from: $3,640

South Africa

Departure Dates: Feb 03, Mar 20.
Extend to include: Victoria Falls & Kenya Safari

$580 off if booked by end of Dec.

5-12 Days

Kenya Safari

Book any Dates. Various Safaris available from 5-12 days with unlimited game drives.

Call for best offer

12 Days

Japan with Cherry Blossom

Departure Dates: Mar 22, 24, 31, Apr 05, 07, 12

$290 OFF if Booked before end of Dec.

12 Days Price from: $3,546

South Korea Flower Festival

Dep. Dates: Apr 14, 21, May 10, 23

$580 off if booked by end of Dec.

13 Days Price from: $3,360

Vietnam & Cambodia

Departure Dates: Feb 03 , Mar 20

$220 OFF if booked by end of Dec.

16 Days

China

Departure Dates: May 09, Jun 20, Jul 18

$290 OFF if Booked before end of Dec.

14 Days

Canada Rockies & Alaska Cruise

Dep. Dates: May 12, Jun 09, Jul 14, Aug 25, Sep 22

$290 OFF if Booked before end of Dec.

15% OFF for 2026 European Tours
if booked before end of December

All Major Sight Seeing | All tips & Charges included | All inclusive Packages
Professional Tour Managers | Over 24 years of professional experience
Specialist in Escorted Group Tours & Community Group Tours

New Tour **UK & Scotland** (5-8 Days)

ABTA Travel with confidence
All tours are financially protected by ATOL & ABTA

+1 866 997 3360
Sona Tours, 718 Kenton Road, Harrow, London, HA3 9QX, UK.
usa@sona.tours

sonatours
more choice • more quality • more fun
www.sona.tours

In association with Sona Tours Ltd UK | Office in: UK, Kenya, Australia, USA, India.

શ્રી સ્વામિનારાયણ ભગવાને નીલકંઠવર્ણી સ્વરૂપે કરેલ લીલાચરિત્ર

શ્રી વર્ણીરાજ ચરિત્ર

ભાગ - ૧૯

સંકલનકર્તા :
શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી -
ગુરુમહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી
(શ્રી સ્વા.મંદિર-વડનગર)

(ગતાંકથી આગળ ચાલું....)

વર્ણીરાજ અને રામાનંદ સ્વામીનું મિલન :

આ રીતે લોજ ગામમાં રહી સેવા કરતા વર્ણીરાજને વૈશાખ માસ પણ પૂરો થયો. અડધો જેઠ પણ વીતી ગયો. પછી રામાનંદ સ્વામી રથમાં બેસીને ભૂજના ભક્તોને આશ્વાસન આપીને માર્ગમાં આવતાં ગામોમાં ભક્તજનોને દર્શન આપતા આપતા પીપલાણા ગામ પધાર્યા, અને નરસિંહ ભગતને ત્યાં ઉતારો કર્યો. અને કુંવરજી નામના એક દૂતને લોજ ગામે મોકલ્યો. કુંવરજીએ મુક્તાનંદ સ્વામી પાસે આવીને કહ્યું : 'રામાનંદ સ્વામી આવી ગયા છે ને તમને સૌને પીપલાણા બોલાવ્યા છે.' રાત્રે ચંદ્ર ઉદય થયો તે વખતે બધાંજ સંતો અને વર્ણીરાજ લોજ ગામથી નીકળ્યા. સ્વામીના દર્શનની ઉત્કંઠાથી ઉતાવળા ચાલવા લાગ્યા. પરંતુ તપસ્વી એવા વર્ણીરાજ પૃથ્વી ઉપર પડી ગયા. સંતોએ ચરણ દાબી દીધા. પછી કહ્યું કે, 'હે વર્ણીરાજ તમે યોગ ધારણા કરો. તો જ આપણે પીપલાણા પહોંચી શકીશું.' અને પછી વર્ણીરાજ જ્યારે યોગ ધારણા કરી ચાલવા માંડ્યા ત્યારે બધા જ સંતો વર્ણીરાજની પાછળ દોડવા લાગ્યા. પરંતુ કોઈ પહોંચી શકયા નહીં. પીપલાણાની બાજુમાં ઓજત નદી ભરપૂર વહેતી હતી, પણ વર્ણીરાજ તો પાણી ઉપર ચાલતા ગયા અને બધા સંતોએ હોડીમાં બેસી નદી ઉલ્લંઘન કરી. જેઠ વદ બારસના દિવસે નરસિંહ વિપ્રને ઘેર પહોંચીને રામાનંદ સ્વામીના દર્શન કર્યા. ગૌર અંગવાળા, પુષ્ટમૂર્તિ, શ્વેતાંબરધારી, આજાનબાહુ અને કમળ પાંખડી જેવાં છે નેત્ર જેમના અને ભક્તજનોએ ચંદન પુષ્પથી પૂજેલા એવા રામાનંદ સ્વામીને વર્ણીરાજે સાષ્ટાંગ પ્રણામ કર્યા. સ્વામી ઊભા થઈને બે હાથથી ઉપાડીને બાથમાં ઘાલી મળ્યા. રામાનંદ સ્વામી પણ એક ધ્યાનથી શ્રીહરિ તરફ બે ઘડી સુધી જોઈ રહ્યા. ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ વર્ણીરાજનું બધું જ વૃતાંત કહ્યું. વર્ણીરાજ પણ કહેવા લાગ્યા. આજે મારા મનોરથ પૂર્ણ થયા છે. દર્શન કરીને હું કૃતાર્થ બન્યો છું. પછી તો દૂધ, સાકર, પેંડા તથા અનેક ફળો વડે રામાનંદ સ્વામીએ સૌનો સત્કાર કર્યો. આ ધરતી ઉપર વર્ણીરાજ શ્રીહરિ તથા મુનિરાજ રામાનંદ સ્વામીનું મિલન ખૂબ જ દર્શનીય બની ગયું.



રામાનંદ સ્વામીએ એકાદશીનું જાગરણ કરીને વર્ણીરાજને જન્મસ્થાન, કુળ, માતાપિતા, ગોત્ર, વેદ, ઈષ્ટદેવ વૈરાગ્ય થવાનું કારણ, સ્વજનોનો ત્યાગ, વનવાસ, તપયોગ, તીર્થયાત્રા આદિ આ બધું જ અનુક્રમથી પૂછ્યું. વર્ણીરાજે ઉત્તર આપ્યા. તે સાંભળીને રામાનંદ સ્વામી બોલ્યા, 'ઓહો! વર્ણીરાજ તમે તો અમારા છો. કારણકે છપૈયાવાસી ધર્મદેવ અને તમારા માતા ભક્તિદેવી અમને પ્રયાગમાં મળ્યા હતાં અને અમારા થકી એમને દીક્ષા લીધેલી. સદ્‌ગુણોમાં તમારા પિતાથી પણ તમો અધિક છો. એ વખતે રામાનંદ સ્વામીના શરીરમાંથી તેજ નીકળ્યું, અંધારી રાત્રિમાં પૂનમના દિવસની જેમ પ્રકાશ થઈ ગયો. આવું આશ્ચર્ય દેખીને સર્વને ખૂબ આનંદ થયો. એક પહોર સુધી આ પ્રમાણે તેજ દેખાયું. પછી લીન થઈ ગયું.'

આ જોઈ વર્ણીરાજે કહ્યું, 'ભગવાન સ્વામીમાં વસે છે તે વાત સાચી છે.' રામાનંદ સ્વામીને પણ નિશ્ચય થયો. આ વર્ણીરાજ તો સાક્ષાત ભગવાન છે. પરંતુ ભગવાનની ઈચ્છાથી આવો નિશ્ચય સ્વામીને કાયમ યાદ ન રહેતો હતો. હજારો નર-નારીઓ સ્વામીના અને વર્ણીરાજના દર્શન કરવા આવવા લાગ્યા. તે સૌને રામાનંદ સ્વામી વર્ણીરાજની ઓળખાણ કરાવતા હતા. પછી વર્ણીરાજે કહ્યું, 'સ્વામી મને તમારી કંઈક સેવા આપો. રામાનંદ સ્વામીએ વિચાર કર્યો, વર્ણીરાજ તો સ્વયં પરમાત્મા છે. તેમની પાસે કેમ કરી સેવા કરાવાય! છતાં પણ વર્ણીરાજના સંતોષ માટે તેમણે કહ્યું કે અમે રોજ સવારે પૂજા કરવા બેસીએ ત્યારે તમારે પૂજાની સામગ્રી તૈયાર કરી લાવવી. આવી સેવા બતાવી જેથી પોતે લાવે અને પોતે સેવા કરે!'

પૂજાના સમયે ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, તુલસીપત્ર વગેરે વસ્તુઓ વર્ણીરાજ માગ્યા વગર જ હાજર કરતા. રામાનંદ સ્વામી જ્યારે પૂજા કરતા ત્યારે પરમાત્મા દિવ્ય સ્વરૂપે અર્પણ કરેલી વસ્તુઓનો સ્વીકાર કરતા. આ રામાનંદ સ્વામી સિવાય બીજું કોઈ દેખાતું નહીં.

વર્ણીરાજ વિચાર કરવા લાગ્યા, ગુરુની માફક જ મારી પાસેથી પણ પરમાત્મા ક્યારે પૂજા વસ્તુ સ્વીકારશે! મારી આ ઈચ્છા ગુરુની સેવાથી જ સફળ થશે. એ પ્રમાણે ગુરુસેવા કરતાં ચાર માસ પૂરા થયા. રામાનંદ સ્વામીએ વર્ણીરાજને મહાદીક્ષા આપવાનો વિચાર કર્યો.

વિક્રમ સંવત ૧૮૫૭માં કાર્તિક સુદ એકાદશીના દિવસે સવારમાં મોટા મહોત્સવથી અને વિધિપૂર્વક મહાદીક્ષા આપવાની તૈયારી શરૂ કરી. એકાદશીના સવારમાં વિધિના જાણકાર બ્રાહ્મણો પાસે અંગદેવતાઓનું સ્થાપન કરાવ્યું અને મહાપૂજા કરી, આરતી ઉતારી અને વર્ણીરાજને શ્વેત કોપીન તથા ધોતિયું ઓઢવા માટે આપ્યું. કંઠમાં તુલસીની બેવડી કંઠી ધારણ કરાવી, તિલક ચાંદલો કરાવ્યો અને જમણા કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો.

રામાનંદ સ્વામીએ ઉપદેશ આપ્યા પછી વર્ણીરાજના સહજાનંદ અને નારાયણમુનિ એવા બે નામ આપ્યાં અને હવે વર્ણીરાજ બન્યા સહજાનંદ સ્વામી....


આમ ઘનશ્યામમાંથી નીલકંઠ અને નીલકંઠમાંથી સહજાનંદ સ્વામી બન્યા. જેતપુરમાં રામાનંદ સ્વામીએ ઉધ્ધવ સંપ્રદાયની ધર્મધૂરા સહજાનંદ સ્વામીના હાથમાં સોંપી, સ્વામિનારાયણ નામ આપ્યું. ફરેણી ગામે રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો. રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો ત્યારથી મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો શ્રી સ્વામિનારાયણ ભગવાનને ગુરૂપદે બિરાજી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રચાર પ્રસારમાં લાગી ગયા.

શ્રીજી મહારાજે ગામો-ગામ સત્સંગ કરાવવા માટે પાંચસો પરમહંસ બનાવી તેમના મંડળો દ્વારા આખા ગુજરાતમાં ધર્મનો ફેલાવો કરી અધર્મનો નાશ કર્યો. દીકરીને દૂધ પીતી કરવા જેવા કુરિવાજો અને અંધશ્રધ્ધા તથા વ્યસનોથી પ્રજાને મુકત કરાવી અને ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા છે.

શાસ્ત્રોની રચના દેવ મંદિર સ્થાપના તથા આચાર્યપદની સ્થાપના. તે અંતર્ગત શ્રીજી મહારાજે વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગી ભૂષણ જેવા શાસ્ત્રોની રચના કરી અને શિક્ષાપત્રી પોતે રચી મુમુક્ષુઓને જીવન જીવવા માટે દીવાદાંડી આપી. પ્રથમ અમદાવાદમાં પોતાના સ્વસ્વરૂપ એવા શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી અને સમગ્ર ગુજરાતભરમાં નવ મંદિરોની રચના કરી. અમદાવાદ અને વડતાલ એમ બે દેશ ગાદીની સ્થાપના કરી સર્વે સત્સંગીના આચાર્યપદે અમદાવાદ ગાદી ઉપર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને વડતાલ ગાદી ઉપર શ્રી રઘુવીરજી મહારાજને ઉધ્ધવ સંપ્રદાયની ગાદી સોંપી ૪૯ વર્ષ આ પૃથ્વી પર રહી અનેક મુમુક્ષુ આત્માઓનું કલ્યાણ કરી વિક્રમ સંવત ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ના શુભ દિને શ્રીહરિ સ્વધામ પધાર્યા.

-----000-----

(સંપૂર્ણ)



SHREEJI
JEWELERS
Precious Bond Forever!

CRAFTED TO
SPARKLE,
MADE TO
REMEMBER.

SPECIALIZED IN 22KARAT

GOLD JEWELRY | DIAMOND JEWELRY | SILVER JEWELRY

24KARAT GOLD BAR & SILVER BAR

STORE VISITS BY APPOINTMENTS

214-280-7664 / 214-681-2394 info@shreejijewelers.com www.ShreejiJewelers.com

1431 Greenway Dr. Suite 515 Irving, TX 75038

DFW ગુજરાતી સમાજ દલાસ દ્વારા દિવાળી ડિનર સેલીબ્રેશન



નૂતન વર્ષની શુભકામના પાઠવવા અને ગત વર્ષને વહાલી વિદાય આપવા હેતુ DFW ગુજરાતી સમાજ દ્વારા તા. ૨૪ ઓકટોબર, ૨૦૨૫ના રોજ, 'હોટલ ગિલટોન' ખાતે 'દિવાળી ડિનર' સેલીબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશરે ૬૦૦ ઉપરાંતના સન્માનિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમાજની બહેનોએ બનાવેલ ઘૂઘરા સાથે, દિવાળીની મીઠાઈ અને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. ખાસ ગુજરાતથી પધારેલ, નવયુવાન કલાકારોની જુગલબંદીને ઉપસ્થિત સૌએ માણી હતી. આ વખતે સમાજના પ્રતિષ્ઠિત ડોકટર હસમુખભાઈ વાંકાવાલાને 'ગૌરવવંતા ગુજરાતી'નો પુરસ્કાર, સમાજના માનવંતા સ્પોન્સર્સ ''એપલ-૩ના શ્રી સુનિલભાઈ ધારોડના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગત વર્ષના પ્રમુખશ્રી ભાવિન અમીન અને શ્રી કરુણાબેનને સમાજના ચીફ ટ્રસ્ટીશ્રી આત્મન રાવલ સાહેબના હસ્તે શાલ ઓઢાડી, બહુમાન કરવામાં આવ્યું હતું. ટૂંકમા સમાજે ગુજરાતી હોવાનો ગૌરવ અનુભવ્યો હતો. (માહિતી : કવિ હૃદય કિરણની કલમે)

નોર્થ ટેકસાસમાં BSC (ભારતીય સિનિયર સિટીઝન્સ ઓફ ડલાસ) દ્વારા દિવાળી ડિનર અને નૂતનવર્ષની ભવ્ય ઉજવણી કરાઈ



ભારતીય સિનિયર સિટીઝન્સ ઓફ ડલાસ (BSC) દ્વારા દિવાળી અને નવા વર્ષની ઉજવણી ૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, ઓક્રો મીડલ સ્કૂલ-પ્લેનો-દલાસ ખાતે ઉમંગ, આનંદ અને સંસ્કારપૂર્વક યોજાઈ. બપોરે ૩ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી ચાલેલા આ રંગીન કાર્યક્રમમાં ૧૮૦થી વધુ સિનિયર સભ્યોએ પરંપરાગત વસ્ત્રોમાં હાજરી આપી, જ્યાં પ્રેમ એકતા અને આનંદનો સુંદર માહોલ સર્જાયો હતો. દિવાળીના સ્વાદ સાથે આનંદની શરૂઆત... કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દિવાળી નાસ્તા-ઘૂઘરા, બકલાવા, મઠીયા, ચવાણું અને મસાલેદાર ચા સાથે થઈ. સભ્યો આ સ્વાદિષ્ટ નાસ્તાનો આનંદ માણ્યો તથા ફોટો બુથમાં યાદગાર તસવીરો લઈને પળોને કાયમી બનાવી. જન્મદિવસ અને લગ્નવાર્ષિકી સેલિબ્રેશન : બીએસસીની સુંદર પરંપરા મુજબ નવેમ્બર મહિનાના જન્મદિવસ અને લગ્નવાર્ષિકી ધરાવતા સભ્યોને ફૂલની ભેટ અર્પણ કરી શુભકામનાઓ પાઠવવામાં આવી. સૌએ મળીને 'હેપ્પી બર્થ ડે' ગીત ગાઈ આનંદ વ્યકત કર્યો.

સ્વાસ્થ્ય અને ઈન્સ્યોરન્સ પર ઉપયોગી માહિતી : Affordable Health Insurance Services ના સીઈઓશ્રી બોની બોડેલીયા એ મેડીકેર પ્લાન (૨૬) તથા હેલ્થ ઈન્સ્યુરન્સ વિશે માર્ગદર્શન આપ્યું. સભ્યો માટે માહિતી અત્યંત ઉપયોગી અને સ્પષ્ટ રહી. કાર્યક્રમને રોમાંચક બનાવવા માટે તેમણે રાફલ ડ્રો યોજ્યો અને આશરે ૧૫ ઈનામો વિતરણ કરીને સૌને આનંદિત કર્યા હતા. નટખટ નારી ગ્રુપનો ઉર્જાભર્યો ફોક ગરબો : ફલાવર માઉન્ટ, ટેકસાસથી આવેલ, 'નટખટ નારી ગ્રુપ' દ્વારા ઉત્સાહભર્યો ફોક ગરબો રજુ કરાયો જેને સર્વે ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટ સાથે બિરદાવ્યો હતો. આ દરમ્યાન નયનાબેન પટેલની હાસ્યમય અને ભાવસભર શાયરીએ સૌના દિલ જીતી લીધા હતા. સંગીતમય સાંજ-યાદોની સેર : નીતિનભાઈ શાહે બોલીવુડના સુરીલા ગીતો ગાઈ સૌને જૂની યાદોમાં લઈ ગયા. ગીતોના તાલે નટખટ નારી ગ્રુપના સભ્યો ડાન્સ કરીને માહોલને વધુ જીવંત બનાવી દીધો.

બીએસસી-નવી ટીમની જાહેરાત : પ્રમુખ શ્રી પ્રવીણભાઈ પાનસુરીયાએ આગામી વર્ષની નવી ટીમની જાહેરાત કરી હતી, જેમાં શ્રી વિઠ્ઠલભાઈ બલર-પ્રમુખ, શ્રી નરેશભાઈ શાહ-સેક્રેટરી, શ્રી શરદભાઈ પટેલ-ટ્રેઝરર, (હાલના ટ્રેઝરરશ્રી શરદભાઈ પટેલે ૨૦૨૫ના હિસાબો રજૂ કર્યા હતા), ટ્રસ્ટીશ્રી હીરાભાઈ સુતરીયાએ વિદાય લેતા પ્રમુખ પ્રવીણભાઈ પાનસુરીયાના યોગદાન અને સેવાભાવ માટે પુષ્પગુચ્છથી અભિવાદન કર્યુ હતું. શણગાર અને સેવાભાવની ઝલક : દિવાળી શણગાર માટે ફોટો બુથ અને ડીનર ટેબલની સુંદર સજાવટમાં ભારતીબેન પટેલ, કપિલાબેન સુતરીયા, પૂર્ણિમાબેન શાહ તથા સમર્પિત વોલન્ટીયર બહેનોએ ખૂબ મહેનતપૂર્વક સેવા આપી હતી. જ્યારે મુખ્ય ડિનર સ્પોન્સર ડો. હરેશભાઈ બોઘરાએ સર્વેને સુંદર વાનગીઓનું, સ્વાદિષ્ટ ભોજન જમાડયું હતું. તેમના ઉદાર યોગદાન બદલ સંસ્થાએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. કાર્યક્રમને અંતે સૌએ ફરસાણ, બે મીઠાઈ અને વિવિધ વાનગીઓનો આનંદ માણ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી હીરાભાઈ સુતરીયા, પ્રવીણભાઈ પાનસુરીયા, નરેશભાઈ શાહ, શરદભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ બલર, બળવંતભાઈ ધાનાણી, ચંપકલાલ છેટા, વિનોદભાઈ નારોલા, શાંતિલાલ ગાબાણી, વી.કે. લીંબાણી, ભારતીબેન પટેલ તથા અન્ય વોલન્ટીયર્સે યોગદાન આપ્યું હતું.



કબીરા

ભાગ - ૩૬

- જિગીષા પટેલ-કેલિફોર્નિયા
ફોન : + ૪૦૮-૭૭૫-૫૨૪૦

કબીર કાફે-ના નવયુવાન રોક ગાયકોનો અદકો પરિચય :

'કબીર કાફે' વિશે તો તમે જાણ્યું, પણ તેના નવયુવાન ગાયકો કબીરને ગાવા કેમ પ્રેરાયા? અને એ લોકો કબીરને લોકો સુધી પહોંચાડવા કેમ માંગે છે? તેની રસપ્રદ વાતો જાણી સમજીએ કે કબીર કેમ? કબીરનાં દોહા સ્ટેજ પર હજારો નવયુવાનોની સામે ગાતા અને તેના અર્થ ઉકેલતા 'કબીર કાફે'નાં પાંચ યુવકોની વાત :

એક કહું તો હૈ નહીં, દો કહું તો ગારી,
હૈ જૈસા તૈયાર રહે, કહે કબીર બિચારી.



'માત્ર સંગીત અને મેલડી માટે નહીં પણ કબીર અને તેમના જીવનદાયી સરળ દર્શનને લોકો સુધી પહોંચાડવા તેમણે માત્ર, કબીરને ગાવાનું પસંદ કર્યું છે.' આવું કહેનાર યુવાન નિરજ આર્યા 'કબીર કાફે' શરૂ કરનાર અને 'કબીર કાફે' રોક બેન્ડનાં મુખ્ય ગાયક છે. નિરજે અમેરિકાની વિસ્કોનસન યુનિવર્સિટીમાંથી ફિલ્મ મેકીંગ અને એડીટીંગનો કોર્ષ કર્યો છે. બહું બધાં કવિઓ અને રચનાકાર છે, પરંતુ કબીર જ કેમ? અને તમારી કબીર સાથેની યાત્રા અને આ 'કબીર કાફે' કેવી રીતે શરૂ કર્યું? તેની રસપ્રદ વાત તેમના જ શબ્દોમાં....

'હજુ પણ હું કબીરને શોધી રહ્યો છું. ૨૦૦૬થી શોધી રહ્યો છું. મેં તો માત્ર દસ માર્કસ મેળવવા માટે સ્કૂલમાં કબીરનાં દોહાને ગોખ્યા હતાં. પરંતુ શબનમ વીરમનીજીનાં કબીર પ્રોજેક્ટસમાં સંગીતમય પ્રસ્તુતિ અને તેમની કબીરની દસ્તાવેજી ફિલ્મ 'કબીર ખડા બાજારમેં' જોઈ મને કબીરને શોધવાની અને સંગીતમાં ઉતારવાની પ્રેરણા મળી.'

'પોથી પઢ પઢ જગ મુઆ, પંડિત ભયા ન કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોય.'

'આવા આવા કબીરનાં દોહાં સાંભળી, સમજી, પ્રેમનો ભાવ રાખવો બહુ જરૂરી છે તે સમજાયું. બધાં લોકો કબીર છે અને બધાંની અંદર કબીર જીવે છે. અજ્ઞાનનું પોલ્યુઝન આવે ત્યારે કબીર છૂપાઈ જાય છે. કબીરનાં જ્ઞાનનાં પ્રકાશથી સાફ કરીએ એટલે પાછો કબીર દેખાવા લાગે છે. એ સમજાયું. હું પોતાની ભીતર જોવા અને દરેક નવયુવાનને પોતાની ભીતર જોતાં કરવા માંગુ છું. માલવાનાં અંતરિયાળ ગામોમાં જઈને કબીરને ગાતાં શીખી સમજવા પ્રયાસ કરી રહ્યો છું.'

આવો કબીરનો સંદેશ લોકો સુધી પહોંચાડવાના ભાવ સાથે બાન્દ્રાનાં રેલ્વે સ્ટેશન પર ઊભો રહી પોતાની મસ્તીમાં મસ્ત બની નિરજ ગિટાર સાથે કબીરને ગાતો હતો. તેના જીવન પ્રત્યેના ઉત્સાહ ભરેલ અભિગમને જોઈ વાયોલિન વાદક મુકુંદ તેના તરફ આકર્ષાયો. મુકુંદ વાયોલિન વાદક હતો એટલે તેનું ધ્યાન ટયુન પર જ હતું, શબ્દો પર તેનું ધ્યાન બહું ઓછું હતું. 'કબીર કાફે' સાથે કાયમ માટે જોડાઈ સૂર સાથે શબદને જાણતો થઈ ગયો.

બિઝનેસ એડવર્ટાઈઝીંગ કંપનીમાં ક્રિએટીવ ડાયરેક્ટર તરીકે કામ કરતાં રમન ઐયરને જ્યારે પૂછવામાં આવે છે કે, કબીરને ગાઈને તમને કેવી અનુભૂતિ થાય છે? ત્યારે તેનો જવાબ સાંભળીને કબીરનાં શબ્દો આજનાં યુવાનોના હૃદયમાં પણ સોંસરવા ઊતરી જાય તે સમજાય છે. ચાલો, જાણીએ રમણનો જવાબ....

'એડવર્ટાઈઝીંગ ક્રામ કરતાં નીરજ અને મુકુંદની ઓળખાણ થયેલી. મન મળી ગયાં, કોઈ અનોખું ખેંચાણ અનુભવાયું. શનિ, રવિ કબીરનું ભજન પ્રેક્ટિસ કરતાં તે મારી અંદર વાગોળાતું. સોમવારની સવારથી મારું એડવર્ટાઈઝીંગ અને માર્કેટિંગનું કામ કરવાનું, લોકોને જે નથી તે બતાવવાનું અને જે હકીકતમાં છે એને છૂપાવવાનું. એ વાત મારા આત્માને સતત ડંખવા લાગી. મેનીપ્યુલેશન કરવાનું કામ, કબીરની વાતથી એકદમ વિરુદ્ધ વિચારધારા હતી. રોજ કબીર વિચારધારાથી વિરુદ્ધ વર્તનથી રાતની ઊંઘ હરામ થઈ ગઈ. તો બીજી બાજુ કબીરનાં ભજન માટેની પ્રેક્ટિસ ક્લાકોને બદલે રાતોની રાતોમાં ફેરવાઈ ગઈ. કબીરનાં સંગીતે અમને એકમેકમાં ભેળવી દીધાં. હું કબીરમય બની ગયો. નોકરી છોડી 'કબીર કાફે' સાથે જોડાઈ ગયો. કબીરને ગાતા ગાતા અંદરથી જ આપણે બદલાઈ જઈએ છીએ. કબીર ક્યારેય શોખ માટે ન હોય. તે તો આપણા રોજબરોજનાં જીવન સાથે જોડાયેલા છે. કબીરને તો સતત જીવવો પડે. રોજ અનુભવવો પડે. કંઈક મેળવવાની ચાહમાં ખરેખર સુખી થવા અને જીવનનો સાચો આનંદ મેળવવા શું કરવું? તે મને સમજાઈ જાય છે. નકામી દુન્યવી સુખો પાછળની દોટ વાહિયાત લાગવા માંડે છે. મૂળ હું દક્ષિણ ભારતનો એટલે કબીરનાં હિન્દી અને જુદી ભાષામાં લખાયેલ શબ્દો મારે માટે ટ્રાન્સલેશન હતા, પણ કબીરને ગાતાં ગાતાં તેના શબ્દોએ મને અંદરથી ઓગાળીને કબીરનાં શબ્દોનાં સત્યને સમજતો કરી દીધો. તેના શબ્દોની સમજ જીવનમાં કેટલી જરૂરી છે તે શબ્દે શબ્દે સમજાતી ગઈ અને અનુભવાતી ગઈ.' અને ગાય છે અને સમજાવે છે :

'સુનતા નહીં ધૂનકી ખબર, અનહદ કા બાજા બાજતા,
કાશી ગયા ઔર દ્વારકા, તીર્થ સકલ ભર મત ફિરે...
ગાંઠે ન ખોલી કપટકી તિરથ ગયા તો ક્યા હુઆ?'

'આપણી અંદરથી અવાજ આવે છે કે આપણે સાચું કરીએ છીએ કે ખોટું! પણ આપણે તો ભગવાનને આપણી શરતોથી તોલીએ અને મૂલવીએ છીએ. અંદરનો માંહ્યલો તો સાચું કહે છે, પણ આપણે ભગવાનને આપણી રીતે મૂલવી પૈસા અને ચડાવા-ભેટ-સોગાદો આપી ભગવાનને મનાવવાનો દેખાડો કરીએ છીએ.'

'કબીર કાફે'નો સૌથી યુવાન ૨૧ વર્ષનો વિરેન સોલંકી કબીરપંથી પરિવારનો જ છે. તેના પિતાજી માલવાનાં ફોક મ્યુઝીક્ષન હતાં. વિરેન બાળપણથી કબીરની અમૃતવાણી રોજ સવારે સાંભળીને મોટો થયો હતો. તેણે કબીરને વાંચ્યા પણ હતા. તે કહે છે 'હું કાર્ટર રોડ પર ચાલતો જતો હતો અને મેં આ લોકોને કબીરને જુદી રીતે પ્રસ્તુત કરતાં જોયાં અને અમે મળવાનું શરૂ કર્યું. મારી ભીતર તો કબીર હતા પણ ઓળખી નહોતો શકયો. હજુ પણ મારી અંદર રહેલા કબીરને ઓળખવા પ્રયત્ન જ કરી રહ્યો છું.'

અનુસંધાન પાન ૦૮ (08) ઉપર..



'સમૃદ્ધિ જ જાણે કે જીવનનું ધ્યેય બની ગયું!'

આર. ડી. પટેલ
(Psychotherapist):
908-418-3836

સમૃદ્ધિ-માલમિલકત, જમીન-જાગીર, ધન-દૌલત
હીરા-માણેક, જર-ઝવેરાત, ગાડી-બંગલા, અને હવે
શેર-સ્ટોક-બોન્ડ અને મૂડી-રોકાણો.

એવું નથી કે આ બધું પહેલાં ન હતું. ત્યારે પણ હતું. નહીંતો શાસ્ત્રો પણ ચાર આધારસ્તંભોમાં એક 'અર્થ' મૂકતે જ શું કામ? એટલે કે જીવન નિર્વાહ માટે એ ચારેય થાંભલાની જરૂર પડે. એનું સરખું મહત્વ ગણાય. પણ ના. હવે એવું રહ્યું નથી. એ ચાર થાંભલા વચ્ચે અસંતુલન થયું છે, અને એના પરિણામે આ જીવનરથ ડોલવા લાગ્યો છે! આપણે વાત એની જ કરવી છે.

માણસ રઘવાયો થયો છે. માણસ અ-ધરાયો થયો છે.
એને બધું જોઈએ છે. એને બધું અત્યારે જ જોઈએ છે.
એને આદર્શો, મૂલ્યો, ધર્મ કે વ્યવહારની ચિંતા નથી.
એને જોઈએ છે તો સુખ, સમૃદ્ધિ, આનંદ અને મઝા.
સત્તા, સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને વાહ-વાહ હવે નવી જીવનશૈલિ છે!
અને આ એક ગજબનું પરિવર્તન છે.

અને આ એક-બે માણસોની વાત નથી. સમગ્ર માનવ-સમુદાય આ હરિફાઈમાં છે. બધાંને પૈસાદાર થવું છે. બધાંને 'પ્રખ્યાત' થવું છે અને આ બધું ફટાફટ, રાતોરાત, ઓવરનાઈટ કરવું છે!

'કેટલું પૂરતું કહેવાય' એ સમીકરણ હવે પ્રશ્નાર્થ બની ગયું છે. અને જ્યારે બહુમતિ એ દિશામાં હોય ત્યારે એ જ 'સાચું' લાગે છે. અને કોઈ એને પડકારતું નથી. પડકારનાર ત્યારે મૂરખ જ ગણાય! કારણકે
ભલે, સંસાર અસાર કહેવાતો હોય,
પૈસા કોને ગમતા નથી?
પૈસા કોને વહાલા નથી?
શું છે આ પૈસા? શું છે આ ધનદૌલત?
પૈસા હોય, સમૃદ્ધિ હોય તો સગવડો મળે.
સત્તા, પ્રતિષ્ઠા હોય તો, અહમ્‌ને પુષ્ટિ મળે.
પૈસા અને સમૃદ્ધિ, સત્તા અને પ્રતિષ્ઠા
આ બધાંથી સુખ ના મળે.
કારણકે જે સુખી છે, એતો આ બધામાં પડતો જ નથી.
અને જેઓ સુખની શોધમાં, આ બધામાં પડયા છે, તેઓ પણ
હજી સુખી થયા નથી ને?
કારણકે
જો સુખી થયા હોય તો દોડવાનું બંધ ના કરે?

તમે કહેશો, 'હું નિવૃત્ત થયો. મેં હજારો-લાખોની નોકરી કે પછી હજારો-લાખોનો ધંધો વેચી દીધો, બંધ કર્યો, કે પછી સંતાનોને સોંપી દીધો.' સાચી વાત છે. તમે એમ કર્યુ પણ છે. પણ હવે પછી શું?

શું તમે દોડવાનું બંધ કર્યુ?
શું તમે સુખી થયા?
શું તમે સંતુષ્ટ થયા?
શું તમે સરળ અને પ્રમાણિક રહ્યા?

ના ને? બસ, તો પછી દોડવાનું ચાલુ રાખો. તમે દોડવાનું બંધ નથી કર્યુ. તમે એ તમારી દોડવાની દિશા બદલી છે. પહેલાં દુકાને, કામધંધે, નોકરીએ જતા હતા, હવે દેશ-પરદેશની મુસાફરીએ અને સમાજોની પદ-પ્રતિષ્ઠા ને વાહ વાહ તરફ વળ્યા છો. થોડાક સમૃદ્ધ માણસો વળી માનસરોવર સુધીની જાત્રાઓ સુધી જાય છે! સુખની શોધમાં?

ધર્મ સમજ્યા વગર મોક્ષની શોધ કેવી રીતે થાય?
કરિયાણાની દુકાને જાઉં તો મને ખબર તો હોવી જોઈએ ને કે હું ત્યાં શું કામ ગયો છું?

અધર્મ છોડતો નથી અને ધાર્મિક કહેવડાવવા ફાંફાં મારું છું!
કેવું કહેવાય? કેટલું મોટું પરિવર્તન છે આ?

સમૃદ્ધિ વધી છે તો સાથે સાથે લોભ, લાલચ અને અ-ધરાવો પણ વધ્યાં છે. અને જ્યાં લોભ અને લાલચ હોય ત્યાં, આદર્શો અને મૂલ્યોમાં છૂટછાટ લેવાય જ લેવાય!

જે ચાલી રહ્યું છે, વૈશ્વિક કક્ષાએ, ચારેય બાજૂ એ બધું આશ્ચર્યજનક છે. ના સમજાય એવું છે. બુદ્ધિ બહેર મારી જાય એવું છે.

જો તમારી ઉંમર ૭૦-૮૦ વર્ષ હોય તો તમે કદાચ તમારા દાદાને પણ જોયા હશે. તમે તમારા બાપાને તો ઘણાં વર્ષો ખૂબ નજદીકથી જોયા હશે! અને તમારાં એ સિત્તેર વર્ષ. હવે આગળ જૂઓ. તમારી સમક્ષ તમારાં સંતાનો અને એમનાં સંતાનો છે. એટલે કે તમે કુલ ચારથી પાંચ પેઢી જોઈ શકવા સમર્થ છો.

કેટલું બધું બદલાયું?
તમારા દાદા અને પછી બાપા કેવું જીવતા હતા?
ત્યારબાદ તમે કેટલા ફેરફારો કર્યા?

અને તમારાં ગ્રાન્ડ ચિલ્ડ્રન? તમારા બાપા કે તમારા દાદાની સરખામણીમાં તમારાં જ એ સંતાનો કેટલા જૂદાં છે? જાણે કે એ તમારા દાદાનું લોહી જ ના હોય!

પરિવર્તન જીવનનો એક મહત્વનો હિસ્સો છે.
પરિવર્તન રોકી શકાય નહીં. આ સાચું છે.
પણ આપણે એની વાત કરતા નથી.
આપણે વાત કરીએ છીએ 'માણસ અ-ધરાયો થયો છે' એની!

માણસ શિક્ષિત થયો છે.
માણસ સમૃદ્ધ થયો છે.
માણસ અ-શાન્ત થયો છે.
માણસ અ-ધરાયો થયો છે.
ધર્મ અને મોક્ષ ગૌણ બન્યાં છે કે પછી
અર્થ અને કામને બળ આપવા ઉપયોગમાં લેવાય છે.
બાકી અર્થ અને કામનો જ આ યુગ ચાલી રહ્યો છે.
દંભ, ઢોંગ, પાખંડ, બનાવટ અને છેતરપિંડીનો આ જમાનો છે.
અને એટલે
સમૃદ્ધ અને શિક્ષિત માણસ અ-શાન્ત અને અ-સંતુષ્ટ છે.
સમૃદ્ધ અને શિક્ષિત માણસ પણ સુખી નથી જ!
હજી વધારે દારુની દુકાનો અને
વધારે મોટાં મંદિરોની જરૂર પડશે.
એ અ-ધરાયા અને અ-શાન્ત માણસને સંતાવાની જગ્યાઓ જોઈશે.
પરિવર્તન જોરમાં છે.
પરિવર્તન ચારેય દિશામાં છે.
પરિવર્તન દરેક ક્ષેત્રમાં છે.

ગામડામાં રહેતો એક સામાન્ય માણસ. એનો દીકરો ભણવામાં હોંશિયાર નીકળ્યો. તકલીફ વેઠીને પણ સારું ભણ્યો. પરદેશ જવાની તક પણ મળી. ગયો પણ ખરો. એ ભૌતિક સમૃદ્ધિની હરિફાઈમાં જોડાઈ ગયો. ગામડે મા-બાપ. ગરીબીમાં જીવતાં હતાં. દીકરાએ એમને 'સુખ' મળે એટલે એમને પણ એ પરદેશની સંસ્કૃતિમાં નાંખ્યા. ઈરાદો શુદ્ધ હતો. પરિણામો અશુદ્ધ નીકળ્યાં.

સમૃદ્ધિની દોડમાં દીકરો બદલાયો.
સંજોગોના કારણે મા-બાપ બદલાયાં.
ગામડા ગામના એ ભલાં-ભોળાં માનવો
સમૃદ્ધિની આડમાં સુખી થવાને બદલે અ-માનવો બન્યાં!

એમનાં જેવાં જ, અભડાયેલાં, બીજાં માનવોની ભીડમાં
એ કયાંક ખોવાઈ ગયાં! તેઓ સમૃદ્ધ થયાં. તેઓ સુખી ના થયાં!
શું છે આ સમૃદ્ધિ?
અને કેટલું પૂરતું કહેવાય?
અને આ નક્કી કેવી રીતે થાય?
પતિ, હજારોપતિ, લાખોપતિ, કરોડપતિ, અબજોપતિ અને પછી... પતી!
આપણને બધાંને આ બધી ખબર છે.
આપણને એ પણ ખબર છે કે 'કશું સાથે જતું નથી' અને છતાં
આ વધારે મેળવવાની, વધારે ભેગું કરવાની લાલસા ઓછી કેમ થતી નથી.
મેળવવું અઘરું નથી.
જરૂર નથી માટે 'ના' કહેવું એ અઘરું છે.
'ખોટું છે એટલે લેવું નથી' એમ કહેવું એ પણ અઘરું છે.
કયાંથી આવી આ 'અ-ધૂરપ' મારામાં?
કયાંથી આવી આ ખોટું કરવાની મારી તત્પરતા?
આ અજંપો, આ ઓછપ, આ અ-ધૂરપ?
બધાંને બધું મળતું નથી.
બધાંને બધું મળે એ શકય જ નથી.
માણસ સળંગ હવાતિયાં મારે છે બધું મેળવવા,
પરંતુ એ શકય નથી. અને એ 'બિચારો'
સુખી હોવાના ભ્રમમાં જીવ્યે રાખે છે.
સુખ જોઈ શકાય નહીં.
સુખ બતાવી શકાય નહીં.
સુખ એ લાગણી છે.
એ અનુભવી શકાય. એ મેળવી શકાય નહીં.
સુખ બજારમાં કયાંય મળતું નથી.
શાસ્ત્રોમાં કહે છે 'બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે એમાં સુખ મૂકયું જ નથી.
મનોચિકિત્સાશાસ્ત્ર કહે છે, 'લાઈફ ઈઝ ડીફીકલ્ટ'.'
તો પછી શેની શોધમાં છે આ માણસ?
સુખ બહાર છે જ નહીં.
સુખ સમૃદ્ધિમાં નથી.
સુખ સંબંધોમાં નથી.
સુખ સત્તા-પ્રતિષ્ઠામાં નથી.
કારણ કે એ બધું બહારનું છે. કામચલાઉ છે.
ઈચ્છાઓના અનેક પ્રકાર છે.
મન એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર કૂદકા મારે છે.
લંચ પત્યુ નથી, ડીનરમાં શું બનાવવું એ વિચાર શરૂ થઈ જાય છે.
પ્રવૃત્તિઓનું ઢાંકણ નહીં પરંતુ
ઈચ્છાઓનું ઢોંકણ બંધ કરવાની જરૂર છે.
સંસાર છોડયો તો ઈશ્વર મેળવવાની, મોક્ષ મેળવવાની ઈચ્છા વળગી.
સુખ કેવી રીતે મળે?
માણસને 'બે મોંઢે બોલવાનો' અને
'ડબલ ઢોલકી વગાડવાનો' રોગ લાગુ પડયો છે!
એ સરળ નથી. એ પ્રમાણિક નથી.
એ ધાર્મિક નથી. એ અધ્યાત્મિક નથી.
બધું જ બદલાઈ રહ્યું છે.
સમૃદ્ધિનું મહત્વ અને વર્ચસ્વ બન્ને વધી રહ્યાં છે.
સામાજીક માળખું જ એવું ગોઠવાય છે કે
એણે દોડવું જ પડે!
એ માણસ દરરોજ નવાં બંધનોમાં ફસાયા કરે છે.
એ વલખાં મારે છે. એ ફાંફાં મારે છે.
એ થાકે છે. એ હારે છે. પરંતુ એ છોડતો નથી.
સુખ મેળવવું હોય તો દોડવાનું બંધ કરવું પડે.
સુખી થવું હોય તો, હરિફાઈમાંથી નીકળી જવું પડે.
દિશાવિહીન થવું પડે.
કારણકે કશું જ ના કરવું એ સૌથી અઘરું કામ છે.
બેસવું પડે. નિરાંતે બેસવું પડે.
જાત સાથે વાત કરવી પડે.
જગતને બહું ઓળખ્યું. હવે 'સ્વ'ને ઓળખવા બેસવું પડે.
અઘરું છે. નિરાંતે બેસવાનું અઘરું છે.
જાતને ઓળખવાનું અત્યંત અઘરું છે.
સંતો-મહંતો પણ આ કરી શકયા નથી.
એટલે તેઓ પણ 'કશુંક મેળવવાની' હરિફાઈમાં છે!
ના મળે.
આ સુખ બધાંને ના મળે.
કોઈક નસીબદારને, કોઈક વિરલાને જ આ મળે.
કારણકે મારે પણ મારી એક ચોકકસ મથાવટી છે!
આટલો બધો વૈજ્ઞાનિક વિકાસ
આટલી બધી ભૌતિક સમૃદ્ધિ
અને છતાં
આટલી બધી અશાંતિ અને અરાજકતા!
સુખ કયારે મળે? સુખ કોને મળે?
સુખ કેવી રીતે મળે?
અઘરું છે.
લોભ અને લાલચમાંથી બચવાનું અઘરું છે.
અભિમાન અને અહંકારમાંથી બચવાનું અઘરું છે.
જીભ તો કહે છે, 'તેરા તુજકો અર્પણ', પણ
મન કશુંયે છોડવા તૈયાર નથી!
જયાં સુધી છૂટતું નથી ત્યાં સુધી 'સુખ' શકય નથી.
સુખ મેળવવામાં નથી, સુખ આપવામાં, છોડવામાં છે.
મારો અ-ધરાવો અને અ-ધૂરપ
મારાથી છોડી શકાતું નથી! મારાથી છૂટતું નથી.
વળગણોનો તોટો નથી!
માણસ સગવડને સુખ માની બેઠો છે.
સગવડને સમૃદ્ધિ સાથે સંબંધ છે.
એ સમૃદ્ધિ વધાર્યા કરે છે, એ આશાએ કે 'સુખી' થવાશે!
આજુબાજુના એ સમૃધ્ધ લોકો અને સમૃધ્ધ પ્રદેશોને જોઈ
એ એવું માનવા પ્રેરાય છે કે
સમૃદ્ધિ સુખ લાવે છે !
શું આ સાચું છે?
સગવડો એ પણ વળગણ છે.
દા.ત. દવાઓ.
રોગનિષ્ણાતો અને મોંઘી દવાઓ,
આયુષ્ય લાંબુ કરે, શરીરને સ્વસ્થ રાખે,
દવાઓથી સુખ ના મળે!
જો હવાતિયાં જ મારવાના હોય, વલખાં મારવાનાં હોય
લાચાર અને બિચારા બની રહેવાનું હોય
અસંતુષ્ટ અને અ-ધરાયા બની રહેવાનું હોય
તો, લાંબુ જીવવાનો શું અર્થ?
સુખી થવું છે, અને
સમૃદ્ધ પણ થવું છે.
આ બે સાથે શકય નથી.
સમૃદ્ધ થવા એ નવા નવા નુસખા ઉભા કરે છે.
સમૃદ્ધ થવા હવે એ કશું પણ કરવા તૈયાર છે.
એ હવે સંબંધોમાં બાંધછોડ કરે છે.

જેઓ એના નફામાં ભાગીદાર થતા નથી, હોતા નથી
એમની સાથે એ છેડો ફાડવા તૈયાર છે.
એના સંબંધો પણ 'ગણતરીપૂર્વક'ના છે!
સેવા, દાન, ધર્મ
મૂલ્યો, આદર્શો, નૈતિકતા
આ શબ્દોની હવે નવી પરિભાષાઓ શોધાય છે.
એના લાભ માટે, એના ફાયદા માટે, કે પછી
એની અનૈતિકતાને, જૂઠાણાને, અપરાધની લાગણી (ગીલ્ટ)ને
છૂપાવવા, એમાંથી છટકવા એ ધર્મ-સેવા-દાનનો ઉપયોગ કરે છે.
એને સમૃદ્ધ થવું છે.
કોઈપણ ભોગે, કોઈના પણ ભોગે એને સમૃદ્ધ થવું છે!
માણસ વ્યસ્ત રહે છે. સતત વ્યસ્ત રહે છે.
કામ ન હોય તો કામ શોધી કાઢે છે.
અથડાય છે. ભટકાય છે. ભચકાય છે. કૂટાય છે પરંતુ
એ ન કરવાનું બંધ કરતો નથી.
વ્યસ્ત રહેવું, સતત જાતને રોકાયેલી રાખવી એ પણ
એક છટકબારી છે. મારી જાતથી ભાગવાની પ્રવૃત્તિ છે.
માણસ સતત રખડયા કરે છે. ભટકયા કરે છે.
અને પછી ફરીયાદ કરે છે, 'ટાઈમ જ મળતો નથી.'
કેટલું મોટું જૂઠાણું!
માણસને એ બધું કોઠે પડી ગયું છે.
સુખ અને સંતોષ એનાથી યોજનો દૂર છે.
'આશા અમર છે' અને
સંતોષી નર સદા સુખી આ સૂત્રો એણે એના ભ્રમ માટે જ બનાવ્યા છે.
બસ, એની જાતને મનાવ્યા કરે છે :
એક દુકાન, બે-ત્રણ-ચાર દુકાન.
એક હોટલ, બે હોટેલ, દસ-બાર હોટેલો
એક મિલિયન, બે મિલિયન, ઘણાં મિલિયનો
આ સમાજ, તે સમાજ, પેલો સમાજ
આ દેશ, તે દેશ, ઘણાં દેશો...
અને બસ, એ અ-ધરાયો અને રઘવાયો માણસ
સમૃદ્ધિની હરિફાઈમાં રમ્યા જ કરે છે.
એ અટકવાનું નામ લેતો નથી. કારણકે
'હજી એ સુખી થયો નથી!'
પૈસાદાર બધાંને થવું છે અને
સુખી પણ બધાંને થવું છે.
મહેનત પણ થઈ શકે એ પ્રમાણે દરેક જણ કરે છે.
પરંતુ
દરેક માણસ પૈસાદાર થઈ શકતો નથી.
અને સુખ તો, ભાગ્યે જ કોઈના ભાગ્યમાં હોય!
હા, ભાગ્ય શબ્દનો અહીં ઉલ્લેખ થવો ઘટે.
કારણકે, આ સમૃદ્ધ થવાની હરિફાઈમાં
પુરુષાર્થની સાથે સાથે પ્રારબ્ધ પણ મહત્વનો ભાગ ભજવે છે.
કર્મનો સિદ્ધાંત.
પુરુષાર્થ અને પ્રારબ્ધ.
પાપ અને પૂણ્ય.
સત્કર્મ અને દુષ્કર્મ.
શરીર, સંબંધ, સમૃદ્ધિ અને સમય (ઉંમર).
આ મને મળેલી ચારેય બાબતોમાં ભાગ્યની વાત આવે જ છે.
કારણકે મળવું કે ના મળવું એ બને એ પહેલાં
મારી પુરુષાર્થની દિશા પણ કોઈક પૂર્વસંસ્કારથી જ પ્રેરિત હોય છે.
નહીં તો વધારે મેળવવાની લાલચમાં
સમૃદ્ધ માણસ પણ એની નૈતિકતા સાથે સોદા શું કામ કરે?
કદાચ મારાથી ખોટું થાય એ, કે પછી
મારાથી સારું નથી થઈ શકતું એ મારાં જ કર્મોનું પરિણામ છે!
આ માનવું પડે એવું છે.
કારણકે હું જે કાંઈ કરું છું એની પાછળ કોઈક કારણ તો હશે ને!
અને મહત્વની વાત તો એ છે કે હું જે કંઈ કરું છું એની
મને તો ખબર હોય જ ને!
અને છતાં એ થાય છે!
સારું કે ખરાબ
નફો કે નુકસાન
પાપ કે પૂણ્ય
સત્કર્મ કે કુકર્મ એ બધું તો
અંગત માન્યતાની બાબત છે, પરંતુ
જે બની રહ્યું છે તે આનંદદાયક તો નથી જ !
કયાંથી આવી આ ભૂખ?
કયાંથી આવ્યો આ અ-ધરાવો?
'હજી વધારે' મેળવવાની અને ભેગું કરવાની લાલચ!
'મની ઈઝ પાવર' અને હું દોડું છું!
જીવન પણ અજબ-ગજબની રમત છે.
મારી સામે કયારે, કેવી પરિસ્થિતિઓ ઊભી થશે એ સાવ અજાણ છે.
સુખ મળવાનું હોત તો કયારનુંયે મળી ગયું હોત!
અમદાવાદમાં હું સુખી જ હતો ને?
પૈસા કદાચ વધારે-ઓછા હતા, પરંતુ હું સંતુષ્ટ હતો.
અને હવે?
હાય-વલૂરા અને ભૂખડવેડા!
આ કોઈની યોજના કે કાવતરું નથી.
આ મારાં જ પૂર્વજન્મોનાં કર્મોનું પરિણામ છે.
જેમને ઠોકાવાનું છે એમને ઠોકાવાનું જ છે.
જેમને અથડાવાનું, કૂટાવાનું છે... નક્કી જ છે.
મને એમ લાગે છે કે હું સુખી થયો એ પણ નક્કી છે.
એ સાચું હોય કે ના હોય, મારે એમ કહેવું જ પડે!
બનાવટ, જૂઠાણું, પરિગ્રહ એ બધું મારી જ કૂંડળી છે!
વેલ, હું જે કંઈ કરી રહ્યો છું,
મારી સાથે જે કંઈ બની રહ્યું છે,
મારી સમક્ષ જે કંઈ રજૂ થાય છે એ બધું
મારા નિયંત્રણમાં નથી.
મને એમ ચોકકસ લાગે કે 'એ હું કરી રહ્યો છું' પરંતુ
એ હું કરતો નથી, મારા દ્વારા થઈ રહ્યું છે.
બાકી જીવવા માટે પૂરતું હોવા છતાં
હજી અટકવાનું મન ના થાય કે પછી
બે મિલિયનના મકાનમાં રહીને પણ સરકારી કરિયાણું લેવા
લાયક બની જાઉં એ આશ્ચર્યજનક નથી લાગતું?
પણ ના. નવાઈ ના પામતા. મારે એ કરવું જ પડે.
સમૃદ્ધિનું વર્ચસ્વ ચારે બાજૂ છવાઈ ગયું છે.
આધ્યાત્મિકતા અને નાતિકતા કયાંક ખોવાઈ ગયાં છે.
જો હું ફરીથી એકવાર એક સરળ અને સંતુષ્ટ માણસ બની શકું,
બે-ચાર માણસોને પણ સાચો પ્રેમ કરી શકું,
મને સહાયરૂપ સૌનો આભાર માની શકું તો
હું નસીબદાર! બાકી 'સમય' નામનું એ પરિબળ મને
જોતજોતામાં એ સળગતી આગમાં ધકેલી દેશે!
સાચું છે ને? સમજાયું કંઈ? શું સમજાયું?

-----000-----



ધમ્મપદ : ગાથા અને કથા

ભાગ-૧૦

લે. ઋષિકેશ શરણ
અનુવાદ : - હર્ષદ મનસુખલાલ દવે
૮૭૫-૮૭૪-૬૨૩૬
hdjkdave@gmail.com

(ગતાંકથી આગળ ચાલુ....)

ગાથા :

તે ઝાયિનો સાતતિકા, નિચ્ચં દળહપરક્કમા ।
ફૂસન્તિ ધીરા નિબ્બાણં, યોગક્ખેમં અનુત્તરં ॥ ૨૩ ॥

અર્થ :

આ રીતે સતત ધ્યાન કરવાવાળો, સજાગ, સદૈવ દ્રઢ પરાક્રમ કરતો રહેતો ધીર પુરુષ ઉત્કૃષ્ટ યોગ-ક્ષેમવાળા નિર્વાણને પ્રાપ્ત કરી લે છે.

કોણ નિર્વાણ પ્રાપ્ત કરશે?
સામાવતી અને માગન્દિયની કથા

માગન્દિયે ફરી એકવાર ષડયંત્ર કર્યું. તેણે પોતાના કાકા ચૂલ્લ માગન્દિયની સાથે મળીને, જેમાં સામા રહેતી હતી તે મહેલમાં આગ લગાવડાવી. સામા અને તેની બધી દાસીઓ આગમાં સળગીને મરી ગઈ. રાજાને સામાનું મૃત્યુ થવાથી ઘણું દુઃખ થયું. તેને એમ લાગતું હતું કે, માગન્દિયે જ તેને મરાવી નાખી હતી. પરંતુ તેની ખાતરી કરવા માટે તેણે માગન્દિયને કહ્યું, 'જ્યાં સુધી સામા જીવતી હતી ત્યાં સુધી મારા મનમાં એવો ભય રહેતો હતો કે તે કયારેક ને કયારેક તો મને મરાવી નાંખશે. સારું થયું કે તે મરી ગઈ. ચોકકસ કોઈ એવું છે કે જે મને બહું જ પ્રેમ કરે છે અને તેણે જ આવું કરાવ્યું હશે.' માગન્દિય રાજની વાતો સાંભળીને બહું જ ખુશ થઈ, તેણે રાજાને કહી દીધું કે તેણે જ આ બધી યોજના પર અમલ કર્યો હતો. રાજાએ એવો દેખાવ કર્યો કે જાણે તે બહું જ ખુશ થયો છે. તેણે માગન્દિયનાં બધાં જ સગા-સંબંધીઓને એમ કહીને આમંત્રિત કર્યા કે તે તેમને ઈનામ આપવા માગે છે. તેઓ સહુ આવ્યા. તેમાં તેના કાકા પણ હતા. તેમના આવ્યા પછી રાજાએ પોતાના સૈનિકોને હૂકમ કર્યો, 'બધાંને ગિરફ્તાર કરી લો અને કેદ સુધી જમીનમાં દાટી દો.' સૈનિકોએ રાજાની આજ્ઞાનું પાલન કર્યું. રાણી બૂમ-બરાડા પાડતી રહી. તેને તથા તેની બધી દાસીઓને સળગાવીને મારી નાંખવામાં આવી.

ભિક્ષુઓએ રાણીના રાણીવાસને સળગતો જોયો ત્યારે તેઓએ બુદ્ધને એ વિષે કહ્યું, તેઓએ શાસ્તાને પૂછ્યું કે સામાવતીની શી ગતિ થઈ. ત્યારે શાકય મુનિએ તેમને કહ્યું, 'જે સળગી ગઈ તે ઉપાસિકાઓમાં કેટલીક શ્રોતાપન્ન હતી, કેટલીક સકૃદાગામી હતી અને કેટલીક અનાગામી હતી. તેઓનું મૃત્યુ એળે નથી ગયું. શાસ્તાએ શિષ્યોને સમજાવ્યું કે પ્રમાદ કરવો એ મરણનું લક્ષણ છે અને અપ્રમાદ જીવનનું લક્ષણ છે.

પછી તેમણે આ ગાથાઓ કહી.

ગાથા :

ઉટ્ઠાનવતો સમિતો, સુચિકમ્મસ્સ નિસમ્મકારિનો ।
સંયતસ્સ ધમ્મજીવિનો, અપ્પમત્તસ્સ યસોભિવડ્ઢતિ ॥ ૨૪ ॥

અર્થ :

ઉદ્યોગશીલ, જાગરૂક, પવિત્ર કર્મ કરવાવાળા, સમજી વિચારીને કામ કરવાવાળી સંયમી, ધર્મ મુજબ જીવન જીવનાર અપ્રમાદી વ્યક્તિનો યશ બહું જ વધે છે.

અપ્રમાદી વ્યક્તિનો યશ વધશે જ
કુંભઘોસકની કથા

સ્થાન : વેણુવન, રાજગૃહ

રાજગૃહમાં એક નગરશેઠ રહેતો હતો. એકવાર ત્યાં ભીષણ પ્લેગ નામનો રોગ ફેલાઈ ગયો. શેઠ-શેઠાણી પણ તેના ભરડામાં આવી ગયા. મૃત્યુ આવતું જોઈને તેમણે પોતાના પુત્ર કુંભઘોસકને સમજાવ્યો કે તે તેઓની ચિંતા કરવાનું છોડી દે અને રાજગૃહ છોડીને જતો રહે. 'આપણો જમીનમાં ચાલીસ કરોડ કાર્ષાપણ અમૂક જગ્યાએ દાટી દીધા છે. તું હમણાં પાછો ન આવતો. જયારે સારો એવો સમય વીતી જાય તથા બધું જ બરાબર થઈ જાય ત્યારે આવજે.' કુંભઘોસક માતા-પિતાની વાત માનીને નગરની બહાર જતો રહ્યો. તેના-માતા-પિતા આ દુનિયા છોડી જતાં રહ્યા.

બાર વર્ષ વીતી ગયા. કુંભઘોસકે હવે ફરી રાજગૃહ પાછા આવવા વિષે વિચાર્યું. તેણે વિચાર્યું કે હમણાં જ તરત જઈને જો તે દટાયેલા ધનને બહાર કાઢીને તેનો ઉપયોગ કરવા લાગશે તો રાજાને શક પડશે અને શકય છે કે તે ધનનો કબજો કરી લે અથવા મારી હત્યા કરાવી દે. આવું વિચારીને તેણે ગામમાં ચોકીદાર તરીકેની નોકરી સ્વીકારી લીધી.

ચોકીદાર તરીકે તે મોટેથી બોલતો રહેતો હતો, 'ઉઠો! ખેતી કરવાનો સમય થઈ ગયો છે, દુકાન ખોલવાનો સમય થઈ ગયો છે.' વગેરે વગેરે... રાજાએ જયારે તેનો અવાજ સાંભળ્યો ત્યારે તેણે પોતાના સિપાહીઓને કહ્યું કે, તેઓ જઈને આ ઘોષણા કરનાર વિષે માહિતી મેળવે, કારણ કે આ અવાજ કોઈ કરોડપતિનો જ હોઈ શકે, કોઈ સાધારણ વ્યક્તિનો હોઈ ન શકે. સિપાહી કોઈ માહિતી ન મેળવી શકયા. પણ રાજા એ વાતનો વળગી રહ્યો કે આ વાણી કોઈ બહું જ ધનવાન વ્યક્તિની જ હોઈ શકે. એટલે રાજાની દાસીએ સત્ય શોધવાની જવાબદારી લીધી. તે કુંભઘોસકની પાસે ગઈ અને તેને ત્યાં એક રાત માટે રોકાશે એવો આગ્રહ કર્યો અને કહ્યું કે આવતીકાલે તે જતી રહેશે. ગમે તેમ કરીને તે તેને ત્યાં રોકાણી અને પોતાનું જવાનું ટાળતી રહી. એ દરમિયાન રાજાએ એક ઘોષણા કરાવી કે તે એક ઉત્સવનું આયોજન કરી રહ્યો છે અને તેમાં સહુએ સહયોગ આપવાનો છે. કુંભઘોસક પાસે પૈસા ન હતા. તેથી તેણે ખજાનામાંથી થોડાક કાર્ષાપણ બહાર કાઢયા અને પોતાનો સહયોગ આપી દીધો. દાસીએ એ બધું જોયું. વાત રાજા સુધી પહોચી ગઈ. રાજાએ તેને પકડીને બોલાવ્યો અને સાચી વાત કરવા કહ્યું. કુંભઘોસકે સાચે સાચી વાત પૂરેપૂરી કહી દીધી. રાજા બહું જ ખુશ થયો અને તેણે પોતાની પુત્રીને કુંભઘોસક સાથે પરણાવી દીધી.

થોડા સમય પછી શાસ્તા રાજગૃહ પધાર્યા. રાજા બિમ્બિસાર કુંભઘોસકને લઈને તેમની પાસે ગયો. તેણે તેમને કુંભઘોસક વિષે વાત કરી ત્યારે શાસકે કહ્યું, 'પોતાની ઉન્નતિ ઈચ્છનારી ધ્યાનશીલ હોય એવી વ્યક્તિને, કે જે પવિત્ર કર્મ કરે છે અને મોટેરા વડીલોની વાત માનીને કાર્ય કરે છે, એવી જિતેન્દ્રિય ધાર્મિક અને ઉત્સાહી વ્યક્તિ હોય તેનો યશ વધે છે. એવી ઉદ્યોગી, સચેત, શુદ્ધ કર્મ તથા સમજી વિચારીને કામ કરવાવાળી વ્યક્તિ સંયમી રહીને તે મુજબ જીવન જીવે છે.'

ગાથા :

ઉટ્ઠાનેનપ્પમાદેન, સંયમેન દમેન ચ ।
દીપં કયિરાથ મેધાવી, યં ઓઘો નાભિકીરતિ ॥ ૨૫ ॥

અર્થ :

બુદ્ધિમાન વ્યક્તિ ઉદ્યોગ, અપ્રમાદ, સંયમ અને ઈન્દ્રિયોના દમન દ્વારા પોતાને માટે એવો ટાપુ બનાવી લે કે જેને પૂર ડુબાડી ન શકે.

તમે જ દ્વીપ બનો
ચૂલ્લપન્થકની કથા

સ્થાન : વેણુવન, રાજગૃહ

મગધમાં એક ધનવાન રહેતો હતો. તેના બે પ્રપૌત્ર હતા. મહાપન્થક અને ચૂલ્લપન્થક. એ શ્રેષ્ઠી જયારે પણ બહાર જતો તો, મહાપન્થકને સાથે લઈ જતો હતો.

આ રીતે મહાપન્થકને પણ બુધ્ધ પાસેથી ધર્મ-શ્રવણની તક મળતી હતી. મોટા થઈને તેમણે પ્રવ્રજ્યા લઈ લીધી. તેની સાથે તેમના નાના ભાઈ ચૂલ્લપન્થક પણ પ્રવ્રજિત થઈ ગયો. મહાપન્થક પરિશ્રમી, મેધાવી અને બુદ્ધિમાન હતો. બીજી તરફ તેનો નાનો ભાઈ આળસુ, મંદબુદ્ધિ અને ઓછી સ્મરણશક્તિ ધરાવતો હતો. બુદ્ધ સાહિત્યમાં ઉલ્લેખ આવે છે કે એકવાર બુધ્ધના સમયમાં ચૂલ્લપન્થકે ભિક્ષુઓની મજાક-મશ્કરી કરી હતી. એટલા માટે તે મંદ બુદ્ધિવાળો જન્મ્યો.

બંને ભિક્ષુઓ રાજગૃહના વેણુવન વિહારમાં રહેતા હતા. ચૂલ્લપન્થક ચાર મહિને ય એક ગાથા યાદ નહોતો કરી શકતો. એટલે તેનો મોટો ભાઈ બહુ નારાજ રહેતો હતો અને વારંવાર તેને ગૃહસ્થ જીવનમાં પાછા જતા રહેવા માટે કહેતો હતો.

એક દિવસ બુધ્ધ અને ભિક્ષુ સંઘને જીવક પોતાને ઘેર ભોજન માટે આમંત્રિત કરે છે. મહાપન્થક ભિક્ષુઓની યાદી તૈયાર કરે છે ત્યારે તેમાં ચૂલ્લાપન્થકનું નામ નથી લખાતો. તેથી ચૂલ્લપન્થક નિરાશ થઈ જાય છે. એ જ સમયે તથાગતનું ત્યાં આગમન થાય છે. ચૂલ્લપન્થક અશ્રુપૂર્ણ નેત્ર સાથે તેમને પ્રણામ કરે છે. શાસ્તા તેની મનઃસ્થિતિ સમજી જાય છે. તેઓ તેને એક શ્વેત વસ્ત્ર આપે છે અને તેના પર મનન કરવા માટે કહે છે.

તથાગત ભિક્ષુઓની સાથે પ્રસ્થાન કરે છે. ચૂલ્લપન્થક વિહારમાં રહીને જ શાસ્તાના નિર્દેશ અનુસાર એ શ્વેત વસ્ત્ર પર મનન કરે છે. તે તેને રગડે છે ત્યારે જૂએ છે કે તે વસ્ત્ર સખત અને મેલું થઈ જાય છે. તેને ભાન થાય છે કે બધી વસ્તુઓ ક્ષણભંગુર છે. તેને એવી અનુભૂતિ પણ થાય છે કે મનના મેલ ત્રણ પ્રકારના હોય છે. – રાગ, દ્વેષ અને મોહ. તેણે આર્ય સત્ય પર પણ ચિંતન કર્યુ અને આ રીતે તે અર્હત થઈ ગયો.

જીવકના ઘરે ભોજન દાન પછી ધર્મનું અનુમોદન થવાનું છે. શાકય મુનિએ કહ્યું, 'વિહારમાં એક ભિક્ષુ ચૂલ્લપન્થક રહી ગયો છે. તેને જઈને બોલાવી લાવો.' સંદેશાવાહક જાય છે પણ પરત આવીને કહે છે કે ત્યાં તો એક જેવા હજાર ભિક્ષુઓ છે. બુધ્ધ તેને નિર્દેશ આપે છે કે જઈને નામ પૂછે અને જે 'ચૂલ્લપન્થક' નામ પર જવાબ આપે તેને લઈને આવો. આ વખતે એક હજાર અવાજ આવે છે અને તે પાછો આવે છે. એટલે શાસ્તા તેને સમજાવે છે કે જે સહુથી પહેલા ઉત્તર આપે તેને જ લઈને આવો. સંદેશવાહક જે સહુથી પહેલાં જવાબ આપે છે તે ભિક્ષુને ઓળખી જાય છે. શેષ સઘળા ભિક્ષુઓ ગાયબ થઈ જાય છે. ચૂલ્લપન્થકે પોતાના ઋદ્ધિબળથી તેમનું સર્જન કર્યુ હતું.

ચૂલ્લપન્થક જીવકને ઘરે જાય છે. ભોજન કર્યા પછી બુધ્ધ તેને પુણ્યાનુમોદન માટે કહે છે. ચૂલ્લપન્થક બહું જ સુંદર રીતે ધર્મ-અનુમોદન કરે છે.

ભિક્ષુઓ આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ જાય છે. તેઓ બધા સ્તબ્ધ થઈ જાય છે. જે ચૂલ્લપન્થક એક ગાથા યાદ નહોતો કરી શકતો, તે અર્હત કેવી રીતે થઈ ગયો? શાસ્તાએ ભિક્ષુઓની જીજ્ઞાસા શાંત કરતા સમજાવ્યું: 'માનવી ઉત્સાહિત થઈને એવું કરવું જોઈએ કે તે અપ્રમાદ, સંયમ અને દમ વડે પોતાને એટલા ઉચ્ચ તબક્કે લઈ જાય કે જ્યાં કોઈપણ પૂરતી અસર ન પહોંચી શકે. આ રીતે મેધાવી પુરુષે ઉદ્યોગ, અપ્રમાદ, સંયમ અને દમ દ્વારા એક એવો દ્વીપ બનાવી લેવો જોઈએ કે જેને પૂર ડૂબાડી શકે નહીં.'

(ક્રમશઃ)



જીવનનું ઝરણ

- ગીરીશચંદ્ર એલ. ગાંધી-'જય ગીરી'
મો. ૯૨૨૮૩ ૧૩૮૫૮

○ સહનશક્તિને ગરજ સમજવાની ભૂલ ન કરશો કયારેય, એતો મજબૂરી છે આબરુની જાળવણી માટેની.

○ અવસ્થાની તંદુરસ્ત જડીબુટ્ટી : સ્વભાવ પરિવર્તન, અઘરું છે પણ અશકય નથી.

○ જોઈશે ને જાકારો આપો, સલાહ સૂચન સંકેલી લો, સવાલ જવાબ સિમીત રાખો. વીતક કહાની કહેવી નહીં, વાણી-વર્તનમાં સંયમ રાખવો, નિયમિતતા ને નીતિ બનાવો. પ્રવૃત્તિમાં પરોવાયેલા રહો, આધારિત જીવન સ્વીકારો, ખોરાકમાં ખબરદાર રહો, લાગણીને લોક કરો, અપેક્ષાને અવગણો, મરણમૂડી હોય તો સજીવ કરી સહાયક બનો. ધર્મ ધ્યાનમાં મગ્ન રહો, શ્રધ્ધા અને વિશ્વાસથી પ્રભુ સ્મરણ કરતા રહો.

○ સત્યાનો સૂર : સવારમાં હું દૂધ લેવા જતો હતો ત્યાં રસ્તામાં એક સ્નેહી મળી ગયા. થોડીવાર આડીઅવળી વાત કર્યા પછી મને કહે, 'અંકલ, આ ઘર તમારા નામે છે ?' મેં કહ્યું, 'ના. ' આ ઓફિસ અને દુકાન તમારા નામે છે ? મેં કહ્યું : 'ના.' તો આ ગાડી તમારા નામે છે ? મેં કહ્યું, 'ના.' તો અંકલ તમારા નામે શું છે ? મેં હસતા હસતા જવાબ આપ્યો કે મારા નામે મારો 'દીકરો' છે. જવાબ સાંભળી તેની આંખો ભીની થઈ ગઈ.

○ 'બદામ' ખાવાથી બુધ્ધિનો વિકાસ જરૂર થતો હશે પરંતુ 'બુધ્ધિ' આવે તો 'ઠેસ' વાગવાથી મારા ઘ્વાલા કાર્યક્રમ બનાવવો સહેલો છે, પરંતુ સ્વાર્થ અને પ્રતિક્ષાની અપેક્ષા વગર સદ્‌ભાવની નીતિ સહ કાર્યકર બનવું અઘરું છું.

○ આક્રોશ, અહંકાર અને અણગમાથી બોલાયેલા શબ્દો પાછા ખેંચવા અશકય છે, પરંતુ માફી માગીને તે શબ્દોને દફનાવી જરૂર શકાય.

○ પ્રગતિના પંથ પર ચાલતા ચાલતા કે ચાહતની ચાહને ચુંબતા ચુંબતા અહંકાર પ્રવેશી ન જાય તેની જાગૃત્તિ અનિવાર્ય છે નહિંતર એ અહંકાર કયારે તમારો અવરોધક બની જશે તેનું ભાન નહિ રહે.

○ દીકરી એટલે પોતાના ને પરાયા કરી પારકાને પોતાના કરી દિલમાં વસાવી અને નિભાવી જાણે તેવું ઈશ્વરનું અણમોલ સર્જન એટલે દીકરી.



SILVERLINE FINANCIAL SERVICES

SILVERLINE
NO FAMILY LEFT BEHIND

- INVESTMENTS
- TAX SAVING STRATEGIES
- RETIREMENT PLANNING
- IRA & 401(K) ROLLOVER
- COLLEGE PLANNING
- LIFE INSURANCE
- LONG TERM CARE
- ANNUITY
- ESTATE PLANNING
- WILL & TRUST

ANNUAL POLICY REVIEW



MANAV PATEL

LICENSED FINANCIAL PROFESSIONAL

732-401-7175



To publish a social news
or place an Advertise in
Gujarat Darpan
Please contact:
Subhash Shah
510-449-8712
ngpatel1948@gmail.com

AFFORDABLE HEALTH INSURANCE SERVICES

Cadre

Are you looking for health insurance ? Ask me

- Medicare Advantage Plan
- Individual Health Plan (ACA < 65)
- Medicare Supplement Plans
- Low Income (Medicaid Eligibility)

- Nation wide Health Insurance PPO plans
- Group Health Insurance
- Dental & Vision Plans
- Health Plans for High Income Earners
- Many More



Boni Bodalia
Licensed Insurance Advisor

+1 (973)-807-8824
Boni@CadreUS.com



The Land of Krishna



51 Manor Road,Schuylkill Haven, PA 17972

Vraj ઉજવે છે.

પ્રભુચરણ શ્રી વિઠલનાથજી

શ્રી ગુસાંઈજી પ્રાગટય ઉત્સવ

(૫૧૧ પ્રાગટય ઉત્સવ – જલેબી ઉત્સવ)



શનિવાર,ડિસેમ્બર-૧૩,-૨૦૨૫



મંગળા દર્શન આરતી સવારે ૭:૩૦ થી ૮:૦૦
શ્રૃંગાર દર્શન આરતી સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦ (સોનાના પલના)
રાજભોગ દર્શન બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ (સોનાનો બગલો)
પ્રભુ ચરણ શ્રી વિઠલનાથજી – શ્રી ગુસાઈજી ને
તિલક–માળા અર્પણ વધાઈ ગાન બપોરે ૧૨:૩૦ રાજભોગ દર્શન સમયે
ધ્વજાજી મનોરથ બપોરે ૧૨:૪૦

મહાપ્રસાદ: બપોરે ૧:૦૦ થી ૨:૩૦ (સુવિધા જાન હોય)
ઉત્થાપન દર્શન સાંજે ૪:૧૫ થી ૪:૩૦
સંધ્યા આરતી દર્શન આરતી સાંજે ૫:૦૦ થી ૫:૩૦
શયન દર્શન આરતી સાંજે ૬:૩૦ થી ૭:૦૦

નાથદ્વારા યુવરાજ

પૂજય પાદ ગોસ્વામી ૧૦૫

શ્રી વિશાલકુમારજી મહોદય શ્રી

જન્મ દિવસ



શુક્રવાર,ડિસેમ્બર-૧૯,-૨૦૨૫

મંગળા દર્શન આરતી સવારે ૭:૩૦ થી ૮:૦૦
શ્રૃંગાર દર્શન આરતી સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦ (સોનાના પલના)
રાજભોગ દર્શન બપોરે ૧૨:૦૦ થી ૧૨:૪૫ (મીનાકારી-નો બગલો)
નાથદ્વારા યુવરાજ ૧૦૫ શ્રી વિશાલકુમારજી મહોદય શ્રી ને
તિલક–માળા અર્પણ વધાઈ ગાન બપોરે ૧૨:૩૦ રાજભોગ દર્શન સમયે
ધ્વજાજી મનોરથ બપોરે ૧૨:૪૦

મહાપ્રસાદ: બપોરે ૧:૦૦ થી ૨:૦૦ (સુવિધા જાન હોય)
ઉત્થાપન દર્શન સાંજે ૪:૧૫ થી ૪:૩૦
સંધ્યા આરતી દર્શન આરતી સાંજે ૫:૦૦ થી ૫:૩૦
શયન દર્શન આરતી સાંજે ૬:૩૦ થી ૭:૦૦



શ્રી યમુનાજી આરતી સવારે ૭:૧૫ શ્રી યમુનાજી આરતી સાંજે ૭:૦૦



શ્રી ગિરિરાજજી દુધ અભિષેક (સવારે) ૯:૧૫ અને (બપોરે) ૧:૩૦

વધારે માહિતી માટે સંપર્ક કરો

Vraj @ 570-754-7067 અથવાwww.VRAJ.ORG સંપર્ક કરો

SINCE 1997

AARTI JEWELERS

RICHARDSON & FRISCO



Grand Opening Soon

of 2nd Location in Frisco of

AARTI Jewelers

972-918-9933 | 945-286-8423

Call Now to Pre-Book Your Exclusive Jewelry Before It's Gone!

The Lowest Price in the USA, Guaranteed!

DFW સિનિયર સિટીઝન સમાજ દ્વારા દિવાળી ડિનરનું આયોજન



ડીએફડબલ્યુ-સિનિયર સિટીઝન સમાજ દ્વારા તા. ૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એકતા મંદિરના હોલમાં, દિવાળી ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુંદર સાંજના ૫-૦૦ કલાકે મંદિરના પુજારીશ્રીએ સૌપ્રથમ પ્રાર્થના કરી સૌને આશિર્વચન પાઠવ્યા હતા અને ત્યાર બાદ સિનિયર સિટીઝન સમાજના વર્તમાન પ્રમુખશ્રીએ સૌને આવકાર્યા અને સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે સને ૨૦૨૬ માટે સંસ્થાની નવી કમિટીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ-શ્રી મુકંદભાઈ પટેલ, સેક્રેટરી-શ્રી રાકેશભાઈ ત્રિવેદી, જોઈન્ટ સેક્રેટરી-શ્રી પ્રદીપભાઈ દેસાઈ, ટ્રેઝરર-શ્રી ધ્રુવ પંડયા, જોઈન્ટ ટ્રેઝરર-શ્રી માલતી પટેલના નામનો સમાવેશ કરાયો હતો.

દિવાળી ડિનરના પ્રસંગને યાદગાર બનાવવા સંગીતના પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. સંગીતના સુર-તાલ વચ્ચે સૌએ ડિનરની મઝા માણી હતી. અંતમાં સૌએ સામુહિક સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું. અને પ્રસંગની સુંદર યાદોને વાગોળતા પોતાના ઘરતરફ જવા પ્રયાણ કર્યુ હતું.

Mckinney, Tx-માં-યમુના, નિકુંજમાં પધાર્યા શ્રી ગોવર્ધન નાથજી પ્રભુ



વડોદરાના જાણીતા પત્રકાર ગોલોકવાસીશ્રી ગોવર્ધનદાસ શાહ



McKinney-TX માં યમુના નિકુંજ-શ્રી ગોવર્ધનનાથજી મંદિરમાં પ્રભુ શ્રી ગોવર્ધનનાથજી સાથે શ્રી યમુના મહારાણીજી અને શ્રીમદ્ વલ્લભાચાર્યજી બિરાજમાન છે...!

વડોદરાના જાણીતા પત્રકાર, ગોલોકવાસી, તન-મનથી આજીવન ફકત માનવ સેવાને વરેલ, વલ્લભના વૈષ્ણવ, પુષ્ટિમાર્ગના વિદ્વાન એવા શ્રી ગોવર્ધનદાસ શાહની યાદમાં એમના સુપુત્ર ગોપાલભાઈ, ઉદય અને પુત્રવધુ માલવિકાબેન પરિવારના યોગદાનથી McKinney-TX માં યમુના નિકુંજ-શ્રી ગોવર્ધનનાથજી મંદિર તૈયાર કરવામાં આવ્યું છે. જેમને ત્યાં છેલ્લા ૪૦ વર્ષથી ગૃહસેવામાં ઠાકોરજી (પ્રભુ શ્રી ગોવર્ધનનાથજી, સાથે શ્રી યમુના મહારાણીજી અને શ્રીમદ્ વલ્લભાચાર્યજી) બિરાજમાન છે અને બારેમાસના બધાંજ પુષ્ટિ માર્ગના ઉત્સવ, સત્સંગ, દર્શન થાય છે. અને વૈષ્ણવ મીલન ઓફ ટેકસાસ નામે વૈષ્ણવ મંડળ પણ છેલ્લા ૪૦ વર્ષથી કોઈ પણ જાતની સેવા લીધા વિના ચલાવી રહ્યાં છે. ફકત એકજ વૈષ્ણવ પરિવારના યોગદાનની તૈયાર થયેલ આ વૈષ્ણવ સંપ્રદાયનું વૈષ્ણવો માટેના મંદિરનું નિર્માણ ૧,૧૧,૦૦૦ ચોરસફૂટ વિસ્તારમાં (Mckinney, Texas USA) કરવામાં આવેલ છે, અહીં મંદિર, નિવાસ, પુજારી નિવાસ, વાહનો માટે પાર્કિંગની વ્યવસ્થા છે. આ મંદિર સમસ્ત વલ્લભ કુળના આશિર્વાદથી સિધ્ધ થયેલ છે, પરંતુ તેમાં કોઈપણ વૈષ્ણવ આચાર્યનું સંચાલન કે નામ નથી. અહીં સમસ્ત વલ્લભ કુળને પધારવા, ઠાકોરજીની આરતી અને વચનામૃત કરવા આમંત્રણ આપવામાં આવે છે. અને એમના માર્ગદર્શન, સુચનો પ્રેરણાદાયી બની રહે છે. હિન્દૂ ધર્મના કોઈ પણ સંત, માનવ કલ્યાણ માટેના કાર્યક્રમ માટે આવકાર્ય છે.

અહીં શ્રી ગોવર્ધનધરણ શ્રી ગિરિરાજજીની આબેહૂબ, કુદરતી વાતાવરણમાં સ્થાપના કરવામાં આવેલ છે, જ્યાં બાગ-બગીચાનું નિર્માણ કરવામાં આવશે. વિવિધ પ્રવૃત્તિઓ થઈ શકે તે માટે ઓપનએર વિશાળ ચોક બનાવવામાં આવ્યો છે, જ્યાં ભવિષ્યમાં કર્વડહોલ બનાવવામાં આવશે. પુષ્ટિ લાયબ્રેરીનું પણ છેલ્લા ૧૦ વર્ષથી નિર્માણ થયેલ છે, જ્યાં વિનામૂલ્યે પુસ્તકો વાંચવા લઈ જવાની વ્યવસ્થા છે. ભવિષ્યમાં અહીં પુષ્ટિ પાઠશાળા, યોગા કેન્દ્ર (જે અત્યારે ઘરે ચાલે છે), સિનિયર સેન્ટર, આર્ટ કલાસ, ગુજરાતી કલાસ, કિર્તન કલાસની યોજના થયેલ છે.

આ મંડળ ધાર્મિક ઉપરાંત કોઈપણ નોન-પ્રોફિટ સંસ્થા ને ફોર એની નોબલ કેસ પૂરતો સાથ અને સહકાર આપે છે. અમેરિકા સરકાર તરફથી આ સંસ્થાના દાતાઓને કરમુક્તિ માટે પરવાનગી મળેલ છે. (IRS:501-C3-tax exempt certificate) હવે પછી any one can donate & 100% donated amount ફકત મંદિર/વૈષ્ણવ વિકાસ માટે જ ઉપયોગમાં લેવામાં આવશે. સર્વે વૈષ્ણવોને એનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ છે.

આ મંદિરમાં ઠાકોરજી બિરાજમાન થઈ ગયેલ છે. ભવિષ્યમાં મંદિરમાં મુખ્યાજીની નિમણૂંક પણ કરવામાં આવશે. ટૂંક સમયમાં વૈષ્ણવો દર્શનનો લાભ લઈ શકશે. વધુ માહિતી માટે નમ્ર સેવક અને સંચાલક માલવિકાબેન તથા ઈમેલ : vaishnav_milan@yahoo પર સંપર્ક કરવા વિનંતી છે.


અત્રે ઉલ્લેખનીય છે કે, વૈષ્ણવ મિલન, ટેકસાસ-છેલ્લા ૪૨ વર્ષથી ગૃહ સેવામાં બિરાજતા શ્રી ઠાકોરજી માટે બનાવેલ ભવ્ય અને દિવ્ય મંદિરમાં શ્રી ગોવર્ધન નાથજી, શ્રી યમુના મહારાણીજી અને શ્રી વલ્લભાચાર્યજીની પધરામણી વલ્લભ કુળના આશીર્વાદ સાથે થઈ છે અને દેવ ઉઠી-દેવપ્રબોધિની એકાદશીએ, તુલસી વિવાહ સાથે મંદિરમાં સૌપ્રથમ દર્શન ખુલ્લા કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ટૂંક સમયની જાણ છતાં હાજર રહી શ્રી ગોવર્ધન નાથજીના આ નૂતન નંદાલય મંદિરને હર્ષથી વધાવી, ઉત્સવ સાથે દર્શનનો જ્હાવો લીધો હતો.

BHARTIYA NIVAS

Step into Bhartiya Nivas, an all-inclusive vibrant sanctuary for the 55+ community, where tradition and modernity blend in perfect harmony. Rooted in rich Indian heritage and thoughtfully designed for today's active seniors. Bhartiya Nivas is more than a residence—it's a community where we can stay active, engage in cultural richness, feel supported, and truly thrive

Connect with fellow residents through a wide range of engaging social lifestyle, enrichment and events from social hours, movie nights to Indian festivals and more.

Experience world-class amenities that blend modern luxury with the warmth of Indian traditions



HIGHLIGHTS

- All -Inclusive Rates
- 3 Homemade meals per day
- Peace of mind with 24/7 Staffing
- Age in place community

WHY BHARTIYA NIVAS?

- Vibrant community
- Extensive calendar of activities
- Home-style Indian food
- Lovely gardens/courtyards

ભારતીયનિવાસ એક એવું સ્થાન છે જે અનોખી જીવનશૈલી પ્રદાન કરે છે, જ્યાં, સર્વાંગી સુવિધાઓ અને સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિનું મિશ્રણ કરે છે. ભારતીયનિવાસ માં મિત્રો, ભારતીય સ્વાદપ્રેરિત ભોજન અને આપણી ભારતીય પરંપરાઓના તહેવારો સાથે જોડાઓ જે તમને તમારા પોતાના ઘર જેવો અનુભવ કરાવશે!

અમારો સર્વ સમાવેશી અભિગમ સુનિશ્ચિત કરે છે કે દરેક વ્યક્તિ, મન શરીર અને ભાવનાથી, સ્વાગત આદર અને સમર્થન નો અનુભવ મેળવે.

સ્મૃતિ સંભાળ અને સહાયિત જીવન સહાય ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે.

જીવનનો આનંદ સંપૂર્ણ રીતે માણો.

(Ph) 214-838-7750 7750 Lyndon B Johnson Freeway, Dallas, TX 75251 www.BhartiyaNivas.com



સાહિત્ય દર્પણ

સંકલન :
સુભાષ શાહ / સુરેશ સોઢા

'હર્ષવાણી'-હર્ષદરાયનાં હાઈકુ-સંગ્રહનું લોકાર્પણ



એક વાતનો સ્વિકાર કરી, હળવેથી મારા મનની વાત કહું તો- વિશાળ કુટુંબ કબીલા, મિત્રોના સ્નેહને જોઈને લાગે છે કે હર્ષદભાઈએ મિત્રતા રાખવામાં કયાંય કચાશ રાખી નથી.

હર્ષદ ભાઈનું કાર્યક્ષેત્ર નાનકડા ઉપવન જેવું છે. વિવિધતાથી ભરી હર્ષદભાઈની જીવન સફર છે. સેવાકીય, રાજકીય ને સાહિત્ય રૂચિ સાથે પત્રકારત્વ, મંચકલાના પણ હર્ષદભાઈ રસિયા છે, પણ આજે અમારે તેમની સાહિત્ય સર્જકતા પરની પ્રીતિને, લોકાર્પણ દ્વારા વધાવવાની છે.

બીએપીએસના મુખ્ય ગાદીપતિ, ગુરુવર, સંતશ્રી મહંત સ્વામીના લેખિત આશીર્વાદ પ્રાપ્ત-હાઈકુ સંગ્રહ-૫૭૦ હાઈકુ-'હર્ષવાણી'ની આ પ્રથમ આવૃત્તિને આવકારતા, સૌની સાથે, હું ખુબ ખુશી અનુભવું છું.

ચરોતર ભૂમિના, આણંદના ખ્યાતનામ પરિવાર-છીંકણીવાળા, શ્રી હર્ષદરાય શાહની ૭૫ વર્ષની આ અમૃત પર્યયાત્રાને અંતરથી અભિનંદન પાઠવું છું.

હર્ષદભાઈએ હાઈકુ લખવાનું કેમ પસંદ કર્યુ... આ પર અમે સંશોધન કરી નક્કી કર્યુ કે, 'ચેરીટી બિગીન્સ ફ્રોમ હોમ'. હાઈકુ એટલે ૫, ૭, ૫, અક્ષરની ત્રણ પંક્તિનો કાવ્ય ગુચ્છ.

પ્રથમ પંક્તિ-હર્ષદરાય
બીજી પંક્તિ-ગૃહલક્ષ્મી લતાજી
ત્રીજી પંક્તિ-ઓમ શ્રીનાથજી...કૃપાળું શ્રીજી.
આમ હાઈકુના શ્રી ગણેશ થયા. જાણે ઘેર બેઠે ગંગા.

મને લાગે છે કે, હર્ષદભાઈને આપણા સચીન તેંદુલકર બહું જ પ્રિય હશે.. તેથી હાઈકુ લખવામાં પણ... એક, બે-ત્રણ નહીં પાંચ શતકની ૫૭૦ રચનાઓની-હાઈકુ સંગ્રહ-'હર્ષવાણી'ની ગુજરાતી સાહિત્યને તેમણે ભેટ ધરી દીધી. આજે ૮ નવેમ્બર ૨૦૨૫ના જન્મદિને, જાપાની સાહિત્યના અતિ પ્રતિષ્ઠા પામેલ, તનાકા કાવ્ય પ્રકારમાંથી ઉદ્‌ભવેલ, હાઈકુ કાવ્ય પ્રણાલીનું ગુંજન, આજે વિશ્વ સાહિત્યમાં છે. આ હાઈકુ કાવ્ય સર્જનમાં, હર્ષદભાઈની કવિત્વ શક્તિ, સાચે જ સુપેરે ખીલી છે.

સરોવરના જળમાં જેમ આકાશનું પ્રતિબિંબ ઝીલાય, એમ હાઈકુ પણ કવિતા જગતનું સરોવર છે. આપણા ચિંતન જગતને લહેરાવાની, તેમાં અવિરત ક્ષમતા છે.

મને તેમના દરેક હાઈકુને દરિયાનાં મોજાં કહી વધાવતાં આનંદ થઆય છે, કારણ કે તેનું રસ દર્શન કરતાં, દરિયા જેવું ઉંડાણ ને ગંભીરતા પ્રગટતી હોય છે. દરેક શબ્દને પોતાનો એક સંકેત હોય છે.

શબ્દનાં મનોમંથનની મજા વર્ણવું-આપણા બધાનો બહું જ વ્હાલો શબ્દ... 'લાલો' ખરું ને!

લાલો શબ્દનો પોતાનો અર્થ હોય... લાલો એટલે આપણો નાનકડો લાલીયો... 'અલ્યા સખણો બેસ'.

બીજો વાક્યાર્થ....જગોદાજીનો લાલો... હાથ જોડી દઈએ... સાષ્ટાંગ પ્રણામ કરવા પડે.

ગુઢાર્થ-વૈકુંઠનાથ કહે, અલ્યા મને લાલો કહે છે... મારા આગળ તું લાલો લખોટિયો છે. આવી લાલાની શબ્દ લીલા માણવી હોય તો, હોંશથી, વાંચી-વિચારી માણજો.... હર્ષદરાય શાહનાં હાઈકુ.

હાઈકુ પ્રકારમાં ગુજરાતી સાહિત્યમાં લખનાર ઝૂઝ કવિઓમાં તેઓ, 'હર્ષવાણી'થી પંગતમાં બીરાજી ગયા છે. વિચાર વૈભવને, ૧૭ અક્ષરના ગુચ્છમાં, વિવિધતાથી વિચાર મલકમાં ટહુકાવી, શિખરસ્થ સહભાગિતા પ્રાપ્ત કરી છે, ને ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

તેમના હાઈકુ સંગ્રહમાં અનેક પ્રતિભાવંત સર્જકોના રસ દર્શન છે. ગુજરાતી હાઈકુ સાહિત્યમાં, શુક્ર ગ્રહ જેવી ચમક ધરાવવાનું ગૌરવ, આ સંગ્રહ પ્રાપ્ત કરી લેશે, એ નક્કી છે.

હવે 'શાહ' જોગ, હર્ષદરાય શાહજીની, એક વાત હળવે હૈયે કહું : હર્ષદભાઈ છે શાહ એટલે ગણતરીબાજ, દરેક કાર્યને જોખે, નફો તોટો જૂએ. કહેવત પણ જાણો... જમાના પ્રમાણે ટહુકું ને ટચ, લખવું સારું.

મંગલ પ્રભાતે કવિ હર્ષદભાઈ કલમ પકડે, ૧૭ અક્ષરમાં હાઈકુ સજાવી, મઠારી બેસી ગયા હોય ને રાહ જૂએ... કયારે ગૃહલક્ષ્મી લતાજી કહે, ચાલો ચા નાસ્તો તૈયાર છે. હાઈકુય લખાઈ જાય, ગરમા ગરમ ચા પણ નસીબમાં.. કવિ થવાનું કોઈ જોખમ નહીં.

હવે એમના સર્જક મિત્રોની વાત કહું. આ ગીતાબેન ભટ્ટ, અશોકભાઈ, નરેન્દ્રભાઈની કે 'આકાશદીપ'ની વાત કરીએ તો, કવિતા, વાર્તા, ગઝલ કે ભજન... રાગ દરબારીમાં ઘૂંટે જ રાખે. ચા પીધી ના પીધી ને પાછા કલમ કાગળ સાથે જામી જ પડે. રસોડામાંથી બૂમ પડે, 'આ જમવાની થાળી ઠંડી થઈ જશે, કેટલી વાર? શું લખો છો કયારના?'

અમે જવાબ આપીએ, હર્ષદભાઈના ૧૭ અક્ષરના, હાઈકુનું રસ દર્શન કરીએ છીએ, ત્રણ ફકરા લખ્યા છે, બપોર થઈ ગઈ છે. અંતિમ ફકરો લખતાં સાંજ પડશે.

ધીરેથી ઘરમાં ટહુકો સંભળાય... હર્ષદભાઈ જોડે હાઈકુ લખવાનું શીખી લો તો સારું... સવારના શું લખ લખ કરો છો...હજૂય ખુટતું નથી.

આતો હળવી વાત કરી. પણ હાઈકુ એટલે કુશળતા ને વિચાર વૈભવનો કસબ છે. તમે જે બે પેજ લખી કહેવા માગો, એ ફકત ૧૭ અક્ષરમાં સમાવી, અત્તરની જેમ મહેકાવતી એ કૌશલ્ય કલા છે.

ગુજરાતી સાહિત્યમાં, કવિ સ્નેહરશ્મિએ, હાઈકુ વિશ્વનો પરિચય આપણને કરાવેલ. હવે 'હર્ષવાણી' વડે, આપણા કવિએ, હાઈકુનો અન્નકૂટનો થાળ સજાવી દીધો છે.

૭૫ વર્ષની તેમની, અમૃત યાત્રામાં, ઉપનિષદ સમું એક હાઈકુ સૌને ગમી જાય, સમજાઈ જાય... જિંદગીનો ગીતા બોધ મળી જાય, એવું છે.. સુખની ચાવી છે.

અને છેલ્લે સાંભળો મિત્રો...!
પહેલી પંક્તિ...ખડખડાટ
બીજી પંક્તિ... અને ઘસઘસાટ
ત્રીજી પંક્તિ... સુખની ચાવી

આટલી સરળ, સહજ ને સચોટ અભિવ્યક્તિ માટે હર્ષદભાઈને અભિનંદન. પરિવારે અમને પ્રસંગમાં જે સ્નેહ સાથે આદર આપ્યો, એ બદલ અંતરથી આભાર...સાથે વિરમું છું. (માહિતી : રમેશ પટેલ (આકાશદીપ)-કેલીફોર્નિયા-યુએસએ)



સાહિત્ય દર્પણ

સંકલન :
સુભાષ શાહ / સુરેશ સોઢા

'હર્ષવાણી'-હર્ષદરાયનાં હાઈકુ-સંગ્રહનું લોકાર્પણ



એક વાતનો સ્વિકાર કરી, હળવેથી મારા મનની વાત કહું તો- વિશાળ કુટુંબ કબીલા, મિત્રોના સ્નેહને જોઈને લાગે છે કે હર્ષદભાઈએ મિત્રતા રાખવામાં કયાંય કચાશ રાખી નથી.

હર્ષદ ભાઈનું કાર્યક્ષેત્ર નાનકડા ઉપવન જેવું છે. વિવિધતાથી ભરી હર્ષદભાઈની જીવન સફર છે. સેવાકીય, રાજકીય ને સાહિત્ય રૂચિ સાથે પત્રકારત્વ, મંચકલાના પણ હર્ષદભાઈ રસિયા છે, પણ આજે અમારે તેમની સાહિત્ય સર્જકતા પરની પ્રીતિને, લોકાર્પણ દ્વારા વધાવવાની છે.

બીએપીએસના મુખ્ય ગાદીપતિ, ગુરુવર, સંતશ્રી મહંત સ્વામીના લેખિત આશીર્વાદ પ્રાપ્ત-હાઈકુ સંગ્રહ-૫૭૦ હાઈકુ-'હર્ષવાણી'ની આ પ્રથમ આવૃત્તિને આવકારતા, સૌની સાથે, હું ખુબ ખુશી અનુભવું છું.

ચરોતર ભૂમિના, આણંદના ખ્યાતનામ પરિવાર-છીંકણીવાળા, શ્રી હર્ષદરાય શાહની ૭૫ વર્ષની આ અમૃત પર્યયાત્રાને અંતરથી અભિનંદન પાઠવું છું.

હર્ષદભાઈએ હાઈકુ લખવાનું કેમ પસંદ કર્યુ... આ પર અમે સંશોધન કરી નક્કી કર્યુ કે, 'ચેરીટી બિગીન્સ ફ્રોમ હોમ'. હાઈકુ એટલે ૫, ૭, ૫, અક્ષરની ત્રણ પંક્તિનો કાવ્ય ગુચ્છ.

પ્રથમ પંક્તિ-હર્ષદરાય
બીજી પંક્તિ-ગૃહલક્ષ્મી લતાજી
ત્રીજી પંક્તિ-ઓમ શ્રીનાથજી...કૃપાળું શ્રીજી.
આમ હાઈકુના શ્રી ગણેશ થયા. જાણે ઘેર બેઠે ગંગા.

મને લાગે છે કે, હર્ષદભાઈને આપણા સચીન તેંદુલકર બહું જ પ્રિય હશે.. તેથી હાઈકુ લખવામાં પણ... એક, બે-ત્રણ નહીં પાંચ શતકની ૫૭૦ રચનાઓની-હાઈકુ સંગ્રહ-'હર્ષવાણી'ની ગુજરાતી સાહિત્યને તેમણે ભેટ ધરી દીધી. આજે ૮ નવેમ્બર ૨૦૨૫ના જન્મદિને, જાપાની સાહિત્યના અતિ પ્રતિષ્ઠા પામેલ, તનાકા કાવ્ય પ્રકારમાંથી ઉદ્‌ભવેલ, હાઈકુ કાવ્ય પ્રણાલીનું ગુંજન, આજે વિશ્વ સાહિત્યમાં છે. આ હાઈકુ કાવ્ય સર્જનમાં, હર્ષદભાઈની કવિત્વ શક્તિ, સાચે જ સુપેરે ખીલી છે.

સરોવરના જળમાં જેમ આકાશનું પ્રતિબિંબ ઝીલાય, એમ હાઈકુ પણ કવિતા જગતનું સરોવર છે. આપણા ચિંતન જગતને લહેરાવાની, તેમાં અવિરત ક્ષમતા છે.

મને તેમના દરેક હાઈકુને દરિયાનાં મોજાં કહી વધાવતાં આનંદ થઆય છે, કારણ કે તેનું રસ દર્શન કરતાં, દરિયા જેવું ઉંડાણ ને ગંભીરતા પ્રગટતી હોય છે. દરેક શબ્દને પોતાનો એક સંકેત હોય છે.

શબ્દનાં મનોમંથનની મજા વર્ણવું-આપણા બધાનો બહું જ વ્હાલો શબ્દ... 'લાલો' ખરું ને!

લાલો શબ્દનો પોતાનો અર્થ હોય... લાલો એટલે આપણો નાનકડો લાલીયો... 'અલ્યા સખણો બેસ'.

બીજો વાક્યાર્થ....જગોદાજીનો લાલો... હાથ જોડી દઈએ... સાષ્ટાંગ પ્રણામ કરવા પડે.

ગુઢાર્થ-વૈકુંઠનાથ કહે, અલ્યા મને લાલો કહે છે... મારા આગળ તું લાલો લખોટિયો છે. આવી લાલાની શબ્દ લીલા માણવી હોય તો, હોંશથી, વાંચી-વિચારી માણજો.... હર્ષદરાય શાહનાં હાઈકુ.

હાઈકુ પ્રકારમાં ગુજરાતી સાહિત્યમાં લખનાર ઝૂઝ કવિઓમાં તેઓ, 'હર્ષવાણી'થી પંગતમાં બીરાજી ગયા છે. વિચાર વૈભવને, ૧૭ અક્ષરના ગુચ્છમાં, વિવિધતાથી વિચાર મલકમાં ટહુકાવી, શિખરસ્થ સહભાગિતા પ્રાપ્ત કરી છે, ને ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

તેમના હાઈકુ સંગ્રહમાં અનેક પ્રતિભાવંત સર્જકોના રસ દર્શન છે. ગુજરાતી હાઈકુ સાહિત્યમાં, શુક્ર ગ્રહ જેવી ચમક ધરાવવાનું ગૌરવ, આ સંગ્રહ પ્રાપ્ત કરી લેશે, એ નક્કી છે.

હવે 'શાહ' જોગ, હર્ષદરાય શાહજીની, એક વાત હળવે હૈયે કહું : હર્ષદભાઈ છે શાહ એટલે ગણતરીબાજ, દરેક કાર્યને જોખે, નફો તોટો જૂએ. કહેવત પણ જાણો... જમાના પ્રમાણે ટહુકું ને ટચ, લખવું સારું.

મંગલ પ્રભાતે કવિ હર્ષદભાઈ કલમ પકડે, ૧૭ અક્ષરમાં હાઈકુ સજાવી, મઠારી બેસી ગયા હોય ને રાહ જૂએ... કયારે ગૃહલક્ષ્મી લતાજી કહે, ચાલો ચા નાસ્તો તૈયાર છે. હાઈકુય લખાઈ જાય, ગરમા ગરમ ચા પણ નસીબમાં.. કવિ થવાનું કોઈ જોખમ નહીં.

હવે એમના સર્જક મિત્રોની વાત કહું. આ ગીતાબેન ભટ્ટ, અશોકભાઈ, નરેન્દ્રભાઈની કે 'આકાશદીપ'ની વાત કરીએ તો, કવિતા, વાર્તા, ગઝલ કે ભજન... રાગ દરબારીમાં ઘૂંટે જ રાખે. ચા પીધી ના પીધી ને પાછા કલમ કાગળ સાથે જામી જ પડે. રસોડામાંથી બૂમ પડે, 'આ જમવાની થાળી ઠંડી થઈ જશે, કેટલી વાર? શું લખો છો કયારના?'

અમે જવાબ આપીએ, હર્ષદભાઈના ૧૭ અક્ષરના, હાઈકુનું રસ દર્શન કરીએ છીએ, ત્રણ ફકરા લખ્યા છે, બપોર થઈ ગઈ છે. અંતિમ ફકરો લખતાં સાંજ પડશે.

ધીરેથી ઘરમાં ટહુકો સંભળાય... હર્ષદભાઈ જોડે હાઈકુ લખવાનું શીખી લો તો સારું... સવારના શું લખ લખ કરો છો...હજૂય ખુટતું નથી.

આતો હળવી વાત કરી. પણ હાઈકુ એટલે કુશળતા ને વિચાર વૈભવનો કસબ છે. તમે જે બે પેજ લખી કહેવા માગો, એ ફકત ૧૭ અક્ષરમાં સમાવી, અત્તરની જેમ મહેકાવતી એ કૌશલ્ય કલા છે.

ગુજરાતી સાહિત્યમાં, કવિ સ્નેહરશ્મિએ, હાઈકુ વિશ્વનો પરિચય આપણને કરાવેલ. હવે 'હર્ષવાણી' વડે, આપણા કવિએ, હાઈકુનો અન્નકૂટનો થાળ સજાવી દીધો છે.

૭૫ વર્ષની તેમની, અમૃત યાત્રામાં, ઉપનિષદ સમું એક હાઈકુ સૌને ગમી જાય, સમજાઈ જાય... જિંદગીનો ગીતા બોધ મળી જાય, એવું છે.. સુખની ચાવી છે.

અને છેલ્લે સાંભળો મિત્રો...!
પહેલી પંક્તિ...ખડખડાટ
બીજી પંક્તિ... અને ઘસઘસાટ
ત્રીજી પંક્તિ... સુખની ચાવી

આટલી સરળ, સહજ ને સચોટ અભિવ્યક્તિ માટે હર્ષદભાઈને અભિનંદન. પરિવારે અમને પ્રસંગમાં જે સ્નેહ સાથે આદર આપ્યો, એ બદલ અંતરથી આભાર...સાથે વિરમું છું. (માહિતી : રમેશ પટેલ (આકાશદીપ)-કેલીફોર્નિયા-યુએસએ)



સોશિયલ દર્પણ

લેખન સંકલન : નારણભાઈ મોદી
732-766-2420

(અહીં પ્રસ્તુત માહિતી તમારી જાણ સારું છે. એમાં કોઈ પ્રકાશક કે લેખકની જવાબદારી નથી.)

ગ્રીન કાર્ડ હોલ્ડર માટે નવી સીટીઝનશીપ ગાઈડ :

ગ્રીન કાર્ડ ધારકો માટે ઓક્ટોબર મહિનો મહત્વપૂર્ણ છે અપડેટ કરેલ નવી નાગરિક શાસ્ત્ર પરીક્ષાને વધુ કડક બનાવે છે.ઓકટો વીસ પછી સીટીઝન શીપની એકઝામ માટે એપ્લાય કરનાર ગ્રીન કાર્ડ હોલ્ડરને લાગુ પડતાં નવાં નિયમો : નૈતિક પાત્રતાં અંગે પડોશની તપાસ પાત્ર સંદર્ભો અપરિવર્તિત નિયમોનું પાલન કરવું પડશે; પરીક્ષા પાસ કરવાની બે તક આપવામાં આવશે. અંગ્રેજી ભાષા કૌશલ્ય હોવું આવશ્યક છે. 20 મી ઓક્ટોબર પહેલાં અરજી કરેલી હશે તેઓ જૂના નિયમોને આધિન પરીક્ષા આપી શકશે. 20 ઓકટોબર પછી ફાઈલિંગ કરતાં નવા નિયમો પ્રમાણે નાગરિક શાસ્ત્ર પરીક્ષાની તૈયારી કરવી. ભાષા ઈન્ટરવ્યુ દરમિયાન તણાવ મુક્ત વ્યક્તિગત પ્રતિભા મૂલ્યાંકન પ્રક્રિયામાં જીવન પ્રતિબદ્ધતાઓને સંતોષકારક પ્રતિક્રિયાઓ પ્રત્યે અંતિમ વિચાર દર્શાવાશે જો તમે ૨૦ ઓક્ટોબરના રોજ અથવા તે પછી ફાઈલ કરો છો: તો તમારે અપડેટેડ સિસ્ટમનું પાલન કરવું આવશ્યક છે, જેમાં નવેસરથી તૈયાર કરાયેલ નાગરિકશાસ્ત્ર પરીક્ષણ સાથે પડોશી મુલાકાતો અને પાત્રતાં સમીક્ષા જરૂરી બનશે. નાગરિકશાસ્ત્ર પરીક્ષણ હંમેશા યુ.એસ. નેચરલાઈઝેશન પ્રક્રિયામાં સૌથી મહત્વપૂર્ણ એ છે કે અરજદારો અમેરિકન ઈતિહાસ, સરકાર અને નાગરિકત્વની જવાબદારીઓને કેટલી સારી રીતે સમજે છે. ગ્રીન કાર્ડ નાગરિકત્વ આવશ્યકતાઓ ઓક્ટોબરમાં અપડેટ સાથે, પરીક્ષણને એવી રીતે ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યું જે વધુ સચોટ તૈયારી અને ચોકસાઈની દર્શાવે છે. યુએસસીઆઈએસ અધિકારી દ્વારા અરજદારોને મૌખિક રીતે 20 પ્રશ્નો પૂછવામાં આવશે. પાસ થવા માટે, તમારે ઓછામાં ઓછા 12 સાચા જવાબ આપવા પડશે. જો તમે 9 પ્રશ્નો ચૂકી જાઓ છો, તો પરીક્ષણ તરત જ સમાપ્ત થશે, પરિણામે નિષ્ફળતા પ્રાપ્ત થાય છે. તમે પાસ કે નાપાસ થતાં જ અધિકારી પરીક્ષણ બંધ કરી દેશે, તેથી બધા 20 પ્રશ્નો હંમેશા પૂછવામાં આવશે નહીં. 65 વર્ષ કે તેથી વધુ ઉંમરના અરજદારો માટે, જેમની પાસે ગ્રીન કાર્ડ ધારક તરીકે ઓછામાં ઓછા 20 વર્ષ થઈ ચૂકયા છે, એક નાનું સંસ્કરણ લાગુ પડે છે: 10 પ્રશ્નો, જેમાં પાસ થવા માટે 6 સાચા જવાબો જરૂરી છે. નવી સિસ્ટમને જે વધુ કડક બનાવે છે પરીક્ષામાં જતા પહેલા સંપૂર્ણપણે તૈયાર રહેવા પર વધુ ભાર ચોકસાઈ મૂકે છે. અપડેટ ધ્યાન કેન્દ્રિત કરવામાં પરિવર્તનનો સંકેત આપે છે. સરકાર ખાતરી કરવા માંગે છે કે ભવિષ્યના નાગરિકો અમેરિકન નાગરિકશાસ્ત્રનું સતત જ્ઞાન દર્શાવવા માટે ખરેખર તૈયાર છે કે કેમ તેની પર ધ્યાન કેન્દ્રિત કરે છે. USCIS 128 માન્ય નાગરિકશાસ્ત્ર પ્રશ્નો સાથે એક અભ્યાસ માર્ગદર્શિકા પ્રદાન કરે છે, અને અરજદારોએ યુ.એસ. નાગરિક જીવનના તમામ ક્ષેત્રોમાંથી પ્રશ્નોની અપેક્ષા રાખવી જોઈએ. યુ.એસ. બંધારણ અને સ્થાપના સિદ્ધાંતો, સુધારાઓ અને લોકશાહી આદર્શો સહિતની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે. સરકારની ત્રણ શાખાઓ - સત્તાઓ, જવાબદારીઓ અને તેઓ એકબીજાને કેવી રીતે સંતુલિત કરે છે.નાગરિકોના અધિકારો અને ફરજો - મતદાન, વાણી સ્વાતંત્ર્ય, કર ચૂકવવા, નીતિ નિયમોનું કાયદા અનુસાર પાલન કરવું વગેરેનો મુખ્ય સમાવેશ છે. દર્શાવાશે જો તમે ૨૦ ઓક્ટોબરના રોજ અથવા તે પછી ફાઈલ કરો છો: તો તમારે અપડેટેડ સિસ્ટમનું પાલન કરવું આવશ્યક છે, જેમાં નવેસરથી તૈયાર કરાયેલ નાગરિકશાસ્ત્ર પરીક્ષણ સાથે પડોશી મુલાકાતો અને પાત્રતાં સમીક્ષા જરૂરી બનશે. નાગરિકશાસ્ત્ર પરીક્ષણ હંમેશા યુ.એસ. નેચરલાઈઝેશન પ્રક્રિયામાં સૌથી મહત્વપૂર્ણ એ છે કે અરજદારો અમેરિકન ઈતિહાસ, સરકાર અને નાગરિકત્વની જવાબદારીઓને કેટલી સારી રીતે સમજે છે. ગ્રીન કાર્ડ નાગરિકત્વ આવશ્યકતાઓ ઓક્ટોબરમાં અપડેટ સાથે, પરીક્ષણને એવી રીતે ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યું. આ ઉપરાંત ગ્રીન કાર્ડ નેચરલાઈઝેશન દ્વારા અમેરિકન નાગરિક બનેલાઓનું નાગરિકત્વ પણ જપ્ત થઈ શકે છે.

વીઝા બુલેટીન ફેમીલી : ડિસેમ્બર - 2025				
સંકલન : નારણભાઈ મોદી (1-732-766-2420)				
ક્રમ	કેટેગરી માહિતી	ચાર્ટમેક નામીબ	નવેમ્બર (અંતિમ ચાર્ટમેક)	ડિસેમ્બર
F-1	યુએસ. નાગરિકના 21 વર્ષથી જનુ ઉમરના અપરિણિત સંતાનો	01SEP17	08NOV16	08NOV16
F2A	કોનસ્ટ્રોના જીવનસાથી અને 21 વર્ષથી નાના સંતાનો	22NOV25	1FEB24	01FEB24
F-2B	કોનસ્ટ્રો પાસ અપરિણિત 21 કે વધુ ઉમરના સંતાનો...	08MAR17	22NOV16	01DEC16
F-3	યુ.એસ. સીટીઝનના પરણીત સંતાનો	22JUL12	08SEP11	08SEP11
F-4	યુ.એસ.સીટીઝનના ભાઈ-બહેન	15DEC06	01NOV06	01NOV06

ગ્રીન કાર્ડ હોલ્ડરે પોતાના ડોક્યુમેન્ટ્સ સાથે રાખવા જરૂરી છે અને આ કાયદો વર્ષોથી અમેરિકામાં રહેતા પરમેનન્ટ રેસિડેન્ટ્સને પણ લાગુ પડે છે. આ અંગે અમેરિકાના ન્યાય વિભાગે જણાવ્યું છે. જો ટેક્સ રિટર્નમાં ઓછી આવક બતાવવા બદલ પણ ગ્રીન કાર્ડ છીનવાઈ શકે છે. અમેરિકાએ જાહેરાત કરી છે કે કાયદેસરના ગ્રીનગાર્ડ ધારકોએ પણ નેબરહૂડ ઈન્વેસ્ટિગેશન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તેના પછી તેમને અમેરિકન નાગરકિત્વ આપવામાં આવશે. આ નેબરહૂડ ઈન્વેસ્ટિગેશન્સમાં પડોશીઓ, માલિકો, સહકાર્યકરો અને બિઝનેસ એસોસિયેટ્સના પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે. એપ્રિલ 2025માં લગાવેલા ટેરિફ અમેરિકાની અર્થવ્યવસ્થાને મજબૂત કરી રહ્યા હોવાનો તર્ક વ્હાઈટ હાઉસે આપ્યો હતો. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એચ-1B વિઝા કાર્યક્રમની તરફેણમાં યુ-ટર્ન લેતાં જણાવ્યું કે, દુનિયાભરના પ્રતિભાશાળી લોકોની અમેરિકાને જરૂર છે કારણ કે યુએસ પાસે ટેલેન્ટનો અભાવ છે. યુએસમાં એચ-1B વિઝાના લાભાર્થીઓમાં ભારતના આઈટી નિષ્ણાતો અને ટ્રિઝિશિયન મોખરે છે. ટ્રમ્પ તંત્રએ તાજેતરમાં એચ-1B વિઝા કાર્યક્રમના દુરૂપયોગ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. આજે પણ H-1 અને સ્ટુડન્ટ વીઝા પર કાપ ચાલુ છે. ગ્રીન કાર્ડ હોલ્ડર માટેના નિયમોમાં સખતાઈ જોવાં મળી રહી છે. કાયદાકીય કોઈ ગુનાહિત પ્રવૃત્તિ જોવાં મળશે, અથવા નિયમ કરતાં ગ્રીન કાર્ડ હોલ્ડર જો વધુ સમય બાહર રહેશે તો અનેક સવાલોના માધ્યમમાંથી એરપોર્ટ પર પસાર થવું પડશે. જો સંતોષકારક જવાબ નહીં હોય તો, તે સમયે ગ્રીન કાર્ડ જઈ પણ શકે છે. ગ્રીન કાર્ડ એ અમેરિકન નાગરિક જેટલાં હકો આપતું નથી. નિયમિત કામ કરવાનો માત્ર પરવાનો, નિયમિત ટેક્સ અને રેસીડેન્ટ્સની સુવિધા જેનું મોર્ગેજ અને ટેક્સ નિયમિત ભરતા હોવા જોઈએ. સાથે ગ્રીન કાર્ડ હોલ્ડરને સામાન્ય અમેરિકનની જેમ સામાજીક ન્યાય અને મેડિકેર કે મેડી કેઈડના લાભ મળી શકે છે. પણ અમેરિકન સ્થાનિક કે રાષ્ટ્રીય ઈલેકશનમાં વોટીંગ કરી શકતાં નથી. નવાં એચ-1B વિઝા ધારકોને દશ વર્ષના વીઝા પૂર્ણ થયા બાદ પોતાના દેશમાં પરત જવું પડશે. અથવા કંપની તેને પાંચ વર્ષ પ્રમોટ કરે તો તેના પર વિચારણા કરવામાં પણ આવી શકે. પણ ગ્રીન કાર્ડ હવે તેઓ માટે દૂરની વાત છે. છતાં કોઈ નિયમીત કાયદાકીય અંતરગત એપ્લાય કરી શકાય છે. 1977ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ અંતર્ગત રાષ્ટ્રપતિને વ્યાપાર કંટ્રોલ કરવાની શક્તિ છે, આ બાબતને લઈને ટ્રમ્પનું કહેવું છે કે બીજા દેશો આપણા પર ટેરિફ લગાવી શકે છે તો આપણે શા માટે ન લગાવી શકીએ નહીં. આ ટેરીફ આખરે સામાન્ય જનતાં માટે બોજ બનવાની શકયતા નકારી શકાય નહીં. સામાન્ય વસ્તુઓના ભાવ વધવા સાથે સામાન્ય ટેક્સનું ભારણ તો ખરું જ !

શમણાં છે હોડી

હું અને તું છીએ સામ સામા કિનારા
આંખ મારી દરિયો ને શમણાં છે હોડી
રેતના રણમાં ભાસે છે મૃગજળ
પ્યાસ અધૂરી ને હાલત છે કફોડી
પ્રસરે છે ફૂલોની મહેંક સારા બાગમાં
છત્ર વિના સિંહાસન ભાસે છે ભેંકાર
છે શ્વાસ તો જીવન છે જગતમાં
જીવ વિનાનું શરીર છે ફૂટેલી કોડી
છે આ જીવન, કુદરતની કિંમતી ભેટ
કોને કયારે વાગશે, ઈશ્વરની હથોડી.

- દીપિકા શાહ
૭૩૨-૩૫૫-૯૨૭૧

જૂજવે નામરૂપ કૃષ્ણા!

હે જગતનિયંતા કૃષ્ણ!
જૂજવે નામરૂપે તુજ કર્મ દિસે!
જમુનાના કાલીનાગને નાથી
જમનાજળ વિશુદ્ધ કરી
મથુરાવાસીને ભયમુક્ત કરનાર
બાલકૃષ્ણ તું!
બબ્બે હાથે બંસી પકડી
મધુર સૂર રેલાવી
વૃંદાવનને પ્રેમઘેલું કરનાર
બંસીધર તું!
પર્વત ઊંચકીને
આંગળીએ અધ્ધર કરી
ગોકુલવાસીઓને છત્ર અર્પનાર
ગોવર્ધનધારી તું!
દ્રૌપદી વસ્ત્રાહરણ વેળા
સ્વહસ્તે ચીર પૂરી
દ્રૌપદીની લાજ બચાવનાર
મર્યાદા પુરુષોત્તમ તું!
બબ્બે હાથે દોરથી
ઘોડા હાંકી, યુદ્ધભૂમિ પર
અર્જુનનો રથ ચલાવનાર
સારથિ પણ તું!
એક આંગળીએ
સુદર્શન ચક્ર ચલાવી
દુષ્ટોનો સંહાર કરનારો
સુદર્શનચક્રધારી તું!
બે હાથે પકડેલ શંખ ફૂંકી
ફળની આશવિણ કર્મ કરવાનો
જગતને સંદેશ આપનાર
યોગેશ્વર પણ તું!

-ડો.આર.પી.પટેલ-આણંદ
(પિસ્કાટવે-ન્યુજર્સી)

'નકામું'

સમજણ વગરનું દેવું નકામું.....
નીતિ વગરનું હોવું નકામું.....
ન સમજે તેને કેવું નકામું.....
કોઈના ઘરે ઝાઝા પડી રહેવું નકામું.....
કામ વગરનું જાવું નકામું.....
ભૂખ વગરનું ખાવું નકામું.....
નીર વગર ન્હાવું નકામું.....
ગળા વગર ગાવું નકામું.....

- મૂદુલા ગણાત્રા

કવિ નથી હું

ઉંચા ગજાનો કવિ નથી હું
લખું કવિતા શબ્દોની સૃષ્ટિમાં
વાંચુ હાવભાવ મનુજની દ્રષ્ટિમાં
નિહાળું ધરાને જોઈ ઊંચા આકાશે
વિચારો સ્ફુરે-શબ્દો આવે મન પાસે
શબ્દોની ગુંથણીમાં લખાઈ જાય કવિતા
આરાધના કરું ઈશ્વરને નમીને સવિતા
નથી જોઈતી પ્રશસ્તિ કે માન-મરતબો
હું માનવી બનું માનવ બસ એક મનસુબો
તમારા જેવો સીધો સાદો માનવી છું હું
ઉંચા ગજાનો કવિ નથી હું.

- ઈન્દ્રવદન પરીખ,૯૭૩-૯૪૮-૩૮૨૬

કરી લે....

હોય ભલે મુઠ્ઠીભર સપના,
પણ શોર એનો ધમધોકાર કરી લે...
થાય નહીં અફસોસ જીવનમાં,
એનો પૂરો ઈન્તજામ કરી લે...
આંખોમાં સપનાઓનાં આકાર કરી લે,
કર્મને જ તું તારો આધાર કરી લે...
હોય કામ હજારો અધરા,
તું હિંમત ધારદાર કરી લે....
ડગીને બેસી રહેવા કરતાં
લડીને હાર શાનદાર કરી લે...
વિકલ્પ નથી જ ઉદાસીનો અહીં
આ દુનિયા છે, અસરદાર જીવી લે,
મરવું તો છે જ કાલે
પણ આજને મજેદાર કરી લે...

-ભાવિની રાઠોડ'ભાવાગ્નિ'અમદાવાદ
+૯૧-૯૯૧૩૦ ૫૯૦૮૮

ગુજરાતી ભાષાને જીવંત રાખતું
દર માસે નિયમિત પ્રકાશિત થતું.....
માસિક મેગેઝિન
'ગુજરાત દર્પણ' વાંચતા રહો....

નાતાલ

દૂતો લાવ્યા વધામણી ઈસુ તારણહાર જન્મ્યા ગભાણે
ભરવાડોએ આવી ગભાણે પાયે પડી કર્યુ ભજન
ગભાણે જન્મેલા ઈસુને પતિતોએ સ્વીકાર્યો હૃદયોમાં
પૂર્વથી સંદેશો લાવ્યો તારો શાંતિ આનંદ ને આબાદીનો
લાવ્યા પૂર્વના રાજાઓ ભેટ સોનુ, બોળ ને લોબાન તણી
ઈસુ આવ્યા આ જગમાં ત્યજી સ્વર્ગ પાથરવા પ્રકાશ
નાતાલે ઈસુ અંધારી આલમે સર્વજન માટ ઉધ્ધાર સંદેશ
દુઃખી પિડિત હૃદયોને દીધો શાંતિ પ્રેમ ને ક્ષમાનો સંદેશ
ઈસુ કહે છે ભારથી લદાયેલા આવો મારી પાસ દઈશ વિસામો.

"Merry X'Mas'
-ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન, યુનિયન સીટી,
ફોન :(૨૦૧) ૩૩૦-૦૩૧૪

અંતરમાં દિપક

જીવ તારો જ્યારે મુંજાય, અંતરમાં દીપક પ્રગટાવી દે,
મુંજારો તારો દૂર જ જાય, અંતરમાં દીપક પ્રગટાવી દે.
અંધકારે દિશા મેળવવા, ભક્તિનો દીપક પ્રગટાવી દે.
પ્રભુ નામનો જાપ જગાવ, મનમાં ચેતનાને જગાવી દે.
સત્યનો માર્ગ તને દેખાય, અંતરડે દીપક પ્રગટાવી દે.
સંતોના શબ્દો સાંભળી, મનમાં હા શાંતિ ફેલાવતો રે
હૃદયની વાણી પ્રભુ સુધી પહોંચે, આવી તું આસ્થા દે.
જીવતરનાં તું તત્વ સમજી, અંતરમાં દીપ પ્રગટાવી દે.
તનના તંબુરાથી ભક્તિની ધૂન કરી દીપ પ્રગટાવી દે.
મનડે તું તાળી વગાડીને ભજનો કરી દીપ પ્રગટાવી દે.
જિંદગીના અંતમાં ઉધ્ધાર થાય પ્રેમે દીપ પ્રગટાવી દે.
જીવ તારો જ્યારે મુંજાય, અંતરમાં દીપક પ્રગટાવી દે.

- સુભાષ ઉપાધ્યાય 'મેહુલ' (અમેરિકા)

ભવસાગર તળી જાવ

મન મારું માંકડુ, તૂટતા ન લાગે વાર,
ખોપરી તો ખજાનો, ખૂટતા ન લાગે વાર.
હૃદય છે હાલતું, બંધ પડતાં ન લાગે વાર,
તનનો તાંતણો તૂટે, તો ઢીલાં પડતાં ન લાગે વાર
લાગણીમાં લસરી પડે, તો લડતાં ન લાગે વાર,
ખા ખા કરીએ તો, ખલાસ થતાં ન લાગે વાર.
ખોળી દાનતમાં રહો તો, ખંખેરાઈ જતા ન લાગે વાર,
ભેદભાવ વગર ભક્તિમાં ભળી જાવ તો,ભવસાગર તળી જાવ.

- સરોજ ગજ્જર,
૭૧૮-૮૯૪-૨૯૨૪

મુક્તક - અજ્ઞાત

૧. નીચી ઉડાન મોત સસ્તુ માનવ રાખ	૨. સફેદ પંખી શાંત કલરવ ધરતી લાલમલાલ	૩. આનંદ દર્દનાક ઉગ્ર ઉત્સાહ શાંત સમૈયો



ડિસેમ્બર માસનું

રાશિ-ભવિષ્ય

પ્રિતી જોષી
સાંઈબાબા જ્યોતિષ
૯૭૩-૭૭૯-૩૦૨૩

મેષ : (અ.લ.ઈ.) આ માસ આપના માટે ઉન્નતિકારક સાબિત થાય. આ સમયમાં આપના અટકેલા કાર્યો પૂર્ણ થઈ શકે તેમ છે. નોકરીયાતવર્ગે આ સમયમાં પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું. જો આપ કોર્ટ-કચેરીના ચક્કરમાં ફસાયા છો તો કોઈ સારા વકીલની સલાહ લઈ કામ પોઝીટીવ વલણ તરફ લઈ જાવ. જો આપ આ સમયમાં કોઈ મુસાફરી અંગેનો પ્લાન બનાવો છો તો તે સફળતાપૂર્વક પાર પડે. આરોગ્યની બાબતે આપે ખાસ કાળજી રાખવી પડશે. ખાવા-પીવાની બાબતે વિશેષ ધ્યાન રાખવું. આરોગ્ય સુખાકારી એકંદરે સારા રહે.

વૃષભ : (બ.વ.ઉ.) આ સમય આપના માટે થોડો સાચવીને ચાલવા જેવો છે. આ સમય દરમ્યાન ખર્ચ પણ વધુ થાય. જે તમે ના ઈચ્છતા હો તો પણ તમારે ખર્ચ ઉઠાવવો પડે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં આપે સાવચેતી રાખવી જરૂરી રહેશે. આ સમયમાં નોકરીયાત વર્ગને નોકરીમાં પ્રગતિ મળે તેમજ બઢતી કે બદલી થાય. ધંધાવાળાને ધંધામાં ધીમે ધીમે પ્રગતિ થતી જોવા મળે. આ સમયમાં આપને કોઈ જૂના મિત્રોને મળવાનો ચાન્સ મળે અને તે આપના માટે ફાયદાકારક સાબિત થાય. આરોગ્યની દ્રષ્ટિએ થોડી સાવધાની રાખવી પડશે. હાર્ટની તકલીફ, બી.પી.ની તકલીફ વધી શકે છે.

મિથુન : (ક.છ.ઘ.) આ માસ આપના માટે આનંદદાયક તેમજ તાજગીભર્યો રહેશે. આપ આ માસમાં જે અધૂરા રહેલા કાર્યો છે તે પૂરા કરી શકશો. નોકરીયાત વર્ગના લોકો નોકરીમાં પૂરા ખંતથી કામ કરશે, પરંતુ ઘણીવાર ઉપરી અધિકારી વર્ગનો ઠપકો સાંભળવો પડે. ધંધાવાળાને ધંધામાં ધીમે ધીમે બરકત આવતી જણાય. ઘણીવાર ધંધામાં આપની ધારેલી ચાલ ઉલટી પડતી જણાય જેથી સાવધાનીપૂર્વક ધંધો કરવો. આરોગ્ય તંદુરસ્તી સંભાળીને કામકાજ કરવું. કૌટુંબિક રીતે સમય શાંતિથી તેમજ આનંદદાયક પસાર થાય. સંતાનોની પ્રગતિ થાય.

કર્ક : (ડ.હ.) આ સમય આપના માટે ખૂબજ શાંતિથી પસાર થાય, પરંતુ આપે કોઈ ખોટી ઉતાવળમાં આવો કોઈ મોટો નિર્ણય લેવાનું ટાળવું જોઈએ. આપના થકી કોઈને દુઃખ ના થાય તેવું વર્તન કરવું તેમજ આપની વાણી-વર્તન ઉપર અંકુશ રાખવો. કોઈપણ કાર્ય ધીરજથી કરવું. નોકરી કરતા લોકોએ પોતાના કાર્યમાં ખૂબજ ચોકસાઈ રાખીને કાર્ય કરવું. ધંધાવાળાને ધંધામાં હરિફ વર્ગનો સામનો કરવો પડે છતાં પણ એકંદરે માસ સારો જાય. કૌટુંબિક રીતે સમય સારો છે. માતા-પિતાનું આરોગ્ય સારું રહે.

સિંહ : (મ.ટ.) આ સમય આપના માટે ફાયદાકારક સાબિત થાય. આપનું માન-સન્માન વધે. તેમજ આપ જો કોઈ સંસ્થા માટે કામ કરી રહ્યા હો તો તેમાં પણ કોઈ ઉંચો હોદ્દો મળે. સરકાર તરફથી કોઈ માન-પ્રતિષ્ઠા પુરસ્કાર મળે. ધંધાવાળાને ધંધામાં સમજી-વિચારીને કાર્ય કરવું. પૈસા રોકતા પહેલા સો વાર વિચાર કરવો. નોકરીયાત વર્ગના લોકોને નોકરીમાં રાહત મળે. પ્રગતિના માર્ગ મોકળાશ મળે. વિદ્યાર્થી વર્ગને કોઈ સ્પેશ્યલ ડિગ્રી માટે મહેનત કરતા હો તો તેમાં ફાયદો થાય. કૌટુંબિક રીતે સમય શાંતિથી પસાર થાય. જૂના સંબંધો તાજા થાય.

કન્યા : (પ.ઠ.ણ.) આ સમયમાં આપ કોઈ અગત્યના નિર્ણયો લેતા હો તો ટાળજો. કૌટુંબિક રીતે પણ થોડો વિખવાદ જરૂર થાય. આપના ધાર્યા કાર્ય પૂર્ણ ન થતા મન બેચેન રહ્યા કરે. પાડોશી સાથે પણ મતભેદ થવાની શકયતાઓ જણાય છે. આપે આ સમયમાં વાહનનો ઉપયોગ કરતા થોડી સાવધાની રાખવી જરૂરી રહેશે. આરોગ્યની બાબતે સમય સારો છે. છતાં પણ ઋતુગત બિમારીનું આવરણ આવી જાય. ખાવા-પીવામાં વિશેષે કાળજી રાખવી. સંતાનોની પ્રગતિ થાય.

તુલા : (ર.ત.) આ સમય આપના માટે સારો જાય. કોઈ સર્જનાત્મક કાર્યો કરવા વિચારી રહ્યા હો તો તે અમલમાં મુકાય. નોકરીયાત વર્ગને નવી નોકરીના ચાન્સ મળે. આગળ વધવાના માર્ગ ખુલ્લા થતા જાય. સહકર્મચારી વર્ગ સાથે મનમેળ સારો રહે. કોઈ નવા નવા પ્રોજેક્ટ મળવાના ચાન્સીસ બને. ધંધાવાળાને ધંધામાં થોડી સાવધાની જરૂરી રાખવી. ચોરી-ચપાટી ના થાય તેની ખાસ કાળજી રાખવી. જીવનસાથી સાથે શાંતિથી વર્તવું. મતભેદ ના થાય તેની ખાસ કાળજી રાખવી. આરોગ્ય તંદુરસ્તી સારી રહે.

વૃશ્ચિક : (ન.ય.) આ સમય આપના માટે વિશેષ કાળજી ભર્યો રહે. આપની પાછળ કોઈ ખોટી સાજીસ ના કરે તેની ખાસ તકેદારી રાખવી. નોકરીયાત લોકોને નોકરીમાં અજાણ્યા લોકોથી ખાસ સાવધાની રાખવી. આ સમયે આપના પૈસા કયાંક અટવાયા હોય તો પાછા આવવાની શકયતા જણાય. ધંધાવાળાને ધંધામાં ધીમે ધીમે આગળ વધી શકાય. આરોગ્યની બાબતે વિશેષ કાળજી રાખવી. પડવા-વાગવાથી ખાસ સંભાળવું. ખાવા-પીવામાં પણ વિશેષે કાળજી રાખવી. શ્વાસના દર્દીઓએ પણ ખાસ સંભાળવું.

ધન : (ભ.ધ.ફ.ઢ.) આ સમયમાં આપ જો કોઈ નવી નોકરીની શોધમાં હો અથવા કોઈ ધંધા વિશે વિચારતા હો તો તે કાર્ય આપનું પૂરું થાય. વડિલોના આશીર્વાદથી આપ આપના માર્ગે આગળ વધી શકશો. આ સમય આપના માટે સુખદ રહે. જો કોઈ ઘર ખરીદવા અથવા વાહન ખરીદવા અંગેની કાર્યવાહી કરતા હો તે પણ પૂર્ણ થાય આપ આ સમયમાં કોઈ કાનૂની મામલે અટવાયા હો તો તેનો સુખદ ઉકેલ મળે. વારસાગત મિલકત અંગેની કાર્યવાહી પણ આગળ વધે. ઘરમાં માંગલિક પ્રસંગનું આયોજન થાય.

મકર : (ખ.જ.) આ સમય દરમ્યાન આપે આપની વાણી તેમજ વર્તન ઉપર અંકુશ રાખવો પડશે. ના જોઈતો ગુસ્સો ના કરવાની સલાહ છે. કયાંક આપના બોલાયેલા વાકયોમાં ફસાઈ ના જાવ તેની ખાસ કાળજી રાખવી પડશે. નોકરીયાત વર્ગને નોકરીમાં પ્રગતિ થાય. બદલી કે બઢતીના યોગો બને છે. ટેકનીકલ ક્ષેત્રે આપ ખૂબ જ આગળ વધો. વિદ્યાર્થી વર્ગના ઉચ્ચ શિક્ષણના માર્ગો મોકળા થતા મન આનંદિત રહે. કૌટુંબિક રીતે પણ સમય શાંતિથી પસાર થાય. જીવનસાથીનો સાથ સહકાર સારો રહે.

કુંભ : (ગ.શ.સ.ષ.) આ સમય દરમ્યાન આપના સામાજીક તેમજ રાજકીય ક્ષેત્રે પ્રતિષ્ઠા વધે. કામ ઉપર ઉપરી અધિકારી વર્ગનો સાથ સહકાર વધતા આપ આપનું કાર્ય પૂરી નિષ્ઠા તેમજ ખંતથી કરી શકો. આ સમયમાં આપે આપની જીવન-શૈલી બદલવાનો પૂરેપૂરો પ્રયાસ કરવો જોઈએ. સરકારી બાબતોમાં જો બેદરકારી રાખશો તો સમસ્યાઓ વધી શકે તેમ છે. ઉદ્યોગપતિઓ-ધંધાર્થીઓ નવા ધંધા તેમજ નવા પ્રોજેક્ટ ઉપર વધુ ધ્યાન આપશે તો વધુ સારી સફળતા મળી શકશે. આરોગ્ય તંદુરસ્તી એકંદરે સારી છે. વિદ્યાર્થી વર્ગને સમય શ્રેષ્ઠ રહે.

મીન : (દ.ચ.) આ સમય આપના માટે નફાકારક સાબિત થાય. જો કોઈ નાનો ધંધો કરતા હો તો તેમાં પણ આપને નફો થતો જણાય. આ સમયમાં આપના ધારેલા નિશ્ચિત કાર્યો થતા મન આનંદતિ રહે. નવા નવા કાર્યો કરવા ઉપર ધ્યાન વધુ રહે. પરિવારના સભ્યોનો સાથ-સહકાર મળતાં કામ કરવાનો અનેરો આનંદ રહે. એક સાથે અનેક કાર્યો કરવાથી મન થોડું વિચલીત જરૂર રહે. સંતાનોની મહેનત રંગ લાવે. મનગમતી જગ્યાએ એડમીશન મળતા બાળકો આનંદમાં રહે. આરોગ્ય ઉપર પૂરતી કાળજી રાખવી જરૂરી છે.

-----ooo-----

DUCT TIME

AIR DUCT - DRYER VENT - CHIMNEY SWEEP





AIR DUCT & DRYER VENT CLEANING

DFW's Trusted Air Duct Cleaning Experts

15 YEARS EXPERIENCE

FREE ESTIMATES





972-877-2500

CALLDUCTTIME.COM

LICENSED & INSURED

CONTACT: JITU PATEL

RESIDENTIAL - COMMERCIAL

BRING THE FLAME TO YOUR TASTE BUDS
WITH OUR MOUTHWATERING FLAVORS

FUN PIZZA KITCHEN

THE EXECUTIVE PIZZA DEALS



ALL FOR JUST $100

ELEVATE YOUR EVENT WITH THE IRRESISTIBLE FLAVORS OF FUN PIZZA KITCHEN.

INDULGE IN
4 EXTRA LARGE PIZZAS PAIRED PERFECTLY
WITH 1 LARGE CHEESY GARLIC BREAD AND
A 2 LITRE PEPSI

TERM & CONDITIONS APPLY

CALL NOW

FRISCO: 469-359-2996



Japan

11 N/2024
Internal Airfare included

March to April 2026

$4095.00 PP



Europe Tour 15N /16 D

$4550.00 PP

Airfare included R/T from NYC, Book b4 Jan 15, 2025

May- Sept

$4550.00 PP



Greece

Athens w ith Islands , 14Days withoutair fare, CPPL CeGPSe "OSiM .BZ tP 4eQteNCeS

Call for PRICE



Spain Portugal

1Days w / airfare,

Book B4 Jan 31, 2026

$3050.00 PP



Iceland

10 Day w /o airfare,

Book b4 Jan 31, 2026

$3795.00 PP



Dubai & Oman

13 days W/O airfare,

Call for PRICE

Summer Tours

KRISHNA TOURS & TRAVELS
Observe-Discover-Know Yourself

- Indian or vegetarian food, Deluxe Hotel & Best Location,
- sightseeing included, Qualified Tour Manager

Bhavna Patel:

Email krishnatours3692@gmail.com

973-452-9823

Website krishnatoursua.com

Call for other destinations as per tour interest and group size



બિલિપત્રનાં ત્રણ પાન

(પ્રકરણ : ૧૨)

- લે. આરતી સોની
ફોન. : +૯૧ ૯૭૨૫૦ ૫૩૬૮૩

અને મંજરી બેઉની વાતમાં વચ્ચે બોલી ઊઠી, 'ભઈલું તું ચિંતા ન કર. હું સમજાવી દઈશ અમ્માને નવો મોબાઈલ ફોન કેવી રીતે વાપરવાનો.'

'ઓમ જોઈએ તો આ નોના મોબાઈલથી કોમ પતી જતું હોય તો આવા મોબાઈલના ખર્ચા હૂ લેવા કરવા? મારે કશું હમજવું નહિ કે શીખવું નહિ. બસ તું યાદ રાખીને ફોન કરતો રે'જે અન કાગળેય લખતો રે'જે. મને ઓમો મેસેજ બેસેજની કોય હમજણ ના પડે, હૂ કીધું?'

'અમ્મા, મનેય તમારી સાથે વાત કર્યા વિના ક્યાંથી ચેન પડવાનું છે? પહેલી રિંગે ફોન ઉપાડજો અને અહીંથી પરદેશ મોબાઈલ નહીં લાગે એટલે હું જ કરતો રહીશ. વચ્ચેના દિવસોમાં તો કરીશ જ, પણ દર શનિવારે અથવા રવિવારે રજાના દિવસે મારો ફોન ચોક્કસ આવી જશે.'

'વહુ બેટા, આ ડબ્બામો બેસનના લાડુ, ઓમો તલની હુખડી, ખાખરા, થેપલાં હે. અન આ વિરુન બો ભાવતી ગોરપાપડી. ખાવાપીવામો ધ્યોન રાખજો અને સુખશોન્તિથી પો'કી જાવ એટલે તરત ફોન કરી દેજો.' કંચન ભીની આંખે તરડાતા સ્વરે બોલી રહી હતી.

'બેઉ એકબીજાનું ધ્યોન રાખજો. ખૂબ આગળ વધો.'

'અમ્મા તમે પણ તમારું ધ્યાન રાખજો.'

હૈયે પથ્થર રાખીને ધ્રૂજતા હોઠે કંચને અને મંજરીએ વિરાજ અને દિક્ષાને 'જય શ્રી કૃષ્ણ' કહીને વિદાય આપી હતી. ભીની ચળકતી આંખોમાં માત્ર પીડા અને લાચારી ડોકાઈ રહી હતી, પરંતુ મોઢા પર દુઃખની આછી લકીર પણ નહીં કે સ્મિતમાં કોઈ ઉઝરડો નહીં. એટલે જ કંચનનું દિલ બહારથી ઓળખી ન શકાય. અંદરનો ધુમાડો દબાવી રાખી ગૂંગળામણ પી જવી એવો સ્વભાવ કેળવી રાખ્યો હતો. કંચન મમતા અને ત્યાગની મૂરત હતી.

માર્ચ મહિનો એટલે અમેરિકામાં શિયાળો પૂરો થવાની શરૂઆત હતી, તો પણ ખાસ્સી એવી ઠંડીએ જોર પકડી રાખેલું. અમેરિકામાં માયામી શહેરના ચકાચૌંધ કરી નાખે એવા ઊંચા ઊંચા મહાકાય બિલ્ડિંગો અને લીલોતરી વચ્ચે કાળી ભમ્મર સડકોનાં જાળાંઓ પર સડસડાટ દોડતાં વાહનોની ભીડમાં ઘડી બેઘડી વિરાજથી ખોવાઈ જવાયું. 'એમ જ અમેરિકાને 'વ્હીલ ઓન ધ રોડ' નથી કહેવાતું. ખરેખર ધરતી પરનું સ્વર્ગ છે અમેરિકા.'

દિક્ષા અચંબિત નજરે નિહાળી રહી હતી, 'વાઉ અમેઝિંગ!'

બંને અમેરિકામાં પહોંચ્યા ત્યારે બપોર હતી. ઈન્ડિયામાં હજુ સવાર થવાને ઘણીવાર હતી. કંપનીએ આપેલા એડ્રેસ પર તેઓ પહોંચ્યા. વિરાજ અને દિક્ષાને ત્રીસેક કલાકની સફરનો સખત થાક હતો.

'ઈન્ડિયામાં હજુ સવાર પડવાને વાર છે. અમ્મા સૂતાં હશે. ત્યાં સુધી આપણે પણ થોડોક આરામ કરી ઊઠીને ફોન કરીએ.' કહીને વિરાજે લાંબી તાણી. બેઉ જણ થાકને કારણે સૂઈ ગયાં એ સૂઈ જ રહ્યાં, તે છેક બીજા દિવસે સવારે જ ઊંઘ ઊડી.

હાઈરાઈઝ બિલ્ડિંગના આઠમા માળની કાટની વિશાળ બારીમાંથી સવારના પહોરમાં સૂર્યના પહેલાં કિરણો નેટના પડદામાંથી ડ્રોઈંગરૂમમાં ઉજાસ વેરી રહ્યા હતાં. છૂટાછવાયાં પામ ટ્રી વચ્ચે ઊભેલા સી-વિંગની બારીનો પડદો વિરાજે હટાવતાં જ સામે અફાટ દરિયો લહેરાતો હતો. દૂર દેખાઈ રહેલું મહાકાય જહાજ એમના એપાર્ટમેન્ટમાંથી નાનું સરખું એક હોડકું લાગી રહ્યું હતું.

'વાઉ...બ્યૂટીફુલ!' અને વિરાજને અમ્માની યાદ આવતાં જ સીધો ઈન્ડિયા ફોન લગાવ્યો.

આ બાજુ કંચન વિરાજની ચિંતામાં બબ્બે રાતથી પડખાં ફેરવી ઊંઘી શકી જ નહોતી. થોડી થોડીવારે મોબાઈલ ચેક કરીને જોઈ લેતી કે, 'ઘંટડી વાગીને બંધ નથી થઈ ગઈ ને?' અને આમ જ ફોન આવવાની રાહમાં મોબાઈલ ફોનને તાકીને બેસી રહેતી. જેવો મોબાઈલ રણકયો કે તરત કંચને પહેલી રિંગે ફોન ઉપાડી લીધો હતો.

'હેલો, વિરુ.'

'હા અમ્મા, જય શ્રીકૃષ્ણ.'

'હા વિરુ બટા, જે શ્રીકૃષ્ણ, જે શ્રીકૃષ્ણ, હારુ હે ને? સુખશોન્તિથી પો'કી જ્યો ને?'

'હા અમ્મા, અમે શાંતિથી પહોંચી ગયા છીએ. ચિંતા ન કરતાં.'

'તબિયતપોણીનું ધ્યોન રાખજો.'

'હા અમ્મા.'

'દિક્ષાવહુને કે'જે એનુંયે ધ્યોન રાખે. ફોન કતાં રે'જો.'

આમ આડીઅવળી ઔપચારિક વાતો પછી ફોન મુકાઈ ગયો. વિરાજની આંખેથી એક આંસુ સરી પડયું. દિક્ષાએ તરત ઝીલી લીધું. એણે સીધું પૂછી લીધું, 'શું થયું?'

'અમ્માની સુગંધ યાદ આવી.'

'એ તો વળી કેવી હોય? અમ્માની તે વળી સુગંધ હોય?'

'સુખનું કયાંય સરનામું હોય? એવી રીતે! અમ્માની સુગંધ પણ હોય.'

દિક્ષા વિચારોમાં ખોવાઈ ગઈ પછી બોલી, 'પણ આ સુગંધ કેવી હોય?'

વિરાજે નાનકડી એક ડબી ખોલીને ઊંડો શ્વાસ લઈ આંખો બંધ કરીને બોલ્યો, 'સુખનું સરનામું અમ્મા છે અને અમ્માની સુગંધ આમાં છે. મને જયારે અમ્માની યાદ આવે ત્યારે હું આ ડબ્બી ખોલી સૂંઘી લઉં.'

દિક્ષાએ અચરજભરી દ્રષ્ટિએ એમાં જોયું. વિરાજ એ ડબ્બીમાં ભરેલાં કુમકુમમાંથી અમ્માની સુગંધ લે છે. 'બસ, અમ્માની સુગંધ આમાં લઈને ફરું છું. હું કુમકુમ સૂંઘું ત્યારે અમ્મા જાણે મારી પોતાની સાથે જ હોવાનો મને અહેસાસ થાય છે.'

સંબંધની પાતળી ધાર પર કદાચ સતત વિરાજનું સંતુલિત રહેવાનું કારણ કદાચ આ અહેસાસ જ હશે!

કુમકુમ ભરેલી સૂંઘણીમાં,
ખોવાયો હું એના નશામાં.
એકલદોકલ અમે સાવ જ રે'તાં'તાં
જાણીને ઓઝલ થયાં'તાં
આંખોથી અણજાણ્યા ખેડાણ કર્યું'તું
સદી તરફ,
કચડાયેલ જિંદગી તરફ
ધુમ્મસિયા વાદળ મહીં
કંઈક પામવાની તલાશમાં
કંઈક આપવાની આશમાં
થોડુંક છલકાવાની ચાહમાં
સુખની કયાંય ડબ્બી હોય?
ચોરંટો હું કુમકુમનો
કુમકુમ ભરેલી સૂંઘણીમાં,
ખોવાયો હું એના નશામાં.

(ક્રમશઃ)

"ગુજરાત દર્પણ"નો જીવનસાથી મંચ

મૂલ્ય: ૭ લાઈનના ૩૫ ડૉલર (પ્રતી માસ)
૩ માસના ૨૦૦.૦૦ ડૉલર.
અગાઉથી પૈસા મળ્યા પછી જ જાહેર ખબર છપાશે. વધુ માહિતી માટે સંપર્ક સાધો.
૭૩૨-૪૦૪-૦૦૯૬

વરરાજા

(2507) Gujarati Vaishnav family in NJ seeking a cultured, educated and family oriented girl from USA/Canada for their USA born and raised son 43, 5'-6", 140 lb, never engaged or married. Handsome, looking far younger than birthdate age. MSIS from Rutgers University, well set with NJ state government job. Pleasant personality, vegan, non-drinker, non-smoker. Caste no bar. Kindly send biodata with recent photos to dipakmajmudar108@gmail.com or call 908-705-6799. [01/26

(2422) Hindu parents invite alliance for 5'10" tall and handsome 43 year old MD son. US born and raised. Seeking well educated beautiful girl with family values. Send Biodata and recent photo. Email: sg5463@yahoo.com or call : 315-882-2872 [11/25

(2430) Gujarati Patel (Vansol 27 Gaam) family invites correspondence for their unmarried son, NOV88,6", B.E.I.T, living in CANADA on work permit status. Looking for a Hindu, Gujarati girl who is vegetarian, non-smoker, non-alcoholic, well-educated, and has strong family values. If interested, please contact us on WhatsApp No. +1(732)-447-4897 and/or email at yogesh83.patel@gmail.com [02/26

(2431) Gujarati Leva Hindu Patel Family invites correspondence for their son; U.S born, never married; well educated; 42 yrs, 5' 10", seeking U.S based, educated, family oriented girl. Please Email biodata & photo to PMT430@gmail.com [12/25

(2432) "Gujarati Vaishnav (Panchal) family seeking a suitable match for never married US citizen son, Vegetarian, Non-smoker, non-drinker. Jan-1991, 5'-3", PharmD(Pharmacist), Well settled. Looking for highly educated, family-oriented, never married, (H1-F1 status ok), willing to move to NJ. Please send Biodata WITH PICTURES to: WhatsApp# +1-732-682-0557 or Email: panchal2bhupendra@gmail.com [12/25

કન્યા

(2428) Gujarati Hindu parents looking for a suitable match for their US born 42-yrs daughter, Master degree in marketing, well established in her profession, never married, vegetarian, beautiful and energetic. If interested, please send biodata with recent photos to: rasprit24@gmail.com. [11/25

(2429) Vaishnav Gujrati family invites alliance for their 2000 born, U S Citizen, cultured and well educated daughter pursuing Masters in Criminalistic at L.A. Looking for a well educated, good natured Gujrati boy from respectable family. Strictly Non alcoholic Non smoker and Vegetarian. Contact with biodata Email: meetks260516@gmail.com [12/25

નોંધ : જીવન સાથી મંચની જાહેરાતો ન્યુ જર્સીની તથા કેલિફોર્નિયા, ટેક્સાસ અને શિકાગો-જ્યોર્જીયા બધી જ આવૃત્તિમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જેનાથી આપણા લગ્ન વાંછુક યુવક યુવતીઓને પસંદગીની તકો વધી વધશે. જાહેરાત આપવા સંપર્ક સાધો

ગુજરાત દર્પણ
જીવનસાથી મંચ
Tel: 732-983-9286
Email: Gujaratdarpan@gmail.com

Maxim Tours
Service with Excellence

1 855 466 2945
(407) 285 2820




Travel The World With Your Trusted Tour Operator

JAN 20 | FEB 5 & 22 MAR 10 & 26 $ 5295
16 DAYS | Australia & New Zealand

MAR 23 & 28 APR 1 & 6 $ 3350
09 DAYS | Japan

Inclusions
- Land Inclusions*(Airfare not included)
- Deluxe accommodations
- Luxury transportation All sightseeings as per Itinerary
- Delicious Indian & local cuisine
- Professional guide/tour manager

We Specialize In
- Customized Group Tours
- Personalised Services
- Organized Tours With Maharaj
- Senior Citizen Groups
- Worldwide Destinations & Cruises
- Competitive Prices





25 FEB | 10 MAR $ 2195
13 DAYS | Vietnam Cambodia

FEB 5 MAR 5 & 26 $ 3050
10 DAYS | South America

APR 15 | MAY 24 SEP 3, 20 | OCT 1, 22 $ 2650
10 DAYS | Spain & Portugal

Please Call For More Destinations & Packages
www.maximtours.net
inquiry@maximtours.net
3303 S Semoran Blvd, Suite 900, Orlando, FL, 32822, USA

PATEL® BROTHERS

"Celebrating Our Food...Our Culture"



GREAT SELECTION

Affordable Price...

IRVING
1009 W. ROCHELLE RD. IRVING, TX 75062
T: 972.570.2504

McKINNEY
8720 STATE HIGHWAY 121 #112,
McKINNEY, TX 75070
T: 214.383.6875

PLANO
6205 COIT RD. SUITE 201, PLANO, TX 75024
T: 972.398.1166

VALLEY RANCH
8150 WALTON BLVD. IRVING, TX 75063
T: 972.573.4871

FRISCO
2787 PRESTON ROAD, FRISCO, TX 75034
T: 469.888.4301

GUJARATI

PODCAST



LISTEN TODAY

ગુજરાતી વાર્તાઓ,
લેખો અને ઘણું બધું

GujaratDarpan.com



Subzi Mandi

SUBZI MANDI CASH AND CARRY

SERVING FOR LAST 25 YEARS - SINCE 1993

133 YOUNGS ROAD, HAMILTON NJ 08619

OUR LOCATIONS:

1518 OAK TREE ROAD, ISELIN, NJ 08830
540 - South RT 130, EAST WINDSOR, NJ 08520
1400 BERLIN ROAD, CHERRY HILL, NJ 08003
4550 W. BUCKINGHAM ROAD, GARLAND, TX 75042
6921 INDEPENDENCE PKWY, PLANO, TX 75023
10010 N. MACARTHUR BLVD, IRVING, TX 75063
251 LITTLETON ROAD, PARSIPANNY, NJ 07054
1347 STELTON ROAD, PISCATAWAY, NJ 08854

જીવન પુષ્પ પ્રભુને ગમતું બનાવવાનો કિમિયો સમજાવતો ગ્રંથ...

શ્રીમદ્ ભગવત ગીતા

- લે. બાલકૃષ્ણ મહેતા

માગસર માસના પાવિત્ર્યમાં ઉમેરો કરે, અને જેમાં સચવાયેલા વિચારોથી માનવી-જીવનપુષ્પ ખીલાવીને પ્રભુને અર્પણ કરી શકાય તેવા જીવનગ્રંથ શ્રીમદ્ ભગવતગીતાનો જન્મદિન સુદ એકાદશીના દિવસે માત્ર ભારતનો જ નહીં વિશ્વભરનો બુદ્ધિનિષ્ઠ સમુદાય ગીતાના અઢાર અધ્યાયનું પારાયણ કરીને પોતાના મન, બુદ્ધિ અને વાણીને પવિત્ર કરશે.

આમતો ભગવાનના દશેય અવતારો વિશિષ્ટ, પ્રેરક અને માનવ્ય તથા ધર્મ અને નીતિના પુનરુત્થાન માટે થયા છે, પણ કૃષ્ણાવતાર એ કારણે પૂર્ણાવતાર ગણાયો છે, કે એ અવતારમાં તેમણે સમગ્ર માનવજાતને લક્ષમાં રાખીને પોતાનું જીવન, વિચાર પરિવર્તન દ્વારા પવિત્ર, નિર્ભય, પ્રસન્ન અને આનંદ કેમ બનાવી શકાય તેનું સચોટ માર્ગદર્શન અર્જુનને નિમિત્ત બનાવીને ગીતા જેવા અલૌકિક ગ્રંથ દ્વારા તદ્દન સરળ ભાષામાં, બહું સુંદર રીતે સમજાવ્યું છે. માનવતાના આ મહાન પૂજારી અને સામાન્ય માનવોના બેલી, દુઃખ મુક્તેલીઓથી જીવનમાં હારી ગયેલાં લોકોના હામી, કૃષ્ણે જીવનના પાયાના વિચારોનું તત્વજ્ઞાન, જે અઘરું, શુષ્ક અને યાદ રાખવું મુશ્કેલ પડે તેવું હોય, તેને સંક્ષિપ્ત અને સરળ ભાષામાં છતાં ગાઈ શકાય, ગણગણી શકાય, કે કંઠસ્થ કરી શકાય તેવા રૂપમાં 'ગેય' બનાવીને કહ્યું, 'ગીતાના રૂપમાં...' તેથી તે 'ગી..તા..' કહેવાયું, ખુદ ભગવાને કથિત હોવાથી તે શ્રીમદ્ તરીકે ઉરના ઉંડાણમાં ઝીલાયું છે.

હા, કેટલાક ધર્મગ્રંથોએ બોધ, ઉપદેશના ઉદાસ વિચારો જરૂર સમજાવ્યા છે પણ તેમાં તો પોતાના જ સંપ્રદાય, જૂથ કે ઉપાસકો પૂરતા મર્યાદિત જ રાખ્યા છે. ગીતામાં ક્યાંય કોઈ પંથ સંપ્રદાય કે અનુયાયીઓને સ્પર્શતી વાતો ન રહેતાં, વિશ્વભરના સમગ્ર માનવ સમુદાયને અનુલક્ષીને કહેલાં વિચારો છે. ગીતાનું ગુંજન કરનાર ષડગુણૈશ્વર્યયુકત યોગેશ્વર માત્ર ભારત માટે નહીં સમગ્ર વિશ્વ માટે હોઈ તે પૃથ્વીના ગોળાર્ધ ઉપર ઊભા રહ્યા છે, ના..ના..ના.

ભાનથી ચાલતાં રહેલાં ગતિશીલ ગોવિંદ છે તેથી તો તેમનો ડાબો પગ આગળ છે.. ગીતાના ગાયક કૃષ્ણના જમણા હાથમાં સતત ફરતું રહેલું સુદર્શન ચક્ર ઘણી હેયાધારણ અને અભય વરદાન આપી દે છે અને કહે છે કે ભોગવાદી જડવાદી અને પાશ્ચવી વિચારોથી મૂંઝાશો મા... તમે માત્ર મારા સમજાવેલા વિચારોનો પોપટપાઠ કરતાં બેસી ન રહેતાં, મારા વિચારો લઈને સમાજમાં સાધકની (ઉપદેશકની નહીં) ભૂમિકા રાખીને ફરશો તેના જેવી ઉત્કૃષ્ટ માનવ સેવા અને ભક્તિ, કે સંસ્કૃતિ પૂજન બીજું એકેય નથી. યાદ રાખજો-હું તમારા જેવાની પડખે...ના..પડખે નહીં આગળ ચાલવા તૈયાર જ હોઈશ, ગમે તેવું સાદું રૂપ ધારણ કરીને ય હું તમારી સાથે જ હોઈશ. 'ધર્મસંસ્થાપનાર્થય સંભવામિ યુગે યુગે.. વિનાશાય ચ દુષ્કૃતામ્...' અહીં ધર્મ એટલે સંસ્કૃતિ અને માનવતાના મૂલ્યો સાચવનારો, તે જીવન ધર્મ... (ખ્રિસ્તી, મુસ્લીમ, જૈન, શીખ વગેરે સંપ્રદાયોની વાત નથી. આ બધા ધર્મો, તે વખતે ક્યાં હતાં?)

કૃષ્ણ કેટલા સરળ, નિખાલસ અને પ્રેમાળ તથા પારદર્શી હૃદયના છે!! પોતાને શું ગમે છે અને પોતે શાનાથી તૃપ્ત થવા આતુર છે? તે ઈચ્છા આ માનવતા પ્રેમી અને અર્જુનના સારથિ એ ગીતામાં જ કહી દીધી છે. 'ય ઈમં પરમં ગુહ્યં મદભક્તેષ્વભિધાસ્યતિ... ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશય । (ગીતા ધ્યાય ૧૮, શ્લોક-૬૮)' અર્થાત જે માણસ મારામાં પરમ પ્રેમ રાખીને, આ પરમ રહસ્યયુકત ગીતાના વિચારોને મારા ઉપર પ્રેમ રાખનારા (ભકતો)માં કહી આવશે.. એટલે કે સંબંધ બાંધીને સમજાવી આવશે તે અવશ્ય મને જ પામશે જ પામશે.

કેટલી નિખાલસતાથી કૃષ્ણે કરેલી પેટછૂટી ઈચ્છા!! આ સૃષ્ટિનો સર્જક, નિરપેક્ષ અને નિરાકાંક્ષ રહેવાનું સમજાવનાર ચૈતન્યશક્તિ આસકત બનીને પોતાને ગમતી વાત મોકળા દિલે કહી દે છે. હરખાઈ ગયેલા હરિ ફરી પોતાની ગમતી વાત (રીપીટ) પુનર્કથન કરતાં, પાછાં અઢારમાં અધ્યાયના ૭૦મા શ્લોકમાં કહે છે,

'અધ્યેષ્યતે ચય ઈમં ધર્મ સંવાદમાવયો જ્ઞાનયજ્ઞેન તેનાહ મિષ્ટઃ સ્યામિતિ મે મતિ।' (૧૮.૭૦)

એટલે કે જે (વિચારશીલ માણસ) આ ધર્મમય સંવાદરૂપી ગીતાશાસ્ત્રનું સાતત્ય અને સમજણપૂર્વક ચિંતન-મનન કરશે તો એના દ્વારા હું તે જ્ઞાનયજ્ઞ દ્વારા પૂજાઈશ. કેટલી સુંદર ચોખવટ!! ગીતાકાર દિવા જેવી સ્પષ્ટ વાત આપણા સૌને વારંવાર ભારપૂર્વક સમજાવે છે! જો આપણે તે સમજવા તૈયાર હોઈએ તો...કે 'ગીતાનું માત્ર ઠાલું નિષ્ક્રિય શ્રવણ વાંચન કે પોપટ પાઠ, આપણા જીવનવિકાસ અને મન પરિવર્તન માટે વાંઝીયું જ નીવડશે, જો ગીતાના વિચારોનું મનન-ચિંતન અને તે પછી વિચાર અને વિવેકપૂર્ણ રીતે કૃષ્ણની ગીતાને સમાજમાં સ્થિર કરવાના કામે લાગવું તે જ તેની મહત્વની ભક્તિ છે. મન મૂકીને દિલમાં ઓગાળીશું તો કૃષ્ણના વિચારોથી અનોખી મસ્તી, અને નિર્ભયતા આવશે અને માત્ર પોપટીયું રટણ કરીશું કે શ્રવણ કરીશું તો 'હતા ત્યાંના ત્યાં જ રહીશું,' જૂઓને!! પેલો ગીતા સંભળાવનાર એવો ધૃતરાષ્ટ્રનો ડ્રાઈવર) રથ હાંકનારો સંજય'! ગીતા સાંભળીને તેના વાણી કેવી ફકકડ અને નિર્ભય બની જાય છે!! એક રથનો ડ્રાઈવર પોતાના શહેનશાહને ચોખ્ખુંચટ સંભળાવીને કહી દે છે કે 'તમે હારવાના, તમારા ભૂંડા હાલ થવાના... અને કૃષ્ણ અર્જુનની જોડીનો જ જય જયકાર થવાનો.. લખી રાખો..દિલમાં!!'

અહીં સંજય કહી દે છે કે 'યત્રઃ યોગેશ્વર કૃષ્ણોયત્ર પાર્થો ધનુર્ધરઃ તત્ર શ્રી વિજયો ભૂતિર્ધુવા નીતિર્મતિમમ...' (અધ્યાય ૧૮. શ્લોક-૭૮)

હે રાજન, જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને ગાંડીવધારી અર્જુન છે ત્યાં જ શ્રી વિજય, વિભૂતિ અને અચળ નીતિ છે એવો મારો સ્પષ્ટ મત છે. કેવી નિર્ભય વાણી!!

ઈશ્વરની અમીદ્રષ્ટિ આપણા રાષ્ટ્ર તરફ છે અને ગીતાને લોકોના જીવનમાં સ્વિકારવા માટેની અવિશ્રાંત તપશ્ચર્યા થયેલી દેખાય છે, હવે ભગવદ્ગીતા ગ્રંથ, હવે જીવનસ્પર્શી બનતો ગયો છે. દેશવિદેશમાં લાખો લોકોને ગીતાના જીવનસંદેશની વાસ્તવિક ઉપયોગીતા સમજાઈ ચૂકી છે, ગીતાના વિચારો જીવન પરાયાણ બનાવ્યા પછી જીવનમાં ઉતારવાના સાતત્યપૂર્વકના પ્રયાસો કરતાં રહ્યાં છે.

પછી ગીતાના ૧૮ અધ્યાયનું ગીતાજયંતિના દિને પારાયણ કરતાં હોઈશું તો જરૂર વાણી અને હૃદય પવિત્ર થશે જ અને પારાયણ થતું રહેલું પારાયણ પિતાંબરધારી કૃષ્ણ કાન માંડીને સાંભળે જ, બાકી ગીતાને લાલ કપડામાં વીંટીને ચોખા-ચંદન ચડાવીને અભરાઈએ ચઢાવી દેશું કાં તો મૃત સ્વજનોની પાદમાં ગીતા પુસ્તક વર્ષોચણી કરીને આપશો, કાં તો કોર્ટમાં સોગંદ ખાવા માટે હાથમાં ઝીલી સોગંદ લેવા પૂરતી ઉપયોગિતા જ રાખશું, તો તેમાં ગીતા-ગ્રંથની ઘરાર ઉપેક્ષા જ છે. ભગવદ્ ગીતાને ધાર્મિક પુસ્તક સમજનારા સાત્વિક વર્ગે આ દેશમાં ભૂતકાળમાં પોતાની સમજ અને હોંશ પ્રમાણે કર્યું છે, ગીતા મુખપાઠ, ગીતાના શુધ્ધ ઉચ્ચાર માટેના વર્ગો, ગીતા સ્પર્ધા, કરાવી વિશાળ ગીતા ભવનમાં હોલ બાંધવા, ગીતાના અઢાર અધ્યાયો દિવાલ ઉપર કોતરાવવા... લખાવવા... મૃતક સ્વજનની પાછળ ગીતાજી (બ્રાહ્મણ વાંચે તે માટે) બેસાડવા વગેરે વગેરે... કરી ચૂકયા છે.

ગીતાના વિચારોનું વ્રતપૂર્વક ચિંતન મનન અને જીવનપરિવર્તન તરફ દોરી જતી કૃતિ... આટલાની બાદબાકી કરીને અત્યારસુધીમાં બાકી જ આપણે કરી ચૂકયા, જો કે હવે બદલાયેલા આ યુગમાં ગીતાના વિચારો પ્રમાણે જીવનશૈલી ઘડીને નમૂનેદાર અને રાષ્ટ્રની ઉજળી આવતીકાલ સમા અસંખ્ય યુવાનો નજરે પડે છે.

અને ભારતીય સંસ્કૃતિની અસ્મિતાના પ્રતીક સમા સ્વામી વિવેકાનંદજીની મનોકામના પૂર્ણ થયેલી દેખાય છે. કૃષ્ણે ગાયેલી ગીતા એ દરેક માનવમાત્રને માટે છે આ બધાં વેદાંતના વિચારો ગરીબની ઝૂંપડીમાં, તેમજ માછલાં પકડતાં માછીમારની પાસે અને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસે પણ પહોંચવી જોઈએ. (લોકમિલાપ પ્રકાશિત અર્ધી સદીની વાંચનયાત્રા ભાગ-૩, પાન-૧૫) વિવેકાનંદજીની આ અપેક્ષા માટે કાર્ય પ્રેરણા આપનાર મહાપુરુષને કોટિ કોટિ વંદન... અને તેને માટે નિમિત્તમાત્રની ભૂમિકાથી કાર્યકરનારાને ભાવપૂર્વક વંદન....

-----000-----



'પાણી પર રંગોળી'

લે. રાજુલ કૌશિક

'ઈશાન, આજકાલ પપ્પાની પ્રકૃતિ જ બદલાઈ ગઈ હોય એવું તને નથી લાગતું?' અન્વીએ જરા દબાતા અવાજે પતિને સવાલ કર્યો. આ સવાલમાં ફરિયાદ નહીં ચિંતા હતી.

અન્વીના પપ્પાનું અવસાન થયું ત્યારે એ સાત વર્ષની હતી. મમ્મીએ અન્વીના ઉછેરમાં કોઈ કમી નહોતી છોડી, પણ પપ્પાની કમી કયાંથી પૂરી થાય?

જોકે, અન્વી બહું નસીબદાર. ઈશાન સાથે લગ્ન પછી પપ્પાની કમી પૂરી થઈ ગઈ. ઈશાનના મમ્મી ઉષાબહેનનો સ્વભાવ સાવ નરમ. પપ્પાની પ્રકૃતિ થોડી તેજ, પણ અન્વીએ ઘરમાં પગ મૂકયો ને અનંતરાય થોડા કૂણા પડયા.

જાણે ધોમધખતા તાપમાં નદી-સાગરનાં પાણીની બાષ્પ ઠરી ને આભમાં વાદળ બંધાયા. અન્વીની હાજરીથી, એની શાંત પ્રકૃતિથી અનંતરાયની સખ્તીમાં ભીનાશ ભળી, પછી તો એ બંધાયેલા વાદળોએ અન્વી પર સ્નેહની અનરાધાર વર્ષા કરી.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ઓફિસરનો હોદ્દો પ્રમાણિકપણે સંભાળ્યા પછી અનંત ઉદ્વેશીની નિવૃત્તિનો સમય નજીક આવતો હતો એમ ઘરમાં સૌનો ઉચાટ વધતો હતો. સતત અને સખત કાર્યરત રહ્યા પછી, નિવૃત્તિનો ખાલીપો જીરવવો એમના માટે કપરો હશે એ સૌ સમજતાં હતાં. નિવૃત્તિ તો સૌના જીવનમાં એક સમયે આવે જ છે. એકલાં ચાલવું આમ તો અઘરું નથી, પણ સૌની સાથે ચાલ્યાં પછી એકલાં પાછાં ફરવું અઘરું છે.

આજ સુધી અનંતરાય સૌને લઈને, સૌની સાથે ચાલ્યા હતા. કોર્પોરેશનમાં માન હતું. ઓફિસમાં કામ કરતી વ્યક્તિઓ એમની સાથે વાત કરે ત્યારે પોતાના હોદ્દાનો ભાર ન નડે એટલા સભાન રહેતા.

એ અનંતરાયનો ઓફિસમાં આજે છેલ્લો દિવસ હતો. સૌએ વ્યથિત હૃદયે વિદાય આપી.

અનંતરાયની વિદાય વસમી હતી, પણ ઘરમાં અત્યંત આનંદભર્યો આવકાર હતો. અન્વીએ પાપાની સાંજ સાચવી લીધી. 'વેલકમ બેક પાપા' કહીને મસ્ત મઝાના બુકેથી આવકાર્યા. કેન્ડલ લાઈટ ડિનરથી શરૂ થયેલી સાંજ પાપાને ગમતા 'આપ કી અદાલત' શો સાથે પૂરી થઈ, ત્યારે અનંતરાયે વિચાર્યું, પરિવારની સાથે રહીને વળી એકલતા કેવી અને નિવૃત્ત કોણ નથી થતું?

ચા...લો, નવી સફર શરૂ. આજ સુધી ઉષા સાથે, ઉષા માટે સમય જ કયાં ફાળવ્યો હતો? 'અબ ઉષારાણી કે હવાલે જીવન સાથિયોં.'

'વાહ પાપા, કવિતા કરતા થઈ ગયા ને! વાત સાચી છે. આજ સુધી તમે એટલી હદે કામમાં વ્યસ્ત રહ્યા છો કે, કયારેય મમ્મી સાથે ફરવા નથી ગયા. ઈશાનને કહીને હું કાલે જ તમારા અને મમ્મી માટે ટ્રિપ બુક કરાવી લઈશ. બોલો કયાં જશો? મમ્મીને કેટલાય વખતથી ચારધામ, વૈષ્ણોદેવીની યાત્રા કરવાની ઈચ્છા હતી, પણ મને ખબર છે કે તમને....'

'મને શું ગમશે કે મારે કયાં જવું છે એ વાત અને વિચાર પછી, હમણાં કહ્યું એમ સમય ઔર જીવન ઉષારાણી કે હવાલે સાથિયોં. ઉત્તરથી જ શરૂ કરીએ, હિમાલય તો મારેય જોવો છે.' અનંતરાયે અનુને અટકાવી.

અનુ હસી પડી.

રાધેશ્યામ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં રાયજી અને ઉષારાણીનાં નામ લખાઈ ગયાં. તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ.

'મમ્મીજીને ઠંડી બહુ લાગે છે.'

અનુએ મમ્મીજી માટે શાલ, સ્વેટર, વુલન સ્કાર્ફ, હાથ-પગનાં મોજાં, થર્મલ, લેગિંગ્સ, જાડો કોટ લઈ આવીને રૂમમાં ખડકલો કર્યો.

'અરે, આ શું?'

'આ જે દેખાય છે તે જ મમ્મીજી. ખબર છે મને, કાશ્મીરમાં બરફ પડે ને અહીં બેઠાં તમારાં ગાત્રો થીજી જાય છે. હીટર વગર તમારાથી બેસાતુંય નથી કે ગરમ રગ વગર તમને ઊંઘ કયાં આવે છે?'

'હાય...હાય..., મારે આ ઊંચકીને ફરવાનું?'

'ના, તમારે નથી ઊંચકવાનું. યાત્રા શરૂ થાય ત્યારથી તમારા માટે એક હેલ્પરની વાત ટુરવાળાને કરી રાખી છે. તમારે તો બસ જરૂર પડે એમ પહેરતાં જવાનું. વળી, પપ્પાજીનું નામ કેટલું જાણીતું છે, ટુરવાળા રાજી થઈ ગયા હતા. બંનેનું ખાસ ધ્યાન રાખશે એવું એમણે કહ્યું છે એટલે ચિંતાનું ચૂરણ અને ફિકરની ફાકી મૂકીને યાત્રા કરજો.'

'અરે હાં, આ ફાકી બોલી ને યાદ આવ્યું, પપ્પાજીનો દિવસ ફાકીઓ વગર શરૂ નહીં થાય. તમારી દવાઓ, ફેસક્રીમ, લોશનની સાથે પપ્પાજીની ફાકીઓ પણ મૂકી દીધી છે.'

'ટૂરમાં જમવાની વ્યવસ્થા સારી જ હોય છે, પણ પપ્પાજીને બધું માફક નહીં આવે એટલે એમના માટે ખાખરાં, થેપલાં, સુખડી મૂકી દઈશ.'

'ઓહો.. હું ભારે ભુલકણી! તમારે વચગાળાના સમયમાં વાંચવા હાથ વગાં પુસ્તકો ય જોઈશે. એ પણ મૂકી દઉં.'

અને એ પછી અનુ કેટલુંય બોલી ગઈ.

'બાપરે, રાયજી, આ છોકરી તો જૂઓ, ચકલીની જેમ એનું ચીં..ચીં.. ચાલુ જ છે.'

'હા, આ ઊભી, જોવી હોય એટલી વાર જોઈ લો.' કહીને જમણો હાથ કમરે ટેકવીને ઠસ્સાથી અનુ એમની સામે ઊભી રહી ગઈ.

રાયજી અને ઉષારાણી બંને હસી પડયાં.

'જોઈ લે, જોઈ લે ઉષા, એનો આ ઠસ્સો જોઈ લે. કાલ ઊઠીને તને આ જોવા મળશે કે કેમ?'

'કેમ, હું વળી કયાં જવાની તે મને જોવા નહીં મળે?'

'કેમ, આવતાંની સાથે તમારે દિવાળીની આગોતરી તૈયારી આદરવાની થશે, પછી તો હર પળ કામમાં એવી ગળાડૂબ અટવાઈશ કે તને શ્વાસ લેવાનો સમય મળે તો ગનીમત.'

'હા મમ્મીજી, આ વખતે તો હું પાણી પર સરસ મઝાની રંગોળી કરીશ.'

'પાણી પર તે રંગોળી હોતી હશે? પાણીમાં રંગ રેલાઈ જાય તો રંગોળી વીખરાઈ ના જાય?' મમ્મીજીને નવાઈ લાગી.

અનુ જવાબ આપે એ પહેલાં જ ઘંટડી વાગી. ટ્રીન...ટ્રીન....

અનુની વાત અધૂરી જ રહી ગઈ. ooo

અમદાવાદથી ટ્રેનમાં જાય તો સફર થોડી લાંબી થઈ જાય એટલે મમ્મી-પાપા પ્લેનમાં દિલ્હી જશે, એ નિર્ણય અનુએ લઈ જ લીધો. ઈશાન તો જાણે ચિઠ્ઠીનો ચાકર હોય એમ કાર્યવાહી કરતો રહ્યો. જોકે, મનોમન તો એ અનુના નિર્ણયથી પોરસાતો.

રાણી અને રાયના સુખરૂપ દિલ્હી પહોંચી ગયાનો ફોન આવી ગયો.

'વાઈફાઈ કે નેટ મળે તો ડેટા વપરાય એની ચિંતા જરાય ના કરતાં. બંનેના ફોનમાં ૫૧૨ જી.બી. ડેટા છે. ફોનની અને ફોટાની રાહ જોઈશ.' અનુએ કહ્યું હતું.

હવે આગળ શરૂ થતી યાત્રામાં રોજેરોજ ફોન પર વાત થશે કે કેમ એ નેટવર્ક પર આધારિત હતું, છતાં અનુનો આગ્રહ હતો એમ અનંતરાય ઢગલાબંધ ફોટા લેતા. રાત્રે રૂમ પર પહોંચીને થાક્યાં હોવા છતાં બંને જણ ફોટા મોકલીને ફોન પર અચૂક વાત કરી લેતાં.

હરિદ્વારથી બરકોટ, યમુનોત્રી, ઉત્તરકાશી, ગંગોત્રી, ગુપ્તકાશી...

'આ..હા..હા... શું અલૌકિક અને અદ્વિતિય ધામ! અનુ, આજ સુધી

હિમાલયની ભવ્યતા, પવિત્રતા વિશે ઘણું વાંચ્યું છે, પણ અહીં આવીને લાગ્યું કે એ તો સાવ ઉપરછલ્લી જાણકારી. હિમાલયની જેમ જેમ નજીક આવીએ અને જે અનુભૂતિ થાય, એ શબ્દોમાં વર્ણવી મુશ્કેલ. ઉષારાણી તો એટલા અભિભૂત છે કે, એ હંમેશ માટે અહીં જ રોકાઈ જાય ને હું એકલો પાછો આવું તો જરાય નવાઈ ના પામતી.'

પપ્પાની વાતો સાંભળીને અનુ ખડખડાટ હસી પડતી.

'મમ્મી ત્યાં રહી જાય અને તમે એકલા પાછા આવો? બાપરે... વાતમાં શું માલ, આવો તોયે તમારો જીવ તો મમ્મીમાં. ક્યારેય એકલા રહ્યા છો કે હવે રહેશો?'

અનંતરાય અનુને દરેક ધામનાં પ્રાકૃતિક સૌંદર્ય, કથા, દંતકથાની વાતો કરતા. અનુને ભારે રસ પડતો.

'જોજો ને પપ્પા, એક વાર તો હું પણ ઈશાન સાથે ચારધામ યાત્રા કરીશ.'

ગૌરીકુંડથી કેદારનાથની યાત્રા આગળ વધી. આસપાસના પર્વતો અને ખીણોના આકર્ષક દ્રશ્યોથી આંખો અંજાતી. આતમા જાણે મોક્ષના દ્વારની નજીક જઈ રહ્યો હોય એમ કેદારમય બનતો.

અહીંથી આગળ ઢોળાવવાળા પહાડી રસ્તા, ખડકાળ પ્રદેશને લીધે રસ્તો થોડો પડકારજનક ને વળી ઝરમર વરસાદ શરૂ થયો. યાત્રીઓ આગળ વધતાં રહ્યાં. વરસાદ પણ વધ્યો. કોઈ ઘોડા પર સવાર તો કોઈ પગપાળાં આગળ વધી રહ્યાં.

'સાચવીને પગ માં...ડજો...બને તો એકબીજાનો હાથ પકડીને ચાલ... જો જરૂર પડે તો પોરો ખાજો... ' જેવી ચેતવણીઓ સતત અપાતી હતી.

ચેતવણીઓથી બધું સુખરૂપ પાર પડે જ એવું હંમેશા ક્યાં બને છે?

ઉષારાણીને ક્યારેય બૂટ પહેરવાની ટેવ નહીં તે આટલા દિવસથી પહેર્યા પછી ડંખતા હોય એવું લાગતાં આજે ચંપલ પહેર્યા. અકસ્માત માટે કોઈ કારણ તો જોઈએ ને?

સામાન ઊંચકવવાવાળા માણસનો હાથ પકડીને, સાચવીને ચાલવા છતાં એક વળાંક પર પગ લપસ્યો. હજુ તો અનંતરાય હાથ લંબાવે એ પહેલાં તો ઉષારાણી લપસણા ઢોળાવ પર સીધા નીચે તરફ...

'અરે, અરે...ની બૂમો, કોઈ તો બચાવો...'ની ચીસો કેદારની ખીણમાં પડઘાઈ રહી. ઉષારાણીને પકડવા ધસી જતા બેબાકળા અનંતરાયને બે જણાંએ મજબૂતીથી પકડી રાખવા પડ્યાં.

પણ, આ શું? નીચે તરફ સરકી રહેલાં ઉષારાણી ખડકમાં ફૂટીને ફાલેલાં વૃક્ષની ડાળીઓ વચ્ચે અટકી પડ્યાં. આશાની પાતળી લકીર દેખાઈ. લાંબુ જાડું દોરડું એમની તરફ સરકાવ્યું. દોરડું પકડવાની મથામણમાં ઉષારાણી આસપાસ ફેલાયેલી મજબૂત ડાળીઓ વચ્ચે વધુ ફસાયાં. હવે તો શરીર આખું એ ડાળીઓ વચ્ચે. જેમ એ નીકળવાં તરફડિયાં મારે એમ વધુ અટવાવાં માંડ્યા. ગળાની આસપાસ વીંટળાયેલી શાખાની ભીંસ વધતી ચાલી. શ્વાસ લેવાનાં ઝાંવા નિષ્ફળ જતાં દેખાયાં.

ચારેકોર ઊઠેલા દેકારાની વચ્ચે અનંતરાયની ચીસો દબાઈ ગઈ અને ઉષારાણીનો દેહ સહેજ હલીને સ્થિર થઈ ગયો.

હવા સ્થિર થઈ ગઈ.

આસપાસના ઢોળાવો, ગાઢ જંગલો, ખડકો, સુંદર લાગતી ખીણોમાંથી અવાજ આવ્યો,

'જોઈ લે, જોઈ લે ઉષા, એનો આ ઠસ્સો જોઈ લે. કાલ ઉઠીને તને આ જોવા મળશે કે કેમ?'

'કેમ હું વળી ક્યાં જવાની તે મને જોવા નહીં મળે?'

'અરે ભાઈ, હર પળ તું એવી તો અઠવાયેલી કે શ્વાસ લેવાનો સમય મળે તો ગનીમત.' સાચે જ ઉષારાણીને શ્વાસ લેવાનોય સમય ન મળ્યો.

ooo

ઉષારાણી વગર પાછા આવેલા અનંતરાય સાવ સૂનમૂન. જાણે ચેતનાવિહિન, આત્માવિહીન દેહનું માળખું.

દિવસનું ચેન, રાતની ઊંઘ ઓસરવા માંડ્યા. માંડ ઉંઘ આવતી તો જાડી ડાળીઓ વચ્ચે ફસાયેલો, શ્વાસ લેવા ઝાંવા મારતો એક ચહેરો દેખાતો. બેબાકળા અનંતરાય ઝબકીને જાગી જતાં.

ઈશાન, અનુની કાળજી કે દવાઓ બધું જ એળે જતું. અનંતરાયનું ડિપ્રેશન હદ બહાર વધતું ચાલ્યું. કલાકો સુધી શૂન્યમનસ્ક દશામાં બેસી રહેતા.

કશું જ યાદ રહેતું નહોતું.

હા, ઉદાસીન પળોમાં એક વાત યાદ આવતી. કેદારનાથ પહોંચ્યાની રાત્રે તેમણે કહ્યું હતું :

'ઉષારાણી તો એટલાં અભિભૂત છે કે, એ હંમેશ માટે અહીં જ રોકાઈ જાય તો ને હું એકલો પાછો આવું તો જરાય નવાઈ ના પામતી.'

જાણે કેદારની ખીણોમાંથી પડઘા ઊઠ્યા. 'હું એકલો પાછો આવું તો નવાઈ ના પામતી.. હું એકલો પાછો આવું તો...'

કોઈ સંકેત હતો એ?

અનંતરાયનો એકલા આવ્યાનો વસવસો અને ઘરમાં એકલા રાખવાનું જોખમ વધતું ચાલ્યું.

શૂન્યમનસ્ક અવસ્થામાં કયારેક બારણું ખોલીને બહાર ચાલ્યા જતા. કલાકેક શોધ્યા પછી ક્યારેય ન ગયા હોય એવી જગ્યાએ બેઠેલા મળતા.

દિવસ ઊગતો, પણ ધક્કો મારીને માંડ પૂરો થતો. ooo

એક ઢળતી સાંજે અનુએ જોયું તો ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો અને અનંતરાયનો રૂમ ખાલી.

આસપાસ, દરેક શક્યતાઓ જોઈ લીધી. સાંજના ઓળા રાતમાં ઓગળવા માંડ્યા. રાત વધુ ઘેરી બનતી ચાલી. બે કલાકના શોધખોળ પછી ઈશાન નજીકના પોલીસ સ્ટેશને અનંતરાયનો ફોટો લઈને પહોંચ્યો.

આખી રાત માથે લીધી. કોઈ પત્તો ના મળ્યો. બીજી સવારે ઈન્સ્પેકટરનો ફોન આવ્યો.

'સવારે બ્રીજ નીચે ઝાડીમાં ફસાયેલો એક દેહ મળ્યો છે. પોસ્ટમોર્ટમ માટે મોકલીએ એ પહેલાં આવી જાવ.'

એ દેહ અનંતરાયનો હતો.

'અબ ઉષારાણી કે હવાલે જીવન સાથિયોં.'

એવું જ કહ્યું હતું ને અનંતરાયે?

'મમ્મી ત્યાં રહી જાય અને તમે એકલા પાછા આવો? બાપરે...વાતમાં શું માલ, આવો તોયે તમારો જીવ તો મમ્મીમાં. ક્યારેય એકલા રહ્યાં છો કે હવે રહેશો?'

અનુ બોલી હતી.

'પાણી પર તે રંગોળી હોતી હશે? પાણીમાં રંગ રેલાઈ જાય તો રંગોળી વીખેરાઈ ના જાય?'

મમ્મીજી પૂછતાં હતાં.

સાચે જ અનુની રંગોળીના રંગો પાણીમાં વીખેરાઈ ગયાં....

-----ooo-----

PLASTIC PLATES AVAILABLE
5 COMP. 7 COMP. 8 COMP. 9 COMP.
VADKI BOWELS AND MUCH MORE...
Tel: 732-983-9286 • 732-404-0096



Anya Thakkar

Senior Loan Advisor

NMLS 1492580

903.990.8886

www.mortgagemuse.com

- Residential loans
- Commercial and Business loans
- Exceptional rates
- 400+ lending partners
- White-glove service you already know and trust

ANYA THAKKAR MORTGAGE MUSE

Anya Thakkar "MORTGAGE MUSE"

HOME WITH LOAN

186131

EQUAL HOUSING LENDER



આઝાદ હિંદના પ્રણેતા નેતાજી

ભાગ-૧

- લે.સંકલન : નારણભાઈ મોદી
ફોન. ૭૩૨-૭૬૬-૨૪૨૦

'ચલો દિલ્હી આપણ યુદ્ધનાદની પૂર્વ ભૂમિકા. 'ઈન્કિલાબ ઝિંદાબાદ તથા 'આઝાદ હિંદ ઝિંદાબાદના' રાષ્ટ્રીય સૂત્રો આપનાર નેતાજી સુભાષચંદ્ર બોઝ હતા. 'જયહિંદ એ આપણી રાષ્ટ્રીય સલામી છે. રેંટિયાના ચિહ્નવાળી ત્રિરંગી પતાકા રાષ્ટ્રીય ધ્વજ છે. ટાગોરનું 'જનગણ અધિનાયક જય હો' આપણું રાષ્ટ્રગીત છે. વિશ્વાસ-એકતા બલિદાન ધ્યેયમંત્રનો સંદેશ આપનાર દેશના લોક લાડીલા નેતાજી સુભાષચંદ્ર હતા. મહાત્મા ગાંધીજીને રાષ્ટ્રપિતાનું બિરૂદ આપનાર સુભાષચંદ્ર બોઝ હતા.





ભારતની મહાન ભૂમિમાં જે મહામાનવો અવતર્યા છે તે સૌનો સમૃધ્ધ અનેરો એક અનોખો ઈતિહાસ છે. એમાં આઝાદીના આશિક નેતાજી સુભાષચંદ્ર બોઝ એક ઐતિહાસિક મહામાનવ તરીકે ઈતિહાસમાં સોનેરી અક્ષરે અમર અંકિત છે 'તુમ મુઝે ખૂન દો મેં તુમ્હે આઝાદી દૂંગા' દેશના વીર નવયુવકોને ભારતની આઝાદી માટે આહવાન કરનાર સુભાષચંદ્ર બોઝનો જન્મ ઓડિશાના કટક નગરમાં ૨૩મી જાન્યુઆરી ૧૮૯૭માં થયો હતો. બાળપણથી તેઓ તેજસ્વી પ્રતિભા સંપન્ન હોવાથી અભ્યાસમાં પ્રારંભથી જ ખૂબ હોશિયાર હોવાથી, પિતાની ઈચ્છા અનુસાર તેઓએ ૧૯૨૦માં આઈ.સી.એસ.ની પરીક્ષામાં ઉત્તમ ગુણ સાથે ઉત્તીર્ણ થયા, તેમની શરૂઆતની ઈચ્છા તો સંન્યાસી થવાની હતી તેઓ પોતાની પાસે જપમાળા અને ગીતાની નકલ રાખતા. ભગવાનનું સતત સ્મરણ કરતા. સ્વામી વિવેકાનંદના વિચારોનો એમના પર ભારે પ્રભાવ હતો. પરંતુ ભાવિનો સંકેત કંઈક જુદો જ હશે એમ યુવાન સુભાષચંદ્રે દેશબંધુ ચિત્તરંજન દાસના નેતૃત્વ નીચે માર્ગદર્શન મેળવ્યું. બંગાળના જાહેરજીવન દ્વારા કોલકત્તાના મેયર પદથી માંડી કોંગ્રેસ પ્રમુખપદ સુધી રાષ્ટ્રીય રાજકારણનું સફળ નેતૃત્વ કર્યું. અને પોતાના ક્રાંતિકારી વિચારોને પરિણામે, ન તેમનામાં નવી ચેતના પ્રગટી, ટૂંક સમયમાં જ નેતાજીનું બિરૂદ પ્રાપ્ત કર્યું. નેતાજી સુભાષચન્દ્રના મનમાં સ્વાતંત્ર સંગ્રામનો જે સંકલ્પ હતો. તે સ્પષ્ટ શબ્દોમાં એમને વ્યકત કર્યો. બલિદાન તથા સંઘર્ષ કેવળ સમજૂતી કે સમાધાન રૂપે, પ્રાપ્ત કરેલ આઝાદી આપણા રાષ્ટ્રીય આત્મસન્માનની વિરૂદ્ધ ગણાશે.' સુભાષચંદ્રના આ વિચારો એ સમયના રાષ્ટ્રીય આગેવાનોમાં ખાસ કરીને મહાત્મા ગાંધીજીને સ્વીકાર્ય નહોતા. અગાઉ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીના નેતૃત્વનો સુર્ય દેશભરમાં તપી રહ્યો હતો, ત્યારે ગાંધીજી પ્રેરિત ઉમેદવારોને હરિપુરા અને ત્રિપુરા એમ બંને કોંગ્રેસ અધિવેશનોમાં પરાજિત કરીને તેઓએ કોંગ્રેસનું પ્રમુખપદ પ્રાપ્ત કર્યું. ગાંધીજીને તેમની પ્રતિભાના દર્શન કરાવ્યા. મુંબઈના મલબાર હિલમાં કોંગ્રેસની વર્કિંગ કમિટીમાં નેતાજી સુભાષચંદ્રજીને ભારે વિવાદનો સામનો કરવો પડયો હતો. તેઓએ વૈચારિક મતભેદ ઊભા થતાં કોંગ્રેસ સાથેના સબંધોથી દૂર થયાં હતા. ભારતની આઝાદી માટે આઠ વાર જેલવાસ ભોગવ્યો હતો. સુભાષચંદ્ર બોઝ વેશપલટો કરીને ૧૬ જાન્યુઆરી ૧૯૪૧માં ભારત છોડી બર્લિન પહોંચી ગયા અને ત્યાં આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી. આઝાદ હિંદ રેડિયોની રચના કરી અને તારીખ ૬ જુલાઈ ૧૯૪૪માં આઝાદ હિંદ રેડિયોના માધ્યમથી ગાંધીજીને 'રાષ્ટ્રપિતા' તરીકે સંબોધન કર્યું. આ સાથે એક પત્ર ગાંધીજીને લખ્યો હતો. પત્રના અંતિમ શબ્દો હતા. 'આપણા રાષ્ટ્રના, હે વંદનીય પિતા હિંદની સ્વાધીનતાના પવિત્ર સંગ્રામમાં અમે આપના આશિર્વાદની શુભેચ્છાઓ ઈચ્છે છીએ. આઝાદ હિંદ ફોજનું કૂચ ગીત આજે પણ સ્મરણાંકિત છે. 'કદમ કદમ બઢાયેજા, ખુશી કે ગીત ગાયેજા,' હિંદની આઝાદી માટે વિશ્વવ્યાપી લોકમત પેદા કરવા સુભાષચંદ્રે બ્રિટન, જર્મની, ઈટાલી, ઓસ્ટ્રિયા, અફઘાનિસ્તાન, જાપાન, સિંગાપુર, રશિયા, ઈન્ડોનેશિયા વગેરે દેશોમાં ભ્રમણ કર્યું, સુભાષચંદ્રે આઝાદ હિંદ સરકારની કામ ચલાઉ રચના કરી. વિશ્વમાં તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝ આરઝી હકૂમત, આઝાદ હિંદના વડા તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. આઝાદ હિંદ સંઘના સરસેનાપતિ બન્યા. આઝાદ હિંદ ફોજની સરકારમાં કેટલીક મહત્ત્વની કામગીરી શાહનવાઝ ખાન અને મણિલાલ દોશી સંભાળતા હતા.




મણિલાલ દોશી તેમના નિકટના સાથીદાર હતા. આઝાદ હિંદ સરકારમાં નાણાકીય વ્યવહાર તેઓ સંભાળતા હતા. સુભાષબાબુએ બેન્કની સ્થાપના કરી. કોઈ પણ દેશમાં બેન્ક વગરની સરકારનું અસ્તિત્વ હોતું નથી. નેતાજીએ નેશનલ બેન્ક ઓફ આઝાદની સ્થાપના કરી. સુભાષબાબુની લોકપ્રિયતા ચરમ સીમા પર હતી. સુભાષચંદ્ર પોતાના વિચારોમાં અને વક્તવ્યોમાં પણ હંમેશાં સ્પષ્ટ અને પ્રભાવશાળી અગ્રેસર હતા. તેઓ માર્કસવાદ કરતાં સમાજવાદને વિશેષ પસંદ કરતાં તેમના માનસ પટ પર સ્વામી વિવેકાનંદની વિચારધારાની ઊંડી અસર હતી. તેમના આદર્શોને પોતાની જીવનશૈલીમાં પથદર્શક બનાવ્યા હતા. એમનું વ્યક્તિત્વ નિરાળું હતું. તેમના મુખરવિંદ પર સદા સ્મિત અને તેજસ્વીતા જોવાં મળતી હતી. રાતના મોડે સુધી કામ કરવું, સમયપાલનમાં નિયમિતતા, આંખોમાં અદ્‌ભુત ચમક જોવાં મળતી હતી. તેઓ કોઈ પણ પહેરવેશમાં દીપી ઊઠતા. સુભાષબાબુ એમના વિચારો, વક્તવ્યો, વલણોમાં નોખી માટીના નોખા માનવના દર્શન થતાં હતા. એમના મૃત્યુનું રહસ્ય પણ એટલું જ વિવાદના વમળમાં ઘેરાયેલું છે. બે-બે તપાસપંચોની રચના છતાં એ પ્રશ્ન હજુ ત્યાંનો ત્યાં જ છે. તેઓ કહેતા, 'આઝાદી આપણું સ્વપ્ન છે. ધનની સમાજમાં સરખી વહેંચણી આવશ્યક છે. તેઓ જાતિભેદના સખ્ત વિરોધી હતા. અન્યાય સામેની તેમણી લડાઈ અંત સુધી રહી. સાંપ્રદાયિકતા ધર્માંધતાના સતત વિરોધી, તેમણે જણાવ્યું કે તેમનું ધ્યેય માત્ર અંગ્રેજોને હાંકી કાઢવા પૂરતું નથી. પણ દેશને નવી દિશા આપવાની છે. એક નવી સમાજ રચના માટે, રાજનૈતિક, આર્થિક વ્યવસ્થા લાગુ કરવા પરિવર્તનકારી ક્રાંતિની આવશ્યકતા છે.





ગુજરાત દર્પણ - શબ્દ ચોરસા - ૨૫૨

- સુરેશ સોઢા - મો. ૭૮૯૦૭ ૧૧૨૧૧



આડી ચાવી : ૧. ખ્રિસ્તી લોકો પ્રાર્થના કરવા માટે દર રવિવારે જાય તે જગ્યા (૩), ૩. સ્ત્રીઓ માથામાં લગાવે તે ફુલોની માળા (૩), ૫. રહેઠાણ, દુર્ગંધ (૨), ૭. તપ કે સાધના કરી ઈશ્વર પાસે માંગવામાં આવે (૨), ૮. જે લોકો કંઈ નથી કરતા તે લોકો કંઈક .... કરતા હોય છે, અજુગતું (૩), ૯. 'કાજુ....' એક મીઠાઈનું નામ (૩), ૧૦. ગુજરાતીઓનો પ્રિય એક નાસ્તો, જે દાંત વગરના પણ ખાય (૩), ૧૧. નૃત્ય, એક જાણીતું ગીત '.....મેરી બુલબુલ તો પૈસા મિલેગા' (૨), ૧૨. ખેતરમાં .....કરવું-વાવણી કરવી તે (૪), ૧૪. .....ઘર એટલે આપણું પેટ. જ્યાંથી બીમારીઓ જન્મે છે (૨), ૧૬. દરિયા કિનારે વસેલું આણંદ જીલ્લાનું એક ઐતિહાસિક ગામ, જ્યાં અકીક પત્થરોનો બિઝનેસ મોટાપાયે થાય છે (૩), ૧૮. શાહરૂકખાનની એક ફિલ્મ-'....ને બનાદી જોડી' (૨), ૨૦. '.....કાંઠા'-ઉત્તર ગુજરાતનો એક જીલ્લો (૩), ૨૨. ગુજરાતી ફિલ્મોની જાણીતી હિરોઈન, જેણે રમેશ મહેતા સાથે જોડીમાં ખુબ કામ કર્યું (૫), ૨૪. એક રમતમાં વપરાતો શબ્દ-'..... પેલે ઘેર ભાણું' (૬), ૨૬. ગળામાંથી જુદા જુદા '.....' કાઢવા એ પણ એક કળા છે (૨), ૨૭. સુવાસ, સુગંધ (૩), ૩૦. એક નાના પ્રકારના બોરને કહેવાય (૪), ૩૨. મંદિરના શિખર પર ફરકતી જોવા મળે (૨), ૩૪. નિશાચર, ચોરી કરે તે (૨), ૩૫. આપણા શરીરનું એક અંગ (૩).

ઊભી ચાવી : ૧. દિવાળી પછી આવતો એક તહેવાર (૫), ૨. પરણવા જતો યુવક-યુવાનને કહેવાય '.....રાજા' (૨), ૩. પાળતું ગાયને બેસવા માટે બનાવેલું સ્થાન (૩), ૪. 'કાજલ'માં જવાબ છે (૨), ૫. ઘણીવાર '....'નું વતેસર થઈ જતું હોય છે (૨), ૬. '.....જોશી'-એક જાણીતા કલાકાર (૩), ૮. પેટની નીચેના ભાગને કહેવાય (૩), ૯. સ્વચ્છ અને સાફસુથરું રાખવા માટે '.....' ટોપલીમાં નાખવો જોઈએ (૩), ૧૦. ભયાનક, બિહામણું (૫), ૧૩. કોઈને યાદગીરી માટે અપાતી ચીજવસ્તુને કહેવાય, ભેટ-સોગાદ,(૫), ૧૫. લગ્ન હોય અને ત્યાં .... ન હોય, તો લગ્નની મજા અધૂરી કહેવાય (૩), ૧૭. એક તેજાનો (૨), ૧૯. કોઈની સામે લવારો કરવો, દિલ કે મનને ઠાલું કરવું તે-'.....કરવો' (૩), ૨૦. એક જાણીતી હિન્દી ફિલ્મ-'રામ.....' (૪), ૨૧. ચારેકોઈ વ્યાપેલું હોય તેવું (૫), ૨૩. જીવનનો .... તો અનુભવી કે વડિલ પાસે જ હોય (૩), ૨૫. એવું કહેવાય કે '..... વગરનો માણસ પશુ સમાન છે' (૩), ૨૭. સૌરાષ્ટ્ર પંથકને પહેલા '.....' તરીકે ઓળખતા (૩), ૨૮. પંચામૃત બનાવવામાં વપરાતી એક ચીજ (૨), ૨૯. અભિનેતા રાજેશખન્નાની એક ફિલ્મ-'....' (૨), ૩૧. જવાબદાર વ્યક્તિ હંમેશા પોતાના શીરે સૌનો .... ઉઠાવતો હોય છે (૨), ૩૩. .....માં જાય તે બધાં જાનેયા.(૨)

ઊભી ચાવી : ૧. ટ્રેડીશનલ(૫), ૨. ટેસ્ટ, ૩. ગોળ, ૪. ગમ, ૫. ગંદા, ૭. તપ, ૮. નકામા, ૯. કાજુ, ૧૦. ગાંઠિયા, ૧૩. ભેટ, ૧૪. ઘરડાઘર, ૧૫. લગ્ન, ૧૭. મરચું, ૧૯. ઠાલવવું, ૨૦. રાજકોટ, ૨૧. રામાયણ, ૨૩. સંસાર, ૨૫. ગણિત, ૨૭. ગંધ, ૨૮. ગોળ, ૨૯. ગમ, ૩૩. ગામ.

(ગણેશ ચોરસા-૨૫૨ નો જવાબ)

નિર્ણય કરતા પહેલાં થોભો !!

- લે. અજ્ઞાત (સાભાર સોશ્યલ મિડીયા)

એક બાળકીના બંને હાથમાં એક-એક સફરજન હતું. એની મમ્મીએ ચહેરા પર સ્મિત સાથે, લાડભર્યા અવાજે બાળકીને પૂછ્યું :

'બેટા, તારી પાસે બે સફરજન છે, એમાંથી એક મમ્મીને આપીશ?'

પેલી બાળકી એની મમ્મીના ચહેરા પર ક્ષણ ભર તાકી રહી અને પછી ફટાફટ એક સફરજનમાંથી એક બટકું ખાઈ લીધું ને પછી બીજા સફરજનમાંથી પણ એક બટકું ખાઈ લીધું.

આ જોઈને એની મમ્મીના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ ગયું. એને વિશ્વાસ નહોતો બેસતો કે એની લાડકી દીકરી એની સાથે આવું વર્તન કરે! આઘાતના માર્યા એ ગુસ્સે થવાની અણી પર હતી ત્યાં જ પેલી બાળકીએ પોતે ખાધેલા પૈકી એક સફરજન એની મમ્મીને આપતાં કહ્યું :

'મમ્મી, લે. આ સફરજન ખા. આ સફરજન વધારે મીઠું છે.'

પોતાની નાનકડી દીકરીની આ સમજણ જોઈને એની મમ્મીનો ગુસ્સો તો પલભરમાં જ ઓગળી ગયો ને એ ભાવવિભોર બની ગઈ.

આમાંથી આપણે સમજવાનું એ છે કે, '' આપણે વડીલ હોઈએ કે ગમે એવા અનુભવી, ખૂબ જ જ્ઞાની હોઈએ કે ગમે એટલા હોંશિયાર. કોઈના વિશે કોઈ નિર્ણય કે ફૅસલો આપતાં પહેલા, એક ક્ષણ થોભી જાઓ! સામી વ્યક્તિને ખુલાસા કરવાની, પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપો.

આપણે જે જોયું, સાંભળ્યું હોય, એવું કદાચ વાસ્તવમાં ન પણ હોય! બીજાની વાતનું તારણ કાઢવા ઉતાવળા થવું જોઈએ નહીં. બીજા શબ્દોમાં કહીએ તો સામેની વ્યક્તિને સ્પષ્ટતા કરવાની તક આપીને વધુ સારી સમજ કેળવવાનું વાતાવરણ સર્જવું જોઈએ.

-----000-----

New GOLD Plates New
9 & 11 Comp. available
GOLD VADKI BOWEL & GOLD SPOON
$175.00 / $185.00
Sets of 100 Plates, Bowls and Spoon
732-983-9286 • 732-404-0096

જીવનમાં કંપની તો જોઈએ જ ને!

- ડૉ. હર્ષદ કામદાર-અમદાવાદ
ફોન : +૯૧-૮૪૬૦૬ ૧૯૯૩૩

'તમારે ત્યાંથી થોડું દહીં મેળવવા મેળવણ મળશે?' સવારના પહોરમાં સાડા નવ વાગ્યે સામેના ફ્લેટવાળા નીલિમાબેન દરવાજે ઊભા હતા.

'હા, હા..કેમ નહીં, હમણાં આપું છું.' કહેતાં પ્રકાશભાઈ અંદર રસોડામાં ગયા. ફ્રીઝમાંથી થોડું મેળવણ કાઢીને ખુશ થતાં આપ્યું. 'બીજું કઈ જોઈએ તો જરૂરથી કહેજો.' પ્રકાશભાઈએ નીલિમાબેનને કહ્યું.

'મેં સવારે નાસ્તામાં બટેકાપૌંઆ બનાવ્યા છે, હમણાં આપી જાઉં છું.' કહેતા નીલિમાબેન પોતાના ઘરેથી લઈને આપી ગયા. બંનેએ સાથે બેસીને ચા નાસ્તો કર્યો.

વિધવા નીલમાબેન પંચાવન વરસના હતા. તેમના પતિ બે વર્ષ પહેલાં જ આકસ્મિક મરણ પામ્યા હતા. સંતાન કંઈ હતું જ નહીં. તેથી એકલાં જ તેમના ફ્લેટમાં રહેતા હતા.

સામે જ રહેતા સાહીઠ વર્ષના પ્રકાશભાઈ બે વર્ષ પહેલાં જ સરકારી નોકરીમાંથી રિટાયર્ડ થયા હતા. વરસ પહેલાં જ તેમના પત્ની પારૂલબેન કોરોનામાં અવસાન પામ્યા હતા. બંને કોરોના પોઝિટિવ આવતા હોસ્પિટલમાં દાખલ થયા હતા. પણ અનાયાસે પારૂલબેનની સ્થિતિ બગડતી ગઈ. બે દિવસ વેન્ટિલેટર પર રાખ્યા, પણ અફસોસ! તે બચી ન શકયા અને પ્રકાશભાઈને છોડીને પરલોક સીધાવી ગયા. તેમનો એકનો એક પુત્ર પ્રસૂન કમ્પ્યૂટર એન્જિનીયર બની બે વરસથી બેંગ્લોરની કંપનીમાં નોકરી કરી રહ્યો હતો.

શરૂઆતમાં તો સગાંવ્હાલાંની હાજરીથી પ્રકાશભાઈને વાંધો ના આવ્યો, પણ ધીમે ધીમે બધાં જ પોતપોતાને ઘરે અને ગામ જતાં બાપ-દીકરો એકલા પડી ગયા. પ્રસૂન પણ પપ્પાને એકલું ના લાગે તેથી રજા લઈને એક મહિનો રહ્યો, પણ પછીથી કંપનીમાંથી જોબ જોઈન કરવાનો મેસેજ અને મોબાઈલ આવવા લાગ્યા. તેને વર્ક ફ્રોમ હોમ માટે બહુ વિનંતી કરી, પણ કંપનીમાંથી તાત્કાલિક બેંગ્લોર આવી જોબ જોઈન કરવાનો ઓર્ડર આવી ગયો. નાછૂટકે તેને બેંગ્લોર જવું જ પડયું અને પ્રકાશભાઈ હવે સાવ એકલા પડી ગયા.

'હું ખોટો મારા પપ્પા પર ગુસ્સે થયો. તેમને પણ તેમની જિંદગી જીવવાનો હક્ક છે.' મારે ફકત મારા સ્વાર્થનું ના વિચારવું જોઈએ. વિચારતાં તેણે પપ્પાને ફોન જોડયો.

પ્રકાશભાઈનો સવારનો સમય ચા નાસ્તો, પેપર વાંચવા અને ન્યૂઝ સાંભળવામાં જતો રહેતો, પણ બપોર પછી સાંજે સાવ એકલા પડી હતાશ થઈ જતાં. નવરંગપુરામાં પાંચમા માળે (ત્રણ બી.એચ.કે.)નો સુંદર ફ્લેટ હતો. પેન્શન સારું હતું, પૈસાની કોઈ કમી ના હતી, પણ એકલાપણાથી કંટાળી તે દરરોજ સાંજે પારૂલબેનને યાદ કરી ગુમસુમ થઈ જતાં.

તેમના સવારના મોર્નિંગવોકના મિત્રો પણ તેને ગમગીન જોઈ ચિંતામાં પડી ગયા.

'શું પ્રકાશ, સાવ આમ નિરાશ થઈને કેમ ચાલે છે?' તેના મિત્ર અનિલે પૂછયું. જોકે તેને કારણની ખબર જ હતી.

'શું કરું યાર, આ એકલાપણાથી કંટાળી ગયો છું, વાત કરવી તો કોની સાથે?' પ્રકાશભાઈએ રડમસ અવાજે કહ્યું.

'તો તું દીકરા પ્રસૂનને પાસે જતો રહે ને.' તેને બીજા મિત્ર ભરતે ઉકેલ બતાવ્યો.

'નવા શહેરમાં પ્રસૂન તો સવારથી રાત સુધી ઓફિસે જ હોય, તેના કરતા અહીં બધું જાણીતું તો ખરું.' પ્રકાશભાઈનો જવાબ સાચો હતો.

'તને એક વાત કહું, ખરાબ ન લગાડતો. તારી સામેવાળા નીલિમાબેન પણ એકલા જ છે અને તમારે બંનેને સારું પણ બને છે, તો પછી ફરી લગ્ન જ કરી લે ને!' અનિલે વ્યવહારું ઉકેલ આપ્યો, બધાંએ વધાવી લીધો.

પ્રકાશભાઈને પણ વાત સાચી લાગી. પણ આ ઉંમરે લગ્નનો વિચાર કરતાં તેમને શરમ આવી. આ ઉંમરે શરીરની જરૂરિયાત કરતાં કંપની અને સાથ અગત્યના છે, તેમ વિચારી તેમણે પ્રસ્તાવ સ્વીકારી લીધો.

બીજા જ દિવસે તેમણે નીલિમાબેનનો હાથ પકડી લગ્નનો પ્રસ્તાવ મૂકયો. નીલિમાબેન પણ એકલા કંટાળીને યોગ્ય વકાદાર સાથી તલસી રહ્યા હતા. તેમણે હા ના કરતાં અંતે સંમતિ આપી દીધી.

પ્રકાશભાઈ વિચારમાં પડી ગયા. પ્રસૂનને આ વાત કહેવી કઈ રીતે? જુવાન દીકરાને ગમશે કે નહીં? ત્યાં જ પ્રસૂનનો ફોન આવ્યો, 'પપ્પા, એક ખુશખબર છે, મને જોબમાં પ્રમોશન મળેલ છે.'

'તને પણ મારે ખુશખબર આપવા છે, મેં લગ્ન કરવાનો નિર્ણય કર્યો છે.' પ્રકાશભાઈએ પણ સામેથી કહ્યું.

'હેં, લગ્ન? કોની સાથે? આ ઉંમરે લગ્ન કરતાં શરમ નથી આવતી?' પ્રસૂન ગુસ્સે થયો.

'બેટા, સામેવાળા નીલિમા આન્ટી સાથે, અમે બંને એકલા હોવાથી સાથે જિંદગી ગુજારવાનો નિર્ણય કરેલ છે.' પ્રકાશભાઈએ ખુલાસાથી વાત કરી.

'મારી લગ્ન કરવાની ઉંમરે તમને આવા વિચારો આવે છે? હું તમારી સાથે વાત નહીં કરું.' હવે પ્રસૂને ગુસ્સે થઈને ફોન કાપી નાખ્યો. પ્રકાશભાઈ નિરાશ થઈ ગયા.

પ્રસૂન ગુસ્સામાં ને ક્રોધમાં હતાશ થઈ ગયો, આ ઉંમરે પપ્પા પણ ખરા છે ને, લગ્ન કરવા વિચારે છે. તે ફ્રેશ થવા અમેરિકા તેના મિત્ર પવનને ઘેર ઉપડી ગયો. ત્યાં સામેવાળા જહોન અંકલ સાથે તેને દોસ્તી થઈ ગઈ.

સિત્તેર વર્ષના જહોન અંકલે ત્રણ લગ્ન કરેલા હોવા છતાં એકલાં હતાં. છ મહિના પહેલાં જ તેમના ડાયવોર્સ થતાં હવે તેને મળવા નવી ગર્લફ્રેન્ડ જુલી આવવાની હતી. પાંસઠ વર્ષની જુલી સાથે જહોન અંકલ બીચ ઉપર ડેટ માટે ગયા, આ સાંભળી પ્રસૂન તાજ્જુબ થઈ ગયો.

બે ત્રણ દિવસ તે વિચારતો જ રહ્યો, અંતે તે જહોન અંકલ પાસે પહોંચી છૂટથી વાતચીત કરતાં જહોન અંકલે સમજાવ્યું, 'બેટા, અહીં અમેરિકામાં તો આવું બધું રૂટિન છે, જો એકબીજાને લાઈફમાં ન ફાવે તો અમે છૂટા પડી જઈએ. અહીં સહુ પોતાને ગમે તે રીતે રહે છે, છોકરાઓ પણ મોટા થતાં પોતાની રીતે જ જીવે. ઉંમર ગમે તે હોય, પણ લાઈફમાં કંપની તો જોઈએ જ ને! અમે તો જીવન છેલ્લે સુધી માણી લેવામાં જ માનીએ છીએ.'

'પણ તમારા છોકરાઓ વિરોધ ના કરે? પ્રસૂનને નવાઈ લાગી.'

'બેટા, અહીં તો કોઈકોઈના અંગત જીવનમાં માથું મારે જ નહીં. મારે પોતાના બે દીકરા અને બે દીકરીઓ છે. તે સહુ પોતપોતાની રીતે જ જીવે છે. સાજે-માંદે એકબીજાને મદદ કરીએ, પણ કોઈની અંગત જીંદગીમાં માથું નહીં મારવાનું, કે સલાહ પણ નહીં આપવાની.' જહોન અંકલે વિગતવાર ખુલાસો કરતાં પ્રસૂન અવાક્ થઈ ગયો.

'હું ખોટો મારા પપ્પા પર ગુસ્સે થયો. તેમને પણ તેમની જિંદગી જીવવાનો હક્ક છે.' મારે ફકત મારા સ્વાર્થનું ના વિચારવું જોઈએ. વિચારતાં તેણે પપ્પાને ફોન જોડયો.

મોડી રાત્રે પ્રસૂનનો ફોન આવતા પ્રકાશભાઈ ખુશ થઈ ગયા. 'સોરી પપ્પા, હું અહીં અમેરિકામાં છું, મારી ભૂલ થઈ ગઈ. તમે લગ્નની તારીખ નક્કી કરો, હું આવતા વીકમાં ઈન્ડિયા આવું છું.' પ્રસૂનને પોતાની ભૂલ સમજાતાં માફી માંગતા ખુલાસો કર્યો.

અચાનક દીકરાનું હૃદય પરિવર્તન અને માફી સાંભળી પ્રકાશભાઈની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગી.

બીજા અઠવાડિયે પ્રસૂને ધામધૂમથી પપ્પાના લગ્ન નીલિમા આન્ટી સાથે કરાવ્યા. અમેરિકાની આ વિચારધારા દરેકને પોતાની રીતે જીવવાનો હક્ક છે. હવે ભારતમાં પણ સર્વમાન્ય બની રહે છે. જીવનસાથી ગુમાવનાર પુરૂષ કે સ્ત્રી પોતાને ગમે તો નવો જીવનસાથી પસંદ કરી આનંદથી બાકીનું જીવન જીવે તો ખોટું શું છે? તમારું શું કહેવું છે??

જગતમાં અજોડ છે ભારતીય સંસ્કૃતિ

- ચે. વિનોદ એ. પાનલિયા
ફોન : ૯૪૨૭૨ ૨૧૧૪૬


ભારતીય સંસ્કૃતિ જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાંની એક છે. અને તે એક માત્ર જીવંત રહેલી સંસ્કૃતિ છે. જગતના ખોળે ઉછરેલી-પાંગરેલી અને વિકસેલી પ્રાચીન માનવ સંસ્કૃતિઓ ચાર છે. જેમાં (૧) નાઈલ નદીના તટે વિકસેલી મિસરની સંસ્કૃતિ, (૨) યુફ્રેટિસ-તાઈગ્રીસ નદીઓના તટે વિકસેલી મિસો-પોટેમિયાની સંસ્કૃતિ (૩) ગંગા-યમુના (સપ્ત સિંધુના) પ્રદેશમાં વિકસેલી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને (૪) હોઆંગ-હો નદીના તટે વિકસેલી ચીનની સંસ્કૃતિ. આ ચાર સંસ્કૃતિઓમાંની એક ભારતીય સંસ્કૃતિ સિવાયની ત્રણેય સંસ્કૃતિઓ કાળના પ્રવાહમાં નામશેષ બની ગઈ છે. અર્થાત એ સંસ્કૃતિઓની મૂળભૂત નક્કર ભાવનાઓ કે વિચારો અનુસરતું જનજીવન લગભગ લુપ્ત થયેલું છે. જ્યારે ભારતીય સંસ્કૃતિ આજ દિન સુધી ટકી રહેલી છે. વર્તમાન સમયમાં પણ આ પ્રાચીન સંસ્કૃતિના તત્વો ભારતીય પ્રજાના જીવનમાં-વ્યવહારમાં જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિની જે મૂળભૂત વિચારધારાઓ હતી તેનું દર્શન આજે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે ભારતના પ્રજાજીવનમાં જોવા મળે છે. દા.ત. જીવનમાં ધન-દોલત જેવી ભૌતિક સંપત્તિ જ નહિ, પણ પરમ તત્વની પ્રાપ્તિ કે પ્રભુપ્રાપ્તિ એ જ માનવજીવનનું પરમ લક્ષ્ય છે એવી ભાવના આજે પણ ભારત દેશમાં જોવા મળે છે. આત્મસાક્ષાત્કાર કે પરમ તત્વની પ્રાપ્તિ માટે તપ, જપ, ત્યાગ, ધ્યાન વગેરે માર્ગોનો ઉપયોગ આજે પણ શ્રધ્ધેય મનાય છે. ભારતીય સંસ્કૃતિના આ મૂલ્યોને જીવનમાં ઉતારનારા અવતારી પુરૂષો સાધુ-સંતો તથા મહામાનવો આ દેશની ભૂમિ પર જન્મતા રહ્યા છે. રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને શ્રી અરવિંદ જેવા મહાયોગી ઋષિઓ ભારત દેશને મળ્યા છે, જેમણે પ્રાચીન વૈદિક સંસ્કૃતિનું સાતત્ય સિધ્ધ કર્યુ છે. આજે પણ ભારતમાં અનેક તેજસ્વી યુવાનો પોતાની શૈક્ષણિક લાયકાત કે ભૌતિક કારકીર્દિનો અને સાંસારિક સુખોનો ત્યાગ કરીને હિમાલયમાં કે અન્ય સ્થળે જઈને નિસ્પૃહી તપસ્વી કે યોગીનું કઠોર જીવન જીવતા જોવા મળે છે. કારણ કે ભૌતિક સુખ-સમૃધ્ધિની પ્રાપ્તિમાં જ જીવનની સાર્થકતા નથી, પણ આથી વિશેષ પણ પ્રાપ્ત થઈ શકે છે, તેનાથી જીવન સાર્થક છે. આવું પણ ભારતીય સંસ્કૃતિમાં દ્રઢપણે માનવામાં આવે છે. પશ્ચિમના અમેરિકા કે યુરોપના કોઈ વિકાસશીલ કે પ્રગતિશીલ રાષ્ટ્રમાં કોઈ ઉજ્જવળ શૈક્ષણિક લાયકાત ધરાવતા યુવાનો આ રીતે પોતાના ભૌતિક સુખનો ત્યાગ કરીને ઋષિ કે મુનિ જેવું નિસ્પૃહ જીવન જીવે એવી કલ્પના ભાગ્યે જ થઈ શકે. આત્માની અમરતા, પુનર્જન્મમાં અને કર્મના સિધ્ધાંતમાં આજે પણ ભારત દેશની પ્રજા પૂર્ણવિશ્વાસ ધરાવે છે, શ્રધ્ધા ધરાવે છે. આવા તો અનેક તત્વો છે જે ભારત પ્રજાના જીવન વ્યવહારમાં, તેમની જીવન ભાવનાઓમાં પ્રતિબિંબ થતા જોવા મળે છે. ભારતની પ્રજાજનોની સંયુકત કુટુંબપ્રથા અને પરસ્પર પારિવારિક લાગણીભર્યા દ્રઢ કૌટુંબિક સંબંધો પણ આપણી પ્રાચીન પરંપરાનું પરિણામ છે. જે આપણને ભારતીય સમાજજીવનમાં જોવા મળે છે, વારંવાર તેની પ્રતિતી પણ થતી જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિએ અનેક આક્રમણો, આઘાત-પ્રત્યાઘાતનો સામનો કર્યો છે. આર્યોના સમયથી લઈને અંગ્રેજોના શાસનકાળ સુધી આ સંસ્કૃતિ અનેક પડકારોનો સામનો કરીને પણ તે સ્વસ્થ બનીને પોતાના મૂળભૂત પાયાના વિચારોનું જતન કરી શકી છે. મુસ્લિમ શાસકો ધનદોલત અને ધર્મપ્રચારના હેતુથી અત્યંત આક્રમક બનીને આવ્યા. અનેક ધર્મ સ્થાનોનો નાશ કર્યો અને શાસન કર્યુ. પારસીઓ આરબોના ત્રાસથી વતન છોડીને ભારતમાં આવ્યા અને દૂધમાં સાકરની જેમ ભળી ગયા. યુરોપીય પ્રજા વેપાર અર્થે ભારતમાં પગ મુકીને પોતાની હકૂમત સ્થાપી. આમ અંગ્રેજોએ પણ લાંબા ગાળા સુધી શાસન કર્યુ. અલબત્ત આ બધી વિધર્મી પ્રજાઓને પણ અહીં પોતપોતાનો ધર્મ પાળવાની અનુકૂળતા મળી, કારણ કે ધર્મ સહિષ્ણુતા અને સર્વ ધર્મ સમભાવ એ ભારતીય સંસ્કૃતિનું મહત્વનું લક્ષણ છે. ભારતની પ્રજાને પોતાની આધ્યાત્મિક વિચારધારામાં શ્રધ્ધા હોવા છતાં પોતાની ધાર્મિક માન્યતાઓને બીજા ઉપર ઠોકી બેસાડવાનો દુરાગ્રહ કદી રાખ્યો નથી. પરિણામે આજે પારસીઓનો જરથોસ્તી ધર્મ તેમના મૂળ વતન એવા ઈરાનમાં સંપૂર્ણ લુપ્ત થઈ ગયો હોવા છતાં તે ભારતમાં આશ્રિત બનીને આવેલી આ કોમ અહીં પોતાના ધર્મનું શાંતિથી જતન કરી રહી છે. ભારતીય પ્રજા માનસના ધાર્મિક ઔદાર્યનો આથી વધુ સબળ પુરાવો બીજો કયો હોઈ શકે? ઉપરાંત ભારતીય સંસ્કૃતિએ અન્ય પ્રજાની સંસ્કૃતિના સારા તત્વોને સ્વીકારી અંગીકાર કરવા માટેના દ્વાર હંમેશા ખુલ્લા રાખ્યા છે. પરિણામે બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મની વિચારધારાઓ અહીં જ પાંગરી અને વિસ્તારીત થઈ શકી. ઉપરાંત હિન્દુ ધર્મે એક જ વ્યક્તિને ઈશ્વરના અવતાર તરીકે સ્વીકાર્ય કરેલ નથી. પોતાના શ્રધ્ધેય દેવ સિવાયના દેવને માનનારને માટે તેણે કયારેય પોતાના દ્વાર બંધ કર્યા નથી, એટલું જ નહિ તેમાંના વિચારોનો પણ સમન્વય કર્યો છે. દા.ત. હિન્દુ ધર્મ બુધ્ધને વિષ્ણુના અવતાર તરીકે ગણ્યા છે, અને બ્રાહ્મણોએ ઋષભદેવને પણ અવતારી પુરૂષોમાં સ્થાન આપ્યું છે-એટલું જ નહીં, હિન્દુ-મુસ્લિમ એકતાના હિમાયતી એવા સંત કબીર અને અન્ય સુફી સંતોને પણ એકે અવાજે આવકાર્યા છે. આમ આક્રમણો, વૈચારિક ક્રાંતિઓ, સત્તાધારીઓ, સત્તા પલટાઓનાં આઘાત-પ્રત્યાઘાતો સહન કરીને પણ ભારતની પ્રજાએ પોતાના ભવ્ય અને ગૌરવપૂર્ણ ભૂતકાળનો તંતુ વર્તમાનકાળમાં જીવંત રાખ્યો છે.

આ રીતે સમન્વયનું અદ્‌ભુત ઉદાહરણ સમગ્ર જગત સમક્ષ અડીખમ ઊભું રાખીને ભારતી સંસ્કૃતિની ઈમારત આજપર્યંત પોતાની નક્કર અને સ્પષ્ટ વિચારધારાના મજબુત પાયા પર ટકી રહી છે. ભારતીય સંસ્કૃતિ એ માત્ર ભારતની જ નહિ, પણ વિશ્વની એક પ્રાચીન, ભવ્ય અને ઉજ્જવળ પરંપરા છે. એમાં રહેલા દર્શન-ચિંતનમાં ચિરંજીવ તત્વો વિશ્વભરની પ્રજાને પથદર્શક બની શકે એમ છે.

-----ooo-----





હાસ્ય દર્પણ

માસીને ઘો ફાંસી

- શૈલેશ ત્રિવેદી
(732)766-3905

અને એક મોટી ફ્રેમને દિવાલ પર ઊંધી ટીંગાળી માસી અને ટીનીયો ઊભા હતા.

'ટીનીયા?'

'બોલો માસીથ

'આ ફોટો ફ્રેમમાં તારા સવાલનો જવાબ છે.'

'પણ માસી, ફ્રેમ તમે ઊંધી રાખી છે. જવાબ કેવી રીતે વંચાય.'

ટીનીયા સાથે માસીની વાત ચાલતી હતી ત્યાં તો બુધાલાલ, ગબુ, મધુબેન, વગેરે.. પાછળ આવી ઊભા થઈ ગયા. ટીનીયાના સવાલ પર બુધાલાલ બગડયા.

'માસી આ ટીનીયાના કોઈ સવાલના જવાબ ના આપશો.'

'લ્યા બુધાલાલ, આ વખત તો ટીનીયાનો સવાલ ખરેખર બધા માટે છે.'

'એવો કેવો સવાલ? બધા માટે?' માથું ખંજવાળતા ગબુ બોલ્યો.

'તો તમે એના સવાલનો જવાબ આપો.'

'માસી સવાલ તો કરો?' મધુબેન આગળ આવ્યા.

'હં..તો...સવાલ છે...હું અહીં કેમ આયો?'

'માસી હું તો શનીવારની ચ્હા પીવા અહીં આવ્યો.'

'બુધીયા, તારી બુધ્ધી ઘાસ ખાવા ગઈ છે?'

'માસી બુધ્ધી તો ઘોડો છે કે ઘાસ ખાવા જાય?'

માસીએ માથું પછાડયું.

'મારે તને ઘોડો સમજવો કે ગધેડો? લ્યા..સવાલ એવો છે કે તું, આ, આ, આપણે બધા જનમ લઈ આ દુનીયામાં કેમ આવ્યા?'

'આ દુનીયામાં હું કેમ....' આટલું બોલી બુધાલાલ આજૂબાજૂ જોવા લાગ્યા.

'શું થયું લ્યા?' ગબુએ પૂછયું.

'મારી ઘરવાળી આજૂબાજૂમાં નથીને?'

'ના, ભાભી નથી આવ્યા.'

'હાં... તો હું હવે કહું... હું આ દુનીયામાં આ મારી ઘરવાળી સાથે દરરોજ લમણાં લેવા આવ્યો.'

બધાંને મઝા પડી એટલે મધુબેન બોલ્યા.

'હું તો... હું તો... ખાઈ પીને લેર કરવા આવી.'

ત્યાંતો ગબુ બોલ્યો.

'માસી હું તો કારણ વગરના ઈન્સ્યોરન્સના બીલો ભરવા આવ્યો.'

મધુની વાત સાંભળી માથે સફેદ ટોપી પહેરી આવેલા બબલદાસ ઊભા થયા.

'હું તો નેતા થવા આવ્યો. એના જેવી મલાઈ કોઈ ધંધામાં નહીં. ત્રણ વખતથી ચૂંટણીમાં ઊભો રહું છું, કંઈ ગોઠવાતું નથી.'

'તે લ્યા તને વોટ કેટલા મળે છે?' માસી બોલ્યા.

'માસી... જવાદો ને.. પહેલી વખતે મને બે વોટ મળેલા. મારો ને મારી ઘરવાળીનો....'

'ને બીજી વખત?'

'માસી બીજી વખતે ઘરવાળીએ પણ દગો દીધો એટલે એક વોટ મળ્યો.'

'અને આ વખતે?'

'આ વખતે તો એક પણ વોટ નહીં.'

'કેમ તારો વોટ?'

'માસી... અમે બે જણ ઊભેલા..બંનેએ નક્કી કર્યું કે એક બીજાને વોટ આપીશું. મેં એને આપ્યો પણ એ પાક્કો નેતા નીકળ્યો. એણે મને વોટ ના આપ્યો.'

'અહીં કેમ આયો'-કવિતા

મેં એકવાર મને પૂછયું-હું અહીં કેમ આયો
જવાબ જાણવા નોટબુક એક આવી
જેના ૩૬૫ પાનાં
દરેક પાનમાં પાછા ૨૪ પાનાં
૨૪ પાનનાં દરેક પાનમાં પાછા ૬૦ પાનાં
૬૦ પાનનાં દરેક પાનમાં બીજા ૬૦ પાનાં
આટલા બધા પાના એમાં આટલા બધા ખાના
અનેક રંગો અને લાગણીઓથી ભરપૂર
ખબર પડી ગઈ જરાક વારમાં
હું તો ભાઈ
આ બધા ખાના ભરવા આવ્યો
એવી રીતે જાણે
મેઘધનુષ્ય.
- શૈલેષ ત્રિવેદી

બબલદાસની વાત પર બધા હસ્યા પણ પછી ચૂપ થઈ ટીનીયા સામે જોવા લાગ્યા. ટીનીયો ગભરાયો.

'માસી... આ બધા મારી સામે જૂએ છે. મારા સવાલનો એમને જવાબ આપોને....!'

'સારું ટીનીયા... બધા એક કામ કરો. કાલે રવિવારે... તમે બધા તમારા ઘરમાં જે કંઈ રસોઈ બનાવી હોય તે લઈને આવજો. જવાબ મળી જશે.'

'માસી? રસોઈમાં જવાબ?.. બધા આમ વિચારતા વિચારતા છૂટા પડયા. ટીનીયાએ ફરી પેલી ઊંધી ફ્રેમ જોવા પ્રયત્ન કર્યો, પણ માસીએ કાલ સુધી રાહ જોવાનું કહ્યું... અને પછી કાલની આજ થઈ...રવિવાર...બપોરે...આખું પર્વતશિખર એપાર્ટમેન્ટ માસીના ઘરમાં ભેગું થયું.'

માસીએ બુધાલાલ અને એની ઘરવાળાને આગળ બોલાવ્યા.

'સેવ ટામેટાનું શાક... પણ ટામેટા થોડા ખાટા નીકળ્યા. માસી.'

'હં...તો એમાં થોડો ગોળ નાખીએ તો?' માસી બોલ્યા.

'માસી શાક થઈ ગયું. હા માસી મેં એમજ કર્યું.' બુધાલાલની ઘરવાળી બોલી.

'અરે, મધુબેન તમે શું બનાવ્યું છે?'

'મેં તો રોટલા ને આ રીંગણાનું ભરથું...!'

'વાહ મધુબેન... અહીં સુધી સુગંધ આવે છે.'

'કેમ લ્યા આજે...પહેલા થોડું ફીકકું લાગતું હતું. પછી મેં લસણનો તડકો માર્યો ને... મઝા પડી ગઈ.'

'અને ગબુ તારે ત્યાં?'

'સુવાની ભાજી... પણ....'

'પણ શું?'

'માસી હું ચાખવા ગયો તો મારો એક દાંત તૂટી ગયો. મારાથી ભાજી બરોબર ધોવાઈ નહીં ને એટલે અંદર માટી ને કંકર રહી ગયેલા.'

માસી દરેક રસોઈની રીત, વિવિધતા ને કાળજી વિષે પૂછતા હતા. ટીનીયો ગુંચવાતો હતો.

'બબલદાસ... તમારે ત્યાં શું બન્યું?'

'માસી હું ચૂંટણીમાં હાર્યો એટલે ઘરવાળીએ શીરો બનાવ્યો પણ બરોબર શેકયો નહીં....'

'હા...દેખાય છે. શીરો રેતી જેવો છુટ્ટો છે. ઘી બરોબર નાખ્યું નથી ને, બરોબર શેકાયો પણ નથી...તમારા રાજકારણ જેવો....'

પાછું હાસ્યનું મોજું ફરી વળ્યું. વચ્ચેથી ટીનીયાએ બૂમ પાડી.

'તમે બધા ખાવાની વાતો કર્યા કરશો કે મારા સવાલનો જવાબ આપશો?'

'ટીનીયા શાંતી...'

'માસી કેટલી શાંતી...?'

'એક જ મીનીટ... તારા સવાલનો જવાબ આજ લોકોની રસોઈએ આપ્યો. પણ તમે સમજી ના શકયા. જેમ રસોઈમાં શાક-દાળ વગેરેમાં મીઠા મરચાનું પ્રમાણ, કાચા-પાકાની સમજ, કેટલું શેકવું, કેટલું ઉકાળવું, કેટલા તાપે બનાવવું... આવી અસંખ્ય વાતોનું જો સમતોલપણું થાય તો જ રસોઈ સારી બને. એમ ભગવાને આપણને અહીં મોકલ્યા છે સારું કરવા.. અને સારું કેટલું? દર સેકન્ડે સેકન્ડે એવું જીવવું જાણે જીવનના બધા રંગો અને ગુણોનું મેઘધનુષ્ય અને એની જ વાત આ કવિતામાં.....' એમ કહી માસીએ ઊંધી ફ્રેમ છતી કરી અને બધાંએ જીવન ની કવિતા જાણી.. માણી... વખાણી..!

-----ooo-----

(ગતાંક લેખ : ૪૬)

Indian Taxation

વાચકો તરફથી આવેલા પ્રશ્નો અને તેના જવાબો

કમાંક-૧૦

- અમીષ શાહ (C.A.)
+91 92274 45501
amish@sarcmail.in

અમારી પ્રશ્ન-જવાબ શ્રેણીમાં આગળ વધતા, ગયા અંકમાં, અમે NRI ના કિસ્સામાં ચર્ચા કરી હતી, એવા વ્યવહારો કે જેના માટે PAN ફરજિયાત છે, જેના વિના ભારતમાં કોઈ વ્યવહારો થઈ શકતા નથી. જો PAN ન આપવામાં આવે એટલે કે પાલન ન કરવાના કિસ્સામાં NRIને શું પરિણામોનો સામનો કરવો પડે. હવે આ લેખમાં આપણે આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૮૫ BA મુજબ રિપોર્ટ કરાયેલા વ્યવહારોની યાદી વિશે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ.

સ્ટેટમેન્ટ ઓફ ફાઈનાનિશ્યલ ટ્રાન્ઝેકશન (SFT)એ આવકવેરા કાયદા, ૧૯૬૧ની કલમ 285 BA હેઠળ બનાવેલી એવી રિપોર્ટિંગ મિકેનિઝમ છે જે ઉચ્ચ-મૂલ્યના વ્યવહારોને ટ્રેક કરવામાં અને કરચોરીને રોકવામાં મદદ કરે છે. જો આમાંથી કોઈપણ વ્યવહાર NRI દ્વારા કરવામાં આવ્યો હોય તો રિપોર્ટિંગ એન્ટિટી ભારતમાં તેમના PAN સામે આવકવેરા વિભાગને તેની જાણ કરશે.

આવકવેરા કાયદાની કલમ 285 BA (ને નિયમ ૧૧૪E સાથે વાંચતા) હેઠળ, ચોકકસ ઉચ્ચ-મૂલ્યવાળા 'નિર્દિષ્ટ નાણાકીય વ્યવહારો' (SFTs) ફોર્મ 61A માં આવકવેરા વિભાગને જાણ કરવા આવશ્યક છે. રિપોર્ટ કરી શકાય તેવા SFTs, તેમના પ્રારંભિક મર્યાદા (Threshould) અને કઈ એન્ટિટીઓએ તેવા વ્યવહારોની જાણ કરવી જોઈએ તેની સંક્ષિપ્ત અને અપડેટ સૂચિ નીચે મુજબ છે :

ક્રમ નં.	વ્યવહારની યાદી	પ્રારંભિક (Threshould)	મૂલ્યરિપોર્ટ કરનાર
૧.	ચાલુ ખાતાઓમાં રોકડ જમા અથવા ઉપાડ (બેરર ચેક દ્વારા સહિત)	૫૦ લાખ કે તેથી વધુ (એક નાણાકીય વર્ષમાં કુલ)	બેંકો/સહકારી બેંકો
૨.	ચાલુ અથવા સમય-થાપણ (Time Deposit) ખાતા સિવાયના ખાતા ઓમાં રોકડ થાપણો	એક વર્ષમાં રૂા.૧૦ લાખ કે તેથી વધુ	બેંકો, સહકારી બેંકો, પોસ્ટ ઓફિસ, પો.માસ્ટર જનરલ
3.	ડિબેન્ચર અથવા બોન્ડ ખરીદવાની રસીદ	એક વર્ષમાં રૂા.૧૦ લાખ કે તેથી વધુ	બોન્ડ અથવા ડિબે. જારી કરનાર કંપની/ સંસ્થા
૪.	શેર ખરીદવા/ઈસ્યૂ કરવા માટેની રસીદ	એક વર્ષમાં રૂા.૧૦ લાખ કે તેથી વધુ	શેર જારી કરતી કંપની
૫.	શેર પાછા ખરીદવા (Buy Back of shares) (ખુલ્લા બજારમાં નહીં)	એક વર્ષમાં રૂા. ૧૦ લાખ કે તેથી વધુ	લિસ્ટેડ કંપની જે બાયબેક કરી રહી છે
૬.	મ્યુચ્યુઅલ ફંડ યુનિટસની ખરીદી	એક વર્ષમાં રૂા. ૧૦ લાખ કે તેથી વધુ	મ્યુચ્યુઅલ ફંડ કંપની
૭.	સ્થાવર મિલકતની ખરીદી/વેચાણ	૩૦ લાખ રૂા. કે તેથી વધુ અથવા મિલકતની કિંમત (સ્ટેમ્પ મૂલ્યાંકન મુજબ) ૩૦ લાખ રૂા. કે તેથી વધુ	રજિસ્ટ્રાર/સબ રજિસ્ટ્રાર દ્વારા નોંધણી અધિનિયમ હેઠળ
૮.	ડિવિડન્ડ આવક	વિતરિત 'બધા' ડિવિડન્ડ	
૯.	લિસ્ટેડ સિકયોરિટીઝ/ મ્યુચ્યુઅલ ફંડ યુનિટસ ના ટ્રાન્સફરથી મૂડી લાભ	ની જાણ કરવી આવશ્યક છે-કોઈ ન્યૂનતમ મર્યાદા નથી.	
૧૦.	વ્યાજની આવક	કોઈ થ્રેશોલ્ડ નથી-૦ રૂા. થી વધુ વ્યાજની જાણ કરવી આવશ્યક છે (જન ધન ખાતાઓ સિવાય)	બેંકો, NBFC, સહકારી બેંકો, પોસ્ટ ઓફિસ (પોસ્ટ-માસ્ટર જનરલ)

આ લેખમાં, અમે રિપોર્ટિંગ એન્ટિટી દ્વારા રિપોર્ટ કરી શકાય તેવા વ્યવહારોની યાદી આપી છે. આગામી લેખમાં આપણે ચર્ચા કરીશું કે જો એનઆરઆઈનો કેસ સ્કુટિની એસેસમેન્ટ (Scrutiny Assessment) માટે પસંદ કરવામાં આવે તો નોટિસનો સામનો કેવી રીતે કરવો.

વાચકોને વિનંતી છે કે તેઓ આવકવેરા બાબતોના પ્રશ્નો amish@sarcmail.in તેમજ gujaratdarpan@gmail.com પર મોકલે. ઉપરાંત, તમને બધાંને જણાવવા માંગુ છું કે, અમે અમારી આણંદ ઓફિસમાંથી અમારી ફર્મ : ACCURE SOLUTIONS દ્વારા અમારી આણંદ ઓફિસમાંથી BOOK KEEPING સેવાઓ અને અમારી NJ ઓફિસમાંથી અમારા TAX PRO EDGE LLC દ્વારા PAYROLL સેવાઓ શરૂ કરી છે.

-----000-----

ACCURE SOLUTIONS

704-303-9784
806-544-5608
INFO.ACCURESOLUTIONS.CO.IN
WWW.ACCURESOLUTIONS.CO.IN

IS YOUR BOOKKEEPING BEHIND? IT'S HIGH TIME TO FINALIZE YOUR BOOKS!

DON'T LET PENDING ACCOUNTING WORK HOLD YOU BACK! WE PROVIDE OVERNIGHT SOLUTIONS TO GET YOUR BOOKS IN ORDER, ENSURING YOU'RE READY TO FILE YOUR TAX RETURNS ON TIME.

SERVICES
> ACCOUNTING SERVICES
> BOOKKEEPING SERVICES
> PAYROLL SERVICES
> TAX RETURNS

INTRODUCTORY RATES
BOOKKEEPING STARTING @ $499 ANNUAL
TAX RETURNS STARTING @ $99
FIRST YEAR OFFER

NEW JERSEY, TEXAS, GEORGIA, CHICAGO




Brain Corner - No. 39 મગજ કસો

– સુરેશ સોઢા (અમદાવાદ)
મો. +91-79907 11211

આ સાથે નીચેના (૯) ચોરસના સમૂહમાં ૧ થી ૯ ના અંકો એવી રીતે ગુકો કે દરેક વર્તુળની આજુબાજુના ૪ ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલ અંક જેટલો જ થાય.

યાદ રાખો કે દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વાર કરવાનો છે. તમારી સવલત માટે કેટલાક અંકો ચોરસમાં આપેલા છે.



ભેજાબાજ : નીચેના ખાનાઓમાંથી ૧૦ શાકભાજીના નામ શોધી કાઢો.

વ	પાં	આ	લુ	૫	લી	ઠા	પાં	રો	બ	ટા	કા
કા	ભ	દુ	ધી	રીં	લી	ર	૫	ગ	વા	ર	ઈ
દા	રે	સે	વ	ગ	ડું	ળ	દુ	ર	ટીં	ડો	ળા
મ	સા	લા	ઢોં	ણ	ગ	પા	વ	પા	વ	જી	લી
કુ	લા	વ	ર	વ	ળી	જી	ગ	લ	કુ	ર	ળા

ભેજાબાજ – જવાબ
૧૦ વાનગીના નામ

૧ ઢોકળાં ૬
૨ ખમણ ૩
૩ ફાફડા ૪
૪ ખાંડવી ૯
૫ ઊંધિયું ૧
૬ પાતરાં ૫
૭ ગાંઠિયા ૭
૮ ચોળાફળી ૮
૯ પાપડી ૨
૧૦ ભાખરવડી ૦

છોટા સુડોકુ જવાબ : ૩૯

11	12	13
52	56	
14	15	16
	66	66
19	18	17

સુડોકુ : ૧૬૩

સ્વરચિતા:
શ્રીમતી મંજુલાબેન હરિવદન કાપડિયા

	૯		૩					૮
				૧				૨
	૫			૮		૪		
	૪		૮			૯		
		૫	૧		૭	૮		
૮		૭	૯				૧	
		૪		૩			૬	
૬				૯				
૨					૧		૪	

- સુડોકુની રમત આંકડાની રમત છે. એમાં આડી અને ઊભી હરોળમાં નવ નવ ખાનાં મળી કુલ ૮૧ ખાનાંઓ છે.
- આ ૮૧ ખાનાંઓ ૩ આડા અને ૩ ઊભા એવા નવ ખાનાંના નવ ચોકઠાંમાં વહેંચાયેલા છે.
- આ દરેક ચોકઠાંમાં ૧ થી ૯ સુધીનો આંકડો આવવો જોઈએ.
- એક આંકડો એક જ વાર આવવો જોઈએ અને ૧ થી ૯ સુધીનો કોઈ આંકડો રહી જવો જોઈએ નહિ.

૬	૪	૯	૬	૮	૬	૭	૭	૯
૬	૭	૯	૪	૭	૬	૯	૮	૬
૭	૬	૮	૭	૯	૯	૪	૬	૬
૯	૬	૬	૬	૪	૭	૮	૯	૭
૪	૯	૭	૮	૬	૬	૬	૯	૭
૮	૬	૭	૯	૯	૭	૬	૪	૬
૬	૭	૪	૯	૭	૮	૬	૬	૯
૯	૯	૪	૯	૭	૮	૬	૬	૯
૭	૮	૬	૬	૬	૯	૯	૭	૪



Exquisite Craftsmanship.

Iconic Designs.

Crafted for You.

2809 Preston Road, Suite No 1200 Frisco, Texas 75034

2335 Post Oak Blvd Houston, Near Galleria Mall, Texas 77056.



Showroom in Dallas
300 South Central Expressway,
Richardson, TX - 75080
(972) 234-4655

Coming soon
to Frisco
8820 John Hickman Pkwy
Frisco TX 75034

MALANIJEWELERS.COM